


આત્મશક્તિનો ઉદય.

મેસર્સ મેઘજી હીરજીની કંપની.

પાયધુની નં. ૫૬૦ મુંબઇ.



પૂજ્યપાદ પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી. શ્રી. શ્રી ૧૦૦૮.
ચારિત્રવિજયજી.

આત્મશક્તિનો ઉદય.

એ વિષય ઉપર પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી
શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ચારિત્રવિજયજી મહારાજે
આપેલાં ભાષણોનો સંગ્રહ.

આ લઘુ પુસ્તક શ્રી પોરબંદરના રહીશ ભણુસાલી
રામચંદ ગંગાધર પુરૂષોત્તમના સ્મરણાર્થે તેમની
માતુઃશ્રી બાઈ ગંગાબાઇની મદદથી
છપાવી પ્રસિદ્ધ કરનાર,

મેઘજી હીરજી,

બુકસેલર એન્ડ પબ્લીશર.

પાયધુની-મુંબાઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત રૂ. ૦-૩-૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

ઉપોદ્ઘાત.

તેજોમય સૂર્યબિમ્બને નિહાળવાને માટે સામાન્ય દીપકના પ્રકાશની જરૂર છે એમ કોણ કહી શકશે ? પરંતુ સૂર્યમાં જે આંખોને આંજી નાંખે એવો ઉગ્ર પ્રકાશ રહેલો છે તેને ધૈર્યપૂર્વક મીટ માંડીને જોવો હોય તો જેમ બાળકો થાળીમાં પાણી ભરી પાણીમાં પડતા સૂર્યબિંબને નિહાળી સૂર્ય જોયાનો સંતોષ માને છે તેમ આપણા સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય મુનિ મહારાજ શ્રી ૧૦૦૮ ચારિત્રવિજયજી મહારાજ દિવ્ય ઓજસ્મય સૂર્ય છે. તેમની ઓળખાણ આપવાને-જનસમાજને તેમનો પરિચય કરાવવાને માટે અમારા જેવા સામાન્ય દીપકની લેશ પણ આવશ્યકતા હોય એમ અમે માનતા નથી, કેમકે તેઓ સ્વયંપ્રકાશિત છે અને તેમના દિવ્ય પ્રકાશે આપણને પ્રકાશિત કરેલા છે, પરંતુ તે દિવ્ય પ્રકાશમાં રહેલી તીવ્રતાને સામાન્ય જનો-જેમને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઇ નથી-તેવા જનો પણ શાંતિપૂર્વક નિહાળી શકે તે માટે જ આ ઉપોદ્ઘાતરૂપી જળભરેલી થાળીની આવશ્યકતા અમે ધારી છે.

જૈન સાહિત્યની ખીલવણી પૂર્વ સમયમાં મોટે ભાગે મુનિરાજો-દ્વારા થએલી જોવામાં છે. અત્યારે પણ તે સાહિત્યના વિકાસ અને પ્રચારને માટે મુનિરાજોએ પ્રયાસ કરવાની અગત્ય જણાઈ છે. અન્ય વિદ્વાન્ શ્રાવક બંધુઓએ પ્રયાસ ન કરવો અથવા તેમનો કરેલો પ્રયાસ નિષ્ફળ થાય છે એવી અમારી માનિનતા કે કથન નથી, પરંતુ સંસારના ક્ષુદ્ર બંધનોથી વિરક્ત થએલા મુનિરાજો આનંદની ભૂમિમાં વિચરતા હોવાથી તેમનો પ્રયાસ વિશેષ લાભદાયી અને અસરકર્ત્તા નિવડે એમ તો સર્વ બંધુ કબૂલ કરશે એમ અમે માનીએ છીએ.

મુનિ મહારાજ શ્રીમન્ ચારિત્રવિજયજીએ આપણા સાહિત્યને

પ્રેમ અને ઔદાર્યના ભાવથી પોષ્યું છે. આપણું સાહિત્ય કેવળ જૈનોને માટે જ છે અને અન્ય જનો તેના અધિકારી નથી એવી સંકુચિત વૃત્તિને તેમણે પોતામાં પ્રવેશવા દીધી હોય એવું તેમના લેખો કે વ્યાખ્યાનો અને અન્ય ગ્રંથો વાંચતાં આપણને લાગતું નથી. પ્રેમથી મુક્તિ, પ્રવૃત્તિ નિવૃત્તિ આદિ તેમના નાના મોટા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, તેમજ તેઓશ્રીએ અત્રે મુંબઈમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ પણ જૈન પત્રના તંત્રી શ્રીયુત ભગુભાઇ ફતેહચંદ કારભારી તરફથી બહાર પાડવામાં આવ્યો છે; તથા મુનિ મહારાજે ખાસ પત્રકારોના આર્જવતાપૂર્વક થએલા આમંત્રણના આગ્રહથી જુદાં જુદાં દૈનિક, સાપ્તાહિક અને માસિક પત્રોમાં લખેલા લેખો તથા નિબંધોનો સંગ્રહ 'લેખસંગ્રહ' ના રૂપમાં અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ સર્વ ગ્રંથો અને લેખો વાંચવાનો લાભ જેઓ મેળવી શક્યા હશે તેમણે જોયું હશે કે મુનિ મહારાજે જે કાંઈ લખ્યું છે તે સ્વતંત્રતા અને ઉદાર ભાવનાવાળા વિચારોથી ઓતપ્રોત છે, અને તેથી જ આ શ્વેતાંબર મુનિની કૃતિઓ દિગંબર અને સ્થાનકવાસી આદિ અન્ય ફીરકાઓમાં તો શું કિન્તુ જૈનેતર–અન્ય સંપ્રદાયના અનુયાયીઓમાં પણ અપૂર્વ માનને પામેલી છે.

આ જમાનો સ્વતંત્રતાનો છે. પશ્ચિમના વાતાવરણે–કહો કે જમાનાની વિકાસ પામતી શક્તિએ યુવાનોના હૃદયપ્રદેશમાં ઉન્નત ભાવનાઓ પ્રકટાવી છે. વિચારશીલ હૃદયને જે યથોચિત રીતે રૂચે, સદ્બુદ્ધિ જેને કબૂલ રાખી શકે અને નિઃસર્ગ (Nature) જેનાથી વિરૂદ્ધ જતી ન હોય તે જ સત્ય જ્ઞાન છે, તે જ જ્ઞાન જગદુપકારક છે અને એવા જ્ઞાન વિના લોકકલ્યાણ સાધવાની આશા નિરર્થક છે એમ મનાવા લાગ્યું છે. જેને આપણે અંધશ્રદ્ધા કહીએ છીએ, અર્થાત્ આ વાત તો અમુક માણસે કહી માટે તે સાચી હોવી જ

જોઇએ અને અમુક ગ્રંથમાં અમુક હકીકત લખેલી છે, માટે તે સત્ય છે એમ સમજી લેવું જ જોઇએ: આવા પ્રકારની માનિનતા પ્રથમ અપૂર્ણ જ્ઞાન અને વિચાર, મનન આદિ કરવાની ઉપેક્ષાએ કરીને આપણામાં જડ ઘાલી બેઠી હતી, તે આ જમાનામાં રહી નથી. શુષ્ક વાદ–વિવાદ તરફ હવે અભાવ જણાય છે. સપ્રમાણ દલીલો, ઉચિત તર્ક અને ન્યાયદૃષ્ટિથી થયેલી સમાલોચના જ માન પામે છે. આપણા અનુભવ, શાસ્ત્ર અને વિશાળ જ્ઞાનના પ્રભાવવાળા મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી આ પરિસ્થિતિથી અજ્ઞાત નથી, એવું તેમના નૈસર્ગિક લેખો ઉપરથી આપણને સ્વાભાવિક રીતે જણાઈ આવે છે, અને મુનિશ્રીની આ વિચારવિશાળતા માટે આપણે અભિમાન લેવા જેવું છે. જે જૈન નામ ધરાવે છે તેને અતિ આનંદ થાય છે, કેમકે એક તરફથી પશ્ચિમનું વાતાવરણ અને બીજી બાજુએથી કેટલાક જૈન ધર્મ પ્રવર્તકોની તે ધર્મના પ્રચાર માટેની ઉપેક્ષાવૃત્તિ: આવાં કારણોથી પોતાને કેળવાયેલો માનતો–પરંતુ ખરી રીતે સુકેળવણીની ગંધ વગરનો પાશ્ચાત્ય ભાષાના સંસ્કરણવાળો કર્મહીન–જડવાદનો પોષક યુવાન જૈન વર્ગ ધર્મથી ઢળી પડતો જોવામાં આવતો હતો. બીજી બાજુએ જૂના વિચારનો, અમે ઉપર કહી ગયા તેવી અંધશ્રદ્ધાથી ભરપૂર અને સત્યાસત્યની તુલના કરવાયોગ્ય કેળવણીથી વિહીન વૃદ્ધ તેમ જ અણકેળવાયેલો વર્ગ નામધારી "જૈન" રહેવા પામ્યો હતો. તેવા સમયમાં તે બન્ને વર્ગને પ્રિય લાગે, બન્નેના મનનું સમાધાન થાય અને બન્ને જેમાં રસ લેઇ શકે એવા જ્ઞાનની જરૂર હતી. તે કાળે આવા મુનિરાજોનો ધર્મપ્રચાર, તેમના વાણીલાલિત્ય અને શબ્દમાધુર્યથી તથા વિચારવિવેકથી અસત્યનાં પડળને દૂર કરી સત્યના સૂક્ષ્મદર્શક યંત્રવડે જે નરી આંખે જોઇ શકાય તેમ ન હતું તે બતાવવા લાગ્યો; એટલું જ નહિ પરંતુ કેળને જળસિંચન કરતાં જેમ એરંડાને

પણ પોષણ મળે છે તેવી રીતે જૈન ધર્મની ઉન્નતિ સાથે અન્ય દર્શની-ઓને પણ આવા પ્રચારથી આપણા પ્રાચીન ધર્મનું સત્ય જણાવા લાગ્યું હતું. " **न गच्छेत् जिनमंदिरम्** " જેવાં વાક્યો કેવળ ઈર્ષ્યા-ળુની હૃદયભૂમિમાં પાકેલા ઝેરી કંદ હતા એમ તેઓ માની તેનો ત્યાગ કરવા લાગ્યા તથા મુનિશ્રીએ સર્વ પ્રતિ સમાન રીતે વહેવરાવેલા પ્રેમના પ્રવાહથી ઐક્ય વધ્યું, તે ઐક્યે બંધુભાવ પ્રકટ કર્યો અને તે પ્રેમમય બંધુતાથી અમે અને જૈનો મૂળે એક જ છીએ, ભિન્નતા જણાય છે તે અજ્ઞાન છે એવું તેઓ માનવા લાગ્યા. આપણા અન્ય મુનિરાજો આ વિષયમાં સર્વથા પ્રચાર નથી કરતા એમ અમારૂં કહેવું નથી. ઘણા મુનિઓ પોતપોતાની શક્તિ અનુસાર ધર્મસેવા બજાવે છે અને આપણે આશા રાખીશું કે ભવિષ્યમાં જે આપણું દૃષ્ટિબિન્દુ છે, તે તરફ તેઓ લક્ષ્ય આપશે. પરોપકાર વૃત્તિવાળા જૈનો જૈન ધર્મના સત્ય અને પારમાર્થિક સિદ્ધાન્તોનો આ વિશાળ વિશ્વમાં સર્વ સ્થળે પ્રચાર કરી, પ્રાણી માત્ર તેનાથી પોતાનું કલ્યાણ સાધે એવી ભાવના ધરાવે છે તે ભાવના ફળવામાં સર્વ મુનિરાજો અને સુવિચારશીલ વિદ્વાન્ જૈન બન્ધુઓ સ્વાત્માર્પણ કરીને પોતાની કર્ત્તવ્ય સીમાને પ્રાપ્ત કરે એવું આપણે પ્રચ્છીશું.

શ્રીમાન્ ચારિત્રવિજયજી મહારાજના ગ્રંથો તથા પ્રાસ્તાવિક લેખોની જે અસર નિપજી છે, જણાય છે તથા ભવિષ્યમાં વિકસવાની આશા રાખી શકાય છે તે દર્શાવવાને અમે વાચકોને આટલો કાળ-ક્ષેપ કરવાનો શ્રમ આપ્યો છે. લેખસંગ્રહમાં તેઓશ્રીના લેખો વિષે વિસ્તારપૂર્વક વિવેચન અમે કરેલું છે તેથી તત્ વિષયે અત્ર પુનરુક્તિ કરવાનું નિરર્થક માનીએ છીએ. મુનિ મહારાજે કાઠીઆવાડના સોરઠ પ્રાંતમાં માંગરોળ મુકામે ગયા શિયાળામાં હંટર સ્કૂલમાં " આત્મશ-ક્તિનો ઉદય " એ વિષય ઉપર અપૂર્વ, વિદ્વત્તાયુક્ત, હૃદયના ઉંડા

ભાગને ભેદે તેવા દૃષ્ટાંતોથી યુક્ત તથા જૂદા જૂદા વિષયોને સ્પષ્ટ કરનારૂં વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાન બહુ લાંબું હતું અને તેને માટે તેઓશ્રીને પાંચ દિવસ લેવા પડ્યા હતા. શ્રોતાઓને તે વ્યાખ્યાનથી બહુ જ આનંદ ઉપજ્યો હતો; એમ કહીએ તોપણ ચાલે કે આત્મશક્તિનો ઉદય કેવી રીતે થઇ શકે તે સાંભળનારા શ્રોતાઓના આત્મા દિવ્યાનંદમાં વિલીન થઇ જતા હતા. અમને પણ તે વ્યાખ્યાન અત્યુત્તમ અને વિચારવાયોગ્ય લાગ્યું, તેથી પુસ્તકાકારમાં તેને પ્રસિદ્ધ કરવામાં આવે તો ફરી ફરીને તે વાંચતાં તેના ઉંડાણુ ભાગમાં પ્રવેશ થઇ શકે તથા કાંઇક નવું ને નવું જાણવાનું મળે એમ અમને લાગ્યું. વળી જેમ આ વ્યાખ્યાનના શ્રોતાઓને તેનાથી લાભ થયો, તેમ આના વાચકોને પણ લાભ પ્રાપ્ત થાય, તેઓ લાભ પ્રાપ્ત કરી શકે તો તેમાં અંશ પણ સહાયભૂત થઈ શકીએ એવી ઇચ્છાને લીધે પ્રસિદ્ધ કરવાનું આવશ્યક ધાર્યું. અલબત્ત, તે વ્યાખ્યાન અક્ષરશઃ પ્રસિદ્ધ થઇ શકે તેમ નથી, કેમકે આપણી ગુજરાતી ભાષામાં હજી ટુંકાક્ષરી નોંધ લેવાની કળા સંપૂર્ણ વિજયને પામી નથી, અને તેથી જે તે વ્યાખ્યાનનો સાર આપવાને અમે શક્તિમાન્ થયા છીએ તેના ઉપર જ વાચકોને સંતોષ પકડવો પડશે; જોકે તે સાર કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલો હોવાને લીધે વ્યાખ્યાનનાં સર્વ ઉપયોગી તત્ત્વોનો તેમાં સમાવેશ થઇ જાય છે, તેથી વાચકોને નિરાશ થવાનું કાંઇ પણ કારણ રહેશે નહિ.

"આત્મશક્તિનો ઉદય" એ શબ્દ જ તેમાં સમાયેલા ભાવને આપણી પાસે ખૂલ્લો કરે છે. દરેક આત્મામાં જે શક્તિનો વાસ રહેલો છે તેનો ઉદય કરવો એવી દરેક મનુષ્યની સ્વાભાવિકતઃ ઇચ્છા હોય છે જ. આ વિશ્વમાં જન્મ ધારણ કરવાનું મોક્ષ એ દૃષ્ટિબિંદુ–લક્ષ્ય સ્થાન છે. એવો કોઇ પણ મનુષ્ય ભાગ્યે જ હશે કે જે મોક્ષનો ચાહક

નહિ હોય. સત્ય છે કે મોક્ષપ્રાપ્તિ માટે તમામનો પ્રયાસ નથી. બધાં મનુષ્યો મોક્ષ મેળવી શકતાં નથી, કેમકે તે મેળવવા માટેનાં તેમનાં કર્તવ્યકર્મ નથી; તોપણ તેઓ મોક્ષના ઇપ્સુ નથી એમ કહી શકાશે નહિ. જ્યારે આત્મામાં રહેલી ગુપ્ત શક્તિનો પૂર્ણપણે ઉદય થાય છે–તે ઉદય સધાય છે ત્યારે જ મોક્ષના અધિકારી થઇ શકાય છે. તેની સાધનામાં આવરણો અનેક છે, અને કેટલાંક તો એવાં હોય છે કે જે ડગલે ને પગલે આડાં આવે છે. આ આવરણો કેવી રીતે દૂર થાય અને આત્મશક્તિનો ઉદય થાય તે વિદ્વાન્ મુનિશ્રીએ બહુ જ વિચારપૂર્વક અને યોગ્ય રીતિએ બતાવ્યું છે. શુદ્ધ આત્મશક્તિનો ઉદય સમજવા પૂર્વે અનાદિ કાળથી તેમાં ઓતપ્રોત જણાતી જડશક્તિને લીધે તે જડ પદાર્થના સહયોગીપણાથી જે આત્મશક્તિ આવૃત્ત થએલી છે–મલિન બનેલી છે તેનો ઉદય સમજવાની જરૂર છે, અને તેમ થયા પછી જ તે શુદ્ધ અને નિર્મળ બની શકે છે. તે ઉદયમાં કર્મના અભાવની પ્રથમ જરૂર છે. જ્યારે કર્માભાવ યથાર્થ રીતે સિદ્ધ થાય છે ત્યારે જ આત્મશક્તિનો ઉદય અનુભવી શકાય છે. તેથી કર્મનો અભાવ કેવી રીતે થઇ શકે તે જાણવાની પ્રથમ જરૂર છે. પરંતુ આથી એમ સમજવાનું નથી કે એકદમ કર્મનો નાશ કરીને નિષ્કામ બની જવું. આજકાલ કેટલાક શુષ્ક વેદાન્તીઓ એવા જ પ્રકારના જોવામાં આવે છે. '**अहं ब्रह्मास्मि**' કે '**तत्त्वमसि**' ને આધારે પોતાને સર્વ કર્મથી નિર્લેપ પોતાના મનથી માની બેસે છે અને તેમના માનેલા બ્રહ્મની તુલનામાં જઇને બેસે છે. પરંતુ મનની સર્વ વૃત્તિઓ તદ્રૂપ બનેલી નહિ હોવાને લીધે 'ઉપરકી અચ્છી બની, ભીતરકી રામ જાણે' જેવી તેમની સ્થિતિ થાય છે. આવા કર્મરહિત માણસો તો નિષ્કામ નહિ પરંતુ 'અકર્મી' જ ગણાવા જોઇએ, અને તેથી જ મહારાજશ્રીએ આ ઉદયને માટે પુરૂષાર્થની પણ આવશ્યકતા દર્શાવી

છે. એ વાત સત્ય છે કે આત્માને કર્મનું આવરણ છે. જેવા પ્રકારનાં કર્મ હોય છે તેવા પ્રકારના સંસ્કારથી તે આત્મા યુક્ત હોય છે. પરંતુ મહારાજશ્રી કથે છે કે તે આવરણો ઉદ્યમથી ટળી શકે છે અને તેથી તેઓશ્રી આપણને કેવળ પ્રારબ્ધવાદી (fatalist) નહિ બનવા ઉપદેશે છે. આ પુરૂષાર્થને માટે વિચારના બળને ઉત્તમ માનવામાં આવે છે, અને વિચારબળ પ્રાપ્ત કરવાને વિશેષ વાચનની આવશ્યકતા દર્શાવવામાં આવે છે. આપણામાં વાચનનો અભાવ છે; એટલે એમ નહિ કે આપણે વાંચવામાં પ્રીતિ ધરાવતા નથી; પરંતુ મોટે ભાગે અજ્ઞાન પ્રસરેલું છે, તેથી તેમ જ કેવળ પૈસાની પ્રાપ્તિની પ્રવૃત્તિમાં આપણો મોટો ભાગ રોકાયેલો હોવાથી વાંચવાને માટેનો અવકાશ પ્રાપ્ત કરવાની કોઈ દરકાર કરતું નથી. જેઓ વાંચવાની અભિલાષાવાળા છે તેઓ સામાન્ય નવલકથાઓ કે એવી બાબતો વાંચવામાં આનંદ માને છે, કેમકે તેમાં વિશેષ શ્રમ પડતો નથી અને હલકા પ્રકારની વૃત્તિઓ ઉત્તેજિત થાય તેવું હોવાને લીધે તે આપણને ગમે છે. તેમણે જાણવું જોઈએ કે એવું વાંચન આત્માનો અધોનિપાત કરનારૂં છે. જેમકે તીખું તમતમતું અને ખારૂં ખાટું ભોજન આપણને પ્રિય લાગે છે ખરૂં, પરંતુ તેના ઉપયોગથી આપણા શારીરિક આરોગ્યને કેવળ હાનિ જ પહોંચે છે તેવી રીતે હલકા પ્રકારના વાંચનથી માનસિક ઉન્નતિનો પણ અવરોધ થાય છે. તેથી સાત્વિક ખોરાકની–રહસ્યયુક્ત વાંચનની–જેમાં આપણી આત્મશક્તિને ખીલવવાનાં તત્ત્વો રહેલાં હોય તેવા પ્રકારના ગ્રંથો આદિના અભ્યાસની જરૂર છે. શરૂઆતમાં તે વિષય જરા કઠિન હોવાને લીધે આપણને કંટાળો ઉપજાવે છે, તોપણ અભ્યાસ આગળ વધતાં તેમાં રસ પડે છે અને પછી કાર્યસિદ્ધિ સરળતાથી થઈ શકે છે એ સમજાય તેવું છે.

આત્મશક્તિનાં કેટલાંક બાધક કારણો પણ તેનાં સાધક થઈ શકે છે તે મહારાજશ્રીએ બહુ જ ઉત્તમ રીતે આપણને સમજાવ્યું છે. નરસામાંથી

પણુ સારૂં ગ્રહણુ કરવાને માટે તે માર્ગદર્શન છે. તેને માટે તેમણે સુરદાસનો દૃષ્ટાન્ત આપેલો છે. સુરદાસ ઉત્તમ કુળનો બ્રાહ્મણુ હોવા છતાં વેશ્યાના મોહમાં લપટાએલો હતો અને વેશ્યાપ્રીતિને પોતાના આનંદનું સાધન સમજતો હતો. આપણે કોઈ વેશ્યાઓમાં રખડતા અને વ્યસની માણુસને જોઇએ તો તેની આત્મશક્તિ ઉદયને પામી શકશે એવી આપણુને કલ્પના આવવી પણુ મુસ્કેલ છે. આ વેશ્યાગામી સુરદાસ તો ચિન્તામણીના પ્રેમમાં એટલો બધો મુગ્ધ—એટલો બધો અંધ બનેલો હતો કે ભરચોમાસામાં વરસાદની ઝડીઓ અને વિજળીના ચમકારાની વચ્ચે પોતાની વહાલી ચિન્તામણીને ભેટવાના ઉત્સાહમાં બે કાંઠે આવેલા પુરમાં ઝીપલાવવાની તેણે હિંમત કરી. કોઇ મનુષ્યના શબને લાકડું ધારી તેની સહાયથી તરીને કીનારે પહોંચ્યો. ચિન્તામણીનું મકાન ચારે તરફથી બંધ હતું. તેનાં બારણાં ખખડાવી તેને ઉઠાડવાને બદલે તેને આશ્ચર્યચકિત કરવાને માટે બારીએ ટીંગાતા સર્પને રજ્જુ ધારી તે પકડીને બારીમાં તેણે પ્રવેશ કર્યો, અરે, પોતાની વહાલી ચિન્તામણીએ જ આ બધી ગોઠવણુ કરી રાખેલી હોય તેવું તેને લાગ્યું ! એમ કોણુ કહી શકશે કે આ સમય તેના આત્માના ઉદયનો હતો ? પરંતુ વેશ્યા કાંઇક સંસ્કારવાળી હતી. તેને આ મૂર્ખના મરણુના સાહસ પર્યંતનું આચરણુ આશ્ચર્ય ઉપજાવવા લાગ્યું. ચિન્તામણીનો તે વખતનો ઉપદેશવાયુ આ બિલ્વમંગળ (તેનું પૂર્વાશ્રમનું નામ બિલ્વમંગળ હતું)ના હૃદય ઉપરથી અજ્ઞાનનો પડદો ખસેડવાને શક્તિમાન્ થયો. જ્ઞાનનો પ્રકાશ થતાં ચિન્તામણીના ચરણુમાં વંદન કરી તે ત્યાંથી ચાલ્યો ગયો. ઇષ્ટનું શરણુ તેણે ગ્રહ્યું અને સુરદાસ નામે પ્રખ્યાત થઇ ગયો. આ જ બનાવે ચિન્તામણી જેવી વેશ્યાને પણુ પવિત્રતાની પુતળી બનાવી દીધી. તે વેશ્યાનું પણુ કલ્યાણુ થયું; એમ કહીએ તો ચાલે કે સામાન્ય રીતે આપણી કલ્પનામાં જે

વસ્તુ બનવાનો સર્વથા અસંભવ, તે બન્યું.

પરંતુ જે આત્મશક્તિના ઉદયની વાત મહારાજશ્રી આપણને કહે છે, ઉપદેશે છે, તે આત્માને જ જાણ્યા સિવાય તેની શક્તિ અને વળી એ શક્તિનો ઉદય તથા તેની સાધના એ સર્વ આપણાથી શી રીતે જાણી શકાય? આ વાત મહારાજશ્રી ભૂલી ગયા નથી. એ બાબત પણ આ વિષયમાં તેમણે વિસ્તારપૂર્વક દૃષ્ટાન્ત અને દલીલો સાથે જણાવી છે. મહાત્મા શ્રી આનંદઘનજીનું વાક્ય તેઓ ટાંકે છેઃ–

"નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ,
રૂપી કહું તો કુચ્છ નહિ પ્યારે, બંદે ઐસે અરૂપ;
રૂપારૂપી કહું જો પ્યારે, ઐસે ના સિદ્ધ અનુપ–" નિશાની.

અર્થાત્–હે આત્મા, તારી ઓળખાણની નિશાની હું કેવી રીતે બતાવું? તું તો અગમ અને વળી અગોચર રૂપ છે. જો રૂપી–રૂપવાળો કહું તો તારામાં રૂપ તો કાંઈ છે જ નહિ, કેમકે તું તો અરૂપ–આકારરહિત છે. જો રૂપારૂપી–સાકાર નિરાકાર કહું તોપણ અનુપ એવા સિદ્ધ તેવા નથી. છેવટે તે જ મહાત્માનાં વાક્ય ટાંકી મહારાજશ્રી આપણને જણાવે છે કે આત્મા અગમ અગોચર છે એમ કહીએ તો જ તેની વાસ્તવિક નિશાની આપી શકાય. તે સ્થૂલ દૃષ્ટિથી જોઈ શકાય એમ નથી પરંતુ અનુભવમાં જ જાણવો જોઇએ, કેમકે જેને આકાર નથી તે તેના ગુણ અને શક્તિથી જ ઓળખી શકાય છે. વાયુને આકાર નથી, પરંતુ તેનામાં સ્પર્શનનો જે ગુણ રહેલો છે અને ધારે તો ઉંડા પાયાવાળા મહેલો અને મોટાં વૃક્ષોને પણ જડ મૂળમાંથી ઉખેડી નાંખવાની જે શક્તિ રહેલી છે તે ઉપરથી તે વાયુને આપણે ઓળખી શકીએ છીએ અને આવા બનાવોને લીધે વાયુના અસ્તિત્વનો આપણે સ્વીકાર કરીએ છીએ. એ જ પ્રમાણે આત્માના વિષયમાં પણ તેનામાં રહેલો ચૈતન્ય ગુણ આપણને આત્માનું અસ્તિત્વ માનવાની

ફરજ પાડે છે, કેમકે ચૈતન્ય અને જડ એવા ભેદને આપણે સરલતાથી સમજી શકીએ છીએ. આ પ્રમાણે આત્માનો આપણને પરિચય આપીને મહારાજશ્રી તેની મુખ્ય ચાર શક્તિઓ–જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, ચારિત્રશક્તિ અને વીર્યશક્તિ જણાવે છે. તેના ઉદયને માટે કર્મયોગ અને જ્ઞાનયોગને મુખ્ય મનાવે છે. કર્મયોગની સિદ્ધિને માટે જ્ઞાનની આવશ્યકતા છે. જ્ઞાન સિવાય આ યોગ સિદ્ધ થવો લગભગ અશક્યવત્ છે. પરંતુ અત્યારે તો વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરવા પુરતું પણ થોડાનું લક્ષ છે. મોટે ભાગે આપણો જનસમાજ કેટલાક મહાન્ પ્રાણહારક રોગોથી ઘેરાયેલો છે. તે રોગો બેદરકારી, નાસ્તિકતા, બેઇમાની અને જડવાદ છે. એ સર્વેનું કારણ પૈસાનું પૂજન છે. આ ચાર દર્દોને ઉત્તેજિત કરનાર પૈસા એકઠા કરવાનો સન્નિપાત (Pecunionmania) આપણને લાગુ પડયો તે છે. ઉપરનાં ચાર દર્દો તો સાધ્ય છે. સદુપાય મળી આવે તો તે રોગોનો નાશ થઈ શકે તેમ છે. પરંતુ આ જમાનામાં આ સન્નિપાતનો રોગ ઘણો જ ચેપી, વંશપરંપરાથી ઉતરેલો, અસાધ્ય કિંવા દુઃખસાધ્ય અને અત્યંત પ્રાણહારક ઘેલછાનો રોગ છે. આપણે જડબુદ્ધિના, શુષ્ક હૃદયના, સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેલા અને પૌદ્‌ગલિક સુખને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા છીએ તે સર્વ આપણને લાગુ પડેલા આ ઘેલછાના દર્દનું પરિણામ છે. આપણે તાજો જ દાખલો પાલીતાણામાં આ ચોમાસામાં આવેલી ભયંકર રેલથી થએલી ત્રાસજનક ખુહારીનો લઇએ. આ ભયંકર રેલના કટોકટીના સમયમાં રા. કુંવરજી દેવશી જેવા ગણ્યાગાંઠયા મનુષ્યે જ ધૈર્ય સાચવી, સ્વાર્થ પરિત્યાગ કરી, પોતાના કુટુમ્બને વરૂણ દેવના ભોગ થવા દઇ, પોતાને સુપ્રત થએલાં બાળકોનું રક્ષણ કર્યું હશે. તે સમય એવા પ્રકારનો હતો કે સામાન્ય બુદ્ધિવાળાં મનુષ્યો પોતાના જીવ બચાવવાની લોલુપતામાં અન્યના રક્ષણ માટે જે કર્મ-

યોગની જરૂર છે તે સત્ય જ્ઞાનના અભાવે વિસ્મૃત થાય એ સ્વાભાવિક છે; એટલું જ નહિ પરંતુ ત્યારપછી પણ તે રેલથી સંકટમાં આવી પડેલાંઓને માટે જે ફંડો એકઠાં કરવામાં આવે છે તથા તે ફંડોની વહેંચણી કરવામાં આવે છે તેમાંએ પારમાર્થિક વૃત્તિ તો માત્ર થોડામાં જ જણાય છે. પોતપોતાની મુખત્યારીનો આશ્રય લેવામાં આવતો હોવાથી ભરાય છે ત્યાં એકીસામટું ભરાય છે અને કોઇ તદ્દન સહાય વગર રહી પણ જાય છે. આનું કારણ અમે આટલી મદદ કરી એમ બતાવવાનો અખતરો છે. આ દાન છે ખરૂં, પરંતુ તેમાં સ્વાર્થપરાયણતા છે, માનાભિલાષા છે. તેથી દાનની જે મહત્તા છે તે આમાંથી ઘટી જવા પામે છે. વળી કેટલાક પૈસાના પૂજારી જેઓ આટલું પણ ઔદાર્ય વાપરતા નથી, સંકટ પામેલા બન્ધુઓ પ્રત્યે લેશ પણ લાગણી દર્શાવતા નથી તેમની આત્મશક્તિની અવનતિની કેટલી ઉંડાઇએ પડેલી છે તે સમજવું પણ કઠણ છે.

આ એક એવો ગહન વિષય છે કે તેના ઉપર જેટલું ધારીએ તેટલું વિવેચન લંબાણપૂર્વક કરી શકાય તેમ છે. મહારાજશ્રીએ પોતે પણ તેમ જ કહે છે. વળી જે મિષ્ટાન્ન આ સાથે પીરસેલું છે, તેના પ્રમાણમાં અમારૂં સ્વાદ વગરનું સાદું ભોજન કદાચ વાચકોને કંટાળો ઉપજાવે એવી ભીતિ રહે છે. માત્ર મહારાજશ્રીના વ્યાખ્યાનમાં પ્રવેશવાને માટેના ચીલારૂપ આટલો ઉપોદ્ઘાત લખવાની અમને ફરજ પડી છે. બલકે તે અમે અમારૂં કર્ત્તવ્ય માન્યું છે. આ વિષય ગહન છે, પરંતુ મહારાજશ્રીની ભાષા પ્રૌઢ, રસિક અને મધુર છે તેથી વાંચનારને તેમાં રસ પડે છે. વ્યાખ્યાન વેળાએ માત્ર અમુક સંખ્યાના માણસો જ તેનો લાભ લઇ શકે છે. વર્ત્તમાનપત્રોમાં તેના હેવાલ પ્રસિદ્ધ થવાથી તે વર્ત્તમાનપત્રો જેઓ વાંચતા હોય તેમને તેનો લાભ મળી શકે ખરો, પરંતુ તે હમેશાં સચવાઇ રહે નહિ. જ્યારે

આવા વિષયો આપણી પાસે હમેશાં જળવાઇ રહે અને તેને ફરી ફરીને વાંચવામાં આવે તો તેમાંથી નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. તેથી 'જૈન' પેપરમાં પ્રકટ થએલા આ પાંચે ભાષણોનું લઘુ પુસ્તક બહાર પાડવા પ્રયત્ન સેવ્યો છે. મહારાજશ્રીના કેટલાક ગ્રંથો પ્રકાશમાં મુકવાનું માન અમને મળ્યું છે. અમે તેને માન એટલા માટે કહીએ છીએ કે તે પ્રકાશમાં મૂકવાથી જનસમાજ તેનો લાભ મેળવી શકે છે. અમારા બન્ધુઓ આવા તાત્ત્વિક ગ્રંથોના વાંચનથી આત્મકલ્યાણના સાધક થાય છે, તે માટે અમે અભિમાન લઇએ છીએ કે અમારા બન્ધુઓની સેવા બજાવવામાં અમુક અંશે અમે ઉપયોગી નિવડી શક્યા છીએ. મહારાજશ્રીના પ્રકાશમાં આવેલા તમામ ગ્રંથો તરફ જનસમાજ સારો આદર બતાવવા લાગ્યો છે. લેખસંગ્રહને માટે અમને મળેલા કેટલાક પત્રોથી અમારા શ્રમનું સાર્થક્ય થયું અમને જણાય છે. આ "આત્મશક્તિનો ઉદય" નો વિષય પણ અમને એવો ઉપયોગી અને આવશ્યક લાગ્યો, તેથી તેને પ્રકાશમાં મૂકવા અમે ઉત્સુક થયા.

તે માટે મહારાજશ્રીએ અમને આપેલી પરવાનગી માટે અમે તેમનો આભાર માનીએ છીએ. અમારા બન્ધુઓ તરફથી અમને મળતા ઉદાર આશ્રય માટે અમે તેમનો પણ આભાર માનતાં આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં પણ તેમના તરફથી અમને યોગ્ય ઉત્તેજન મળતું રહેશે કે જેથી અમે આવા ઉત્તમ ગ્રંથોને પ્રકાશમાં આણી બન્ધુસેવા તથા ધર્મસેવા બજાવી શકીએ. **इत्यलं.**

નં. ૫૬૬, પાયધુની.
મુંબઈ, તા. ૧૫-૮-૧૩.

ભવદીય
મેઘજી હીરજી.
બુકસેલર એન્ડ પબ્લીશર.

આત્મશક્તિનો ઉદય.

પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ માંગરોલ હંટર સ્કુલમાં એક ગંજાવર સભા વચ્ચે આપેલું ભાષણ.

(પ્રથમ દિવસ.)

આત્મા તેની શક્તિ અને તેનો ઉદય એ વિષય મારા આજના વ્યાખ્યાનમાં હું તમોને શ્રવણ કરાવીશ. જે સર્વદા છે જ, સદોદિત જ છે, તેનો ઉદય વળી શી રીતે હોઇ શકે? એનું સમાધાન કરવું પ્રથમ આવશ્યક છે.

પ્રત્યય એટલે પ્રતીતિ–અનુભવ, એ પ્રતીતિ, તે શક્તિના સંબંધમાં જેટલા પ્રમાણમાં આપણે આપણા પોતામાં અનુભવી શકીએ તેટલો આપણામાં તેનો ઉદય, તુલના–મુકાબલાના દરજ્જે આપણે માનીએ છીએ. વસ્તુગત્યા તો જે છે જ તેનો ઉદય માનવો એ જ ભ્રાંતિ છે, પણ તેવો પ્રત્યય આપણને થતો નથી અને તુલનામાં વિશેષ, અલ્પ, સદ્‌ભાવ, અભાવ એ મુકાબલો કરી જોવાનું આપણને પ્રાપ્ત થાય છે, તે વખત આપણને તેવી ભ્રાંતિરૂપ પ્રતીતિ થાય છે અને એવા પ્રતીતિરૂપ ઉદયાસ્તને આપણે માનીએ છીએ, તેથી અત્રે પણ ઉદય શબ્દને સમજણની ખાતર ગ્રહણ કરવામાં આવ્યો છે. વાસ્તવિક જેનો ઉદય તે ઉદય જ છે, અસ્ત તેનો અસ્ત જ છે. ઉદયનો અસ્ત નથી, અસ્તનો ઉદય નથી. સૂર્યનો સર્વદા ઉદય જ છે પણ તેના પ્રત્યયાભાવે આપણે તેનો અસ્ત માનીએ છીએ. અસ્તુ.

આ શક્તિનો ઉદય ઉભય પ્રકારે થાય છે એટલે કે તેનો ઉદય છે એમ બે રીતે જાણી શકાય છે. તે સ્વતઃ એટલે પોતાની અને

પરતઃ એટલે અન્યથી સ્વતઃમાં ઉદયને સમજાવનાર નૈસર્ગિક કારણોનું પ્રાધાન્ય હોય છે અને તે કારણો તેવી અનુકૂળતા સાધી, અન્યથી તુલનામાં આપણને ઉભા રાખી, તેવો અનુભવ, તેવી પ્રતીતિ કરાવે છે; ચડતો ઉતરતો ક્રમ સમજાવી વધવાની ગતિ-બળ અર્પે છે. પરતઃમાં ગુરૂ, શાસ્ત્ર એ વિગેરે બાહ્ય નિમિત્તો કારણો હોય છે અને તે દ્વારા ઉદયને આપણે પ્રતીતિમાં આણીએ છીએ.

તુલનારૂપે વસ્તુગતિના રજુ થવામાંથી આપણે ચડતા ઉતરતા ક્રમની પ્રતીતિ મેળવીએ છીએ. ઉતરતામાંથી ચડીએ છીએ, વૃદ્ધિમાંથી આગળ વધીએ છીએ. આમ ઉદયને ઉત્તરોત્તર અનુભવીએ છીએ. આવી ક્રમોત્તર પ્રતીતિરૂપ વસ્તુસ્થિતિને આપણે ઉદયાસ્ત માનતા હોઇએ, તો ભલે માનીએ, અને તેથી ફરીથી કહું છું કે ઉદય તો છે જ અને તે પોતામાં જ છે. અસ્ત હતો કિંવા છે તે ભ્રાંતિ છે, એ ભ્રાંતિના સદ્‌ભાવે આપણે ઉદય માનવો સમજ્યા છીએ તો આપણે હવેથી તેવી રીતે પ્રતીતિ થતાં ઉદયને જ ઉદય કહી બોલીશું—એટલે કે તેવી જ સંજ્ઞાથી બોલીશું. સમજણને માટે તે જ સંજ્ઞા—તે જ શૈલી કાયમ રાખીશું.

જે સ્વાભાવિક છે તે સદોદિત જ છે,—તેનો ઉદય જ છે—પૂર્ણોદય જ છે. આવો અનુભવ કરાવવા ક્રમૌદાર્ય એટલે ક્રમે ક્રમે ઉદારતા બતાવવી એ નિસર્ગનો શાણો કાયદો છે. બાળક જન્મથી જ ખાવા, પીવા, બોલવા ચાલવાની તમામ શક્તિ લઇને જ આવ્યો છે, તે તેનો તે બાલકમાં ઉદય જ છે; પણ તે તત્કાળ તેમ અનુભવી શકતો નથી પણ ક્રમશઃ ખાતાં, પીતાં, બોલતાં, ચાલતાં, ખેલતાં વગેરે શીખે છે અને ઉત્તરોત્તર આનંદ પામતો જાય છે. ઉન્નતિક્રમની પરાકાષ્ટાએ જ આરંભથી પ્રવૃત્તિમાં આનંદ રહેશે નહિ. પૂર્ણતાથી જ શરૂઆત થતાં સઘળું કંટાળારૂપ થવા લાગશે, તેથી હું અપૂર્ણ છું, વધું છું,

આગળ વધું છું એમ પ્રવૃત્તિમાં રસ લેતાં અને આપતાં મનુષ્યને શીખવવા, ક્રમશઃ–કટકે કટકે ઉદારતાની કુંચી કુદરતે પોતાની પાસે રાખી છે, પ્રવૃત્તિ નીરસ થઇ ન પડે તે માટે તુલના મુકાબલાની જોગવાઈ પણ કરી રાખી છે, ઉદયાસ્ત સમજાવી હરખાવા રડાવા વિગેરે અનેક કળા એ શાણી કુદરતે પોતે હારગત–હસ્તગત કરેલી છે. **ઉદયનો તો ઉદય જ** છે એમાં કોઇને હવે ભાગ્યેજ શંકા રહી હશે.

અહીંસુધી આપણે ઉદયને લઇને બોલી ગયા અને તે ઉદય શક્તિનો એમ પણ કહી ગયા. તે શક્તિ કોની એ માત્ર વ્યાખ્યાનના વિષયથી સૌએ જાણ્યું છે. તેના સંબંધે અત્રે હજી કાંઇ બોલાયું જ નથી. હવે કહું છું કે તે શક્તિ આત્માની અને તેનો ઉદય કે જેનો વાસ્તવિક રીતે ઉદય જ છતાં હું સમજાવવાને માગું છું, કેમકે આપણે ઉપર સાબીત કરી ગયા તે મુજબ એવી રીતે ઉદય એમ માની લીધું છે–એમ જ સમજવાને ટેવાયા છીએ. આ આત્મશક્તિના સંબંધમાં તમોને સમજાવતાં પહેલાં જડશક્તિ અને તે જડશક્તિ તે શું એ હું પ્રથમ સમજાવીશ. જડશક્તિના કરતાં આત્માની શક્તિ અધિક હોય એ નિર્વિવાદ વાત છે, પણ એ જડશક્તિદ્વારા આપણે આત્મિક શક્તિનો ઉદય અમુક અંશે સાધી શકીએ છીએ. ચૈતન્યની શક્તિનું એ જડશક્તિ સાથે મિશ્રણ થયું છે તેથી તે સમજવામાં ઘોંટાળો થાય છે. જડને ચૈતન્યની, ચૈતન્યને જડની શક્તિ આપણે ભ્રાંતિથી માની લઇએ છીએ, તેથી તે તેનું પૃથક્ જ્ઞાન થવા, તે તેને પૃથક્ ઓળખી શકવા અત્રે તેનો વિવેક યથાશક્ય હું સમજાવીશ.

દ્રવ્ય માત્રને આપણે નજર તળે લઇ શકીએ, અવલોકી જઇએ તેટલો વ્યાખ્યાન જેવા પ્રસંગમાં સમય હોય નહિ, તેથી તે તેનો સંબંધ ધરાવતા શરીર, વચન અને મનના સંબંધે બોલવામાં જ તેનો

નિર્વાહ કરી લઇશ, અને પશ્ચાત્ જો સમય રહ્યો હશે તો સમુચ્ચય રૂપે એ ચાર વાતો કાંઇક અધિક તે દિશાનું ભાન થવા પૂરતી બોલીશ.

શરીર, વચન તેમ જ મનની શક્તિઓ જડશક્તિઓ છે. જે મૂર્ત છે, અવયવી છે, પુદ્ગલ છે તે તમામ જડ છે. શરીર જડ છે, વચન–શબ્દો પુદ્ગલ છે તેથી જડ છે, મન પણ પદાર્થાદિના આકારમાં પરિણમે છે માટે જડ છે, અને તેથી એ તમામની શક્તિઓ જડશક્તિઓ છે, તથાપિ આત્મશક્તિના ઉદયની તે તે અમુક અંશે સાધક છે.

શરીર, મન, વચન સ્વસ્વશક્તિથી અમુક હદસુધી આત્મ-શક્તિના ઉદયનાં સાધક છે, એ વાતમાં કોણ ભિન્ન મત ધરાવે છે? કોઇ જ નહિ. કહેવાનું તાત્પર્ય કે તે તે શક્તિઓને કેળવવાની પૂર્ણ અગત્ય છે. શરીર અનારોગ્ય હશે તો પુરૂષાર્થ ચતુષ્ટય તેનાથી કેમ પ્રાપ્ત કરી શકાશે ? મન મલિન સત્વવાળું, અનારોગ્ય હશે તો શુભ વિચાર, શુભ પ્રવૃતિ તે દ્વારા શી રીતે બનશે ? વચનો પણ તુચ્છ, હલકા, તિરસ્કારયુક્ત અપ્રમાણિક બોલશો તો તે દ્વારા વચનસિદ્ધિ કે જે સ્વરૂપાંતરે આત્મશકિત કિંવા જેનો ઉદય આપણે માનીએ છીએ તે કેવી રીતે બનશે? આ ત્રણે મન, વચન, કાયાના યોગોની એવી પ્રવૃત્તિ જોઇએ કે જેથી આત્મશકિતનો ઉદય–પૂર્ણોદય સાધી શકાય, ફરી કહું કે તેમ સમજી શકાય.

બ્રહ્મચર્ય પાળવું, વીર્ય સંરક્ષણ કરી શરીરને સુદૃઢ બનાવવું જ જોઇએ. એ શકિતને ઉદયમાં આણવા, ઉદયમાં અનુભવવા મનને અશુભ સંસ્કારથી ખાળી શુભ વિચારમાં વાળવું જ જોઇએ. શબ્દ-પ્રયોગ–વચનો એવાં બોલાવાં જોઇએ કે તે મંત્રરૂપ બને. શાસ્ત્રોના મંત્રોમાં જે બળ છે, જે ચમત્કાર, જે અસર છે, તેવું બળ, તેવો ચમત્કાર, તેવી અસર તે દેખાડે. સાંભળનારને મંત્ર મુગ્ધ બનાવે,

તમારાં વચનો જ શાસ્ત્ર બની રહે. આવી રીતે યોગત્રયની આદર્શતાથી એટલે કે તે આદર્શ અરીસામાં જોઇ આત્મશક્તિનો ઉદય સાધો, ઉદયને પ્રતીતિમાં આણો. જ્યાંસુધી તે યોગત્રયોની પ્રવૃત્તિ મલિન છે ત્યાંસુધી તેમ કદી નહિ બને.

આ સઘળું બનવામાં ઉદ્યમ, કાળ, સ્વભાવ, નિયતિ એટલે ભવિતવ્યતા અને કર્મ એ પાંચે અમુક અંશે સાધનભૂત છે. તે સઘળા સાપેક્ષ છે પણ તે બધાની અનુકૂળતા સાધી આપનાર કર્મ કહો કિંવા સંસ્કાર કહો તે સંબંધે કાંઇકિ બોલવું આવશ્યક છે અને એ વાત આપણા આ વિષયને લગભગ છેવટસુધીની ઉપકારક છે.

કર્મ પોતે જડ છે, કર્મ નામ પડ્યું છે તે એનો આત્મા સાથે સંબંધ હોવાથી પડ્યું છે. જગતમાં જેટલા દ્રશ્ય પદાર્થો આપણી દૃષ્ટિએ પડે છે તે તેની પહેલી અને છેલ્લી અવસ્થા પ્રાયશઃ આત્મ-શક્તિથી જ થયેલ છે. અહીં કર્મ કારણરૂપ છે, જીવ તેનો કર્તા છે અને તે તેને કૃતિરૂપે છોડતો જાય છે. બીજા શબ્દોમાં બોલીએ તો જડ પુદ્‌ગલ ઘણા ભાગે જીવનાં શરીરો છે, તે જીવરચિત છે, એટલે કે જીવ પોતે જ કર્મોને કારણરૂપે સંગ્રહી, તે તે રૂપે પરિણમતો જાય છે અને પૃથક્ બની નિરાળો પડી જઈ કૃતિરૂપે રૂપવિશેષથી, ગુણવિશેષથી ઇત્યાદિથી તે તેને મૂકતો જાય છે અને તે પદાર્થોને મનુષ્યો અનેક આકૃતિ અર્પે છે. આમ જગત્ એક સૃષ્ટિરૂપે સર્જીત થયેલું આપણી નજરે પડે છે પણ ઉત્તરોત્તર મીમાંસા કરતાં એ બધું જીવનશક્તિથી બનેલું પુદ્‌ગલ-જડ પરિણામ છે. ઉદાહરણ લઇએ. એક ઘટિકાયંત્ર-ઘડિયાલ છે તેના યંત્રનાં અવયવો માત્ર ખનીજ-રૂપે પૂર્વે જીવરચિત છે, ઘડિયાલરૂપે તેનો આકારવિશેષ પણ જીવર-ચિત છે. પણ તે ઘડિયાલ આપણને કાળજ્ઞાન કરાવ્યાં કરે છે તે

શક્તિ સ્વતંત્ર જડની છે. આમ જીવ રચના કરતો ચાલે છે. આથી વધીને અવલોકીએ તો વૃક્ષો, પશવાદિ મનુષ્યાદિનાં પુદ્‌ગલો પણ જીવ-રચિત છે. કર્મને કારણરૂપે સંગ્રહી જીવ તે તે રૂપે પરિણમતો પરિણમાવતો જાય છે અને તે તેથી નિરાળો પડી જઇ પુદ્‌ગલોને-ઘરને-શરીરોને છોડતો જાય છે, અન્ય પુદ્‌ગલોને ગ્રહણ કરતો જાય છે. આ સ્થિતિ જ્યાંસુધી જીવ અને કર્મની શક્તિ એક બીજાની શક્તિને સહાયક અથવા ઉપઘાતક છે ત્યાંસુધી જીવને સંસાર છે. સંસારમાં રહેલો જીવ સ્વસ્વશક્તિના ઉદયને પ્રશસ્ત અથવા અપ્રશસ્ત રૂપે કેવી રીતે પ્રકાશે છે તે સમય થઇ જવાથી હાલ આટલાથી વિરમી હવે પછી સમયની અનુકૂળતાએ વિચારીશું.

(બીજો દિવસ)

પ્રિય સજ્જનો! ગઈ વખત અપૂર્ણ રહેલા વિષયથી આગળ વધતાં પહેલાં, આજના કહેવાને, ગયા વખતના કથનની જોડે શું સંબંધ છે, તે બાબત સ્મરણમાં તાજી થવા આપણે જરા પાછળનું સિંહાવ-લોકન કરી જઈએ.

ગયા વખતે આત્મશક્તિના ઉદયના સંબંધમાં બોલતાં જડશ-ક્તિનું દર્શન પણ કરાવવામાં આવેલ છે. અનાદિ કાળથી બન્ને પદાર્થો-ની શક્તિ એવી રીતે ઓતપ્રોત થયેલી દેખાય છે, કે જેથી એક-બીજાની શક્તિ એકબીજાથી પૃથક્ સમજી શકવી બહુ દુષ્કર થઈ પડે છે.

જડ પદાર્થના સહયોગીપણાથી, આત્મશક્તિ આવૃત્ત થયેલી છે, તેમ આત્મશક્તિના સહયોગીપણાથી જડશક્તિ વિકૃત બની છે, જેથી શુદ્ધ આત્મશક્તિ અને તેનો ઉદય સમજ્યા પહેલાં આપણે કર્મયોગે

મલિન બનેલી આત્મશક્તિનો ઉદય પહેલાં સમજીશું તો આગળ ઉપર તેજ મલિન શક્તિ શુદ્ધ અને નિર્મળ બની શકે છે તે સમજવું પણ સહેલું થઈ પડશે. ટુંકામાં જેના સદ્‌ભાવથી જેની મલિનતા છે, તેના વિયોગથી જ તેની નિર્મલતા છે, એમ સમજી કર્માભાવ આપણે સાધી શકીશું. કર્માભાવ જેમ જેમ થતો જાય છે, તેમ તેમ આ શક્તિનો ઉદય અનુભવાતો જાય છે. સર્વથા કર્માભાવે પૂર્ણોદય સતત ઉદય જ છે. તેથી પુનઃ યાદ આપું છું કે ઉદયનો તો ઉદય જ છે.

હવે આ શક્તિ બે પ્રકારની છે, એક વ્યક્ત બીજી અવ્યક્ત. અવ્યક્ત શક્તિનો ઉદય જીવ તેના કાર્યથી અનુભવતો જાય છે, એટલે કે પોતાનામાં તે શક્તિ છે એમ પોતાના કાર્ય પછી જ તે અનુભવે છે. પ્રારંભમાં શક્તિ કામ કર્યે જાય છે અને તેનો પરિણામ જીવને પોતામાં આટલી બધી શક્તિ છે, કે જે જાણી પણ શકાતી નહોતી એવો અનુભવ કરાવી સાનંદાશ્ચર્યમાં નાંખે છે. એવી અવનવી અનંત શક્તિની આ વિધિ કાર્ય કરતાં કરતાં ભવિતવ્યતા છે એવી આશા બંધાવી જીવને કૃતકાર્ય રાખી-ક્રિયાતત્પર રાખી ક્રમાધિક્યે ઉદયને અનુભવાવે છે. કેટલાકમાં તે શક્તિનો બીજા તેના કાર્યથી ઉદય અનુભવે છે પણ પોતે તે જાણી શકવા સમર્થ નથી થતો એમ પણ જોવામાં આવે છે. સુઘરી પોતે સુંદર માળો બનાવે છે. શંખનો જીવ શંખ જેવી વગાડતાં નાદ કરનારી અપૂર્વ આકૃતિ બનાવે છે પણ તે શક્તિ તેના પોતામાં છે એમ જાણી શકતાં નથી. બીજાઓ તે તે કાર્યો જોઇ, તેવી શક્તિનો તેમનામાં ઉદય છે એમ નિશ્ચય કરે છે. અવ્યક્ત શક્તિના કાર્યમાંથી, વ્યક્ત આત્મશ્રદ્ધા ફળે છે અને આત્માના વાસ્તવિક પ્રદેશ તરફ વળી શકાય છે. આવી શક્તિમાં પ્રતિભાનાં બાલકોનો સમાવેશ થઈ શકે છે. તેઓ જે શક્તિ બીજામાં નથી, તેનો પોતામાં પોતાના કાર્યથી ઉદય અનુભવે છે,

અને તેને જન્મસિદ્ધ–સ્વભાવસિદ્ધ માની આત્મશ્રદ્ધાથી વધતાં ઓર ઓર ઉદય અનુભવે છે. જોવાનું છે કે કર્મસંસ્કાર આમાં સહચારી જ છે. જો તેમ ન હોય તો જે પોતામાં છે એમ પછી જણાય છે, તે પહેલાં જ જાણી શકાવું જોઇએ. વ્યક્ત અવ્યક્ત પ્રતીત થવામાં કર્મનું આત્મા સાથે સહચારીપણું જ સિદ્ધ થવા જાય છે. તે વ્યક્તાવ્યક્ત, કાંઈ વ્યક્ત, કાંઇક અવ્યક્ત એમ શક્તિનો ઉદય અનુભવાવે છે. હવે વ્યકતના સંબંધમાં બોલીએ તો, એવી પ્રતીતિ જીવ પ્રથમ પોતામાં અનુભવે છે અને પછી તેને વ્યક્ત કરે છે. આ વ્યક્ત શક્તિ પણ પુનઃ ઉભય પ્રકારની છે. એક સંસ્કૃત, બીજી અસંસ્કૃત. આ ભેદ માત્ર ઉદય સમજાવવા માટે છે. કર્મસંસ્કાર જ્યારે ભેદમાત્રને પોતાની સાથે ઘસડે છે, ત્યારે આપણે પણ તેમ કર્યા વિના છૂટકો જ નથી, આપણે પણ તે સમજવાની ગરજ છે તો સાથે ઘસડાવું જ પડશે.

અસંસ્કૃત–સંસ્કારથી શુદ્ધ નહિ બનેલી, સંસ્કાર નહિ પામેલી. આ કથન કેળવણીના સદ્‌ભાવે તેના પૂર્ણોદયની ભવિતવ્યતા સૂચવે છે. તુલના બીજામાં જે હોય તેના મુકાબલે કરવાની છે; નહિ કે અસંસ્કૃત એટલે અસંસ્કૃત. તે જેનામાં સર્વથા ન હોય તેના મુકાબલે તો સંસ્કાર પામેલી જ છે. સંસ્કૃત અસંસ્કૃતનો તફાવત માત્ર તુલનાથી છે. તુલનાથી જોતાં સંસ્કૃત અસંસ્કૃત દેખાય છે, અસંસ્કૃત સંસ્કૃત દેખાય છે. ગ્રામ્ય લોકોમાં કેટલાકમાં કેટલીક વાર એવી શક્તિઓ હોય છે કે જમીન ઉપર કાન માંડી અમુક જગ્યાએ ખોદતાં પાણી મીઠું નીકળશે, જળની સેર અમુક બાજુએથી આવશે તે પારખવાની તેમ જ પગના સગડ ઉપરથી તે અમુકનો પગ પડે છે એટલેસુધી ઓળખી શકે છે. આ શક્તિઓ તેઓમાં અસંસ્કૃત છે, તેમના સંસ્કાર તેઓમાં નાંખવામાં આવ્યા હોતા નથી પણ તેવું જાણવાને યોગ્ય વિદ્યા ઈત્યાદિના જે રૂડા સંસ્કાર આપણામાં છે તેવા

સંસ્કાર, સંસ્કાર રૂપે તેઓમાં જે શક્તિઓ નૈસર્ગિક સ્ફુરેલી છે, તેને આપવામાં આવે તો કેટલો બધો ઉદય સાધી શકાય?

હવે સંસ્કૃત શક્તિ લઇએ. એક ગ્રામ્ય નૈસર્ગિક ચિત્રકાર છે. સ્વશક્તિના બળથી તે વિના શીખ્યે ચિત્ર એવું આલેખી શકે છે કે ચિત્રકળાના સંસ્કારને પામેલો એક ચિત્રકાર પણ તે જોઇ હેરત પામે. જો એવા ઉત્તમ સંસ્કાર તે ગ્રામ્ય ચિત્રકારને આપ્યા હોય તો તે કેટલું બધું કામ કરી શકે? આ બધું સમજવાને માટે છે. ઉદય અનુદય સંસ્કારાનુસાર પ્રતીત થાય છે, અનુભવાય છે. અભ્યાસ તેટલે અંશે કર્માભાવ અને તે શક્તિના ઉદયનો સાધક સમજવો જોઇએ. આથી વિશેષ તો એ લાભ થાય છે, કે તેવા અભ્યાસનો કર્મના આવરણથી અભાવ હોય તોપણ તે આવરણો ઉદ્યમથી ટળી શકે છે, અને પ્રગતિનો લાભ સત્વર મળે છે. જડમાંથી આત્મશક્તિનો ઉદય તો આપણે સમજવા બેઠા છીએ તો પછી જડકર્મને નિમિત્ત કરી તેનો ઉદય મેળવવાનું બળ આત્મા પ્રાપ્ત કરી શકે એમ સરહસ્ય બતાવવું જ જોઇએ. આત્માને કર્માધીન સર્વ સમજાવી ઉદ્યમ પ્રવૃત્તિથી રોકવો નહિ જોઇએ. તમોને તદ્દન ફેટાલિસ્ટ–પ્રારબ્ધવાદી નહિ જ બનાવવા જોઇએ.

અહા કેવી અધોગતિ?! કેવો અધોનિપાત?!! જે રહસ્યને આપણા પ્રાચીન પૂર્વજો હસ્તામલકવત્ આપણને વારસામાં મુકતા ગયા છે, તેને જોઈ કે વિચારી પણ નહિ શકતી, આપણે તેમની સંતતિ કેટલી બધી અજ્ઞાત! અત્યારે એકડે એકથી, જેનો ઉદય જ છે, તેનો ઉદય શીખવા બેઠા છીએ! કારણ શું? માત્ર વિચારાભાવ, વિચારને માટે વિચારનો અનાદર. સ્વતંત્ર વિચારથી પણ તે અનુભવી શકતા નથી તો સ્વયં તો અનુભવીએ ત્યારે ખરા. મનન અને વાંચન વિના

આપણામાં વિચાર જ ક્યાં રહ્યો છે ? આટલા બધામાંથી આ વિચારોને સમજનારા માત્ર ગણ્યાગાંઠ્યા જ ગૃહસ્થો મળી આવશે. મોટો ભાગ તે સમજવાને અજ્ઞાત જ મળી આવશે. સજ્જનો, વિદેશીઓનાં ઉદાહરણ લ્યો. વિલાયતનો મજુર વર્ગ છાપા વિગેરે વાંચ્યા વિના પ્રવૃત્તિએ લાગતો નથી. ત્યાંના મજુરોમાં પણ વાંચનનો શોખ છે. તમે પણ તેવો શોખ શીખો. પુસ્તકો ખરીદવા પાસે પૈસા ન હોય તો પુસ્તકો કોઇના માગી ભીખીને પણ લાવી વાંચો, વિચારો. તેમ ન બની શકે તો હું તમારા માટે પુસ્તકોની ભીખ માગી લઇશ, પણ તમે વાંચો અને વિચારો. વિચારનું બળ જ્યાંસુધી તમારામાં નથી ત્યાંસુધી મારા જેવા અનેકનાં વ્યાખ્યાનમાં તમે જઇ બેસશો પણ ફલિતાર્થ કશો મેળવવાના નથી. વિષયાંતરના ભયથી આગળ બોલવાની શરૂઆત કરૂં છું.

જેનો નિરોધ કરવાની આવશ્યકતા પડે છે તે વિરોધી કહેવાય છે. આવાં વિરોધી કારણો વગરનિરોધે અથવા પ્રમાદવશ સેવાતાં પણ આત્મશક્તિના ઉદયના સાધક બને છે. આપણે તો તેના નિરોધથી જ ઉદયની અપેક્ષા રાખવાની છે, અને વસ્તુગત્યા તેવા સંજોગોમાં ઉદયનો સાધક પણ નિરોધ જ છે. દુરાચાર સર્વદા આ ઉદયનો વિરોધી છે, પણ તેનો અનિરોધ અથવા ત્યાગમાં પ્રમાદ કોઇ વાર સાધક બને છે એમ દેખાય છે. જ્યારે મનુષ્યનો દુરાચાર ગુપ્ત જળવાઇ રહે છે એટલે કે જ્યાંપર્યંત તે ગુપ્ત રીત્યા જાળવી શકે છે, ત્યાંપર્યંત તે ઘણા સંજોગોમાં ઉદયનો સાધક બની શકતો નથી, પણ જ્યારે તે પ્રકટ થતો જાય છે, ત્યારે તે એકનો નહિ પણ પ્રાયે સઘળાનો થઇ પડે છે. હિસ્સે વહેંચાય છે. જે સમાજ, કુટુંબ કે સંસ્થાની વ્યક્તિ તરીકે તે ઓળખાતો હોય તેના બીજાને પણ વગર લેવે દેવે જ્યારે તે ખોટના હિસ્સેદાર થવું પડે છે ત્યારે તે સઘળાના તિરસ્કાર રૂપે

એ દુરાચાર તેના સેવનાર ઉપર મૂર્તિમાન થઈ ધસી આવે છે, અને કહે છે કે અધમ! તને મેં સેવ્યો તો મારા ગ્રાહક કોઈ થતા નથી, મને સંગ્રહતા નથી. ત્યારે જ અને ત્યારે જ એ મૂઢનાં પ્રજ્ઞાચક્ષુ ખૂલ્લે છે, અને દોષને સોપાલંભ કહેવા ઉદ્ધત બને છે કે મને સ્પર્શ કરી, તિરસ્કારને પાત્ર બનાવી, ચાંડાલ! અવળું કેમ બોલે છે? હરામી! તું જ જો તિરસ્કારને પાત્ર ન હોત, તું જ જો સહુના આદરને યોગ્ય હોત તો મારી જ આ દશા શાને હોત અને તારા સ્પર્શથી અભડાઇ જવાથી ડરી લોકો તને હાડછેડ શામાટે કરત? પણ મેં જ મંદબુદ્ધિએ તને પોષી મોટો કર્યો છે તો આજ તેં જ મને સર્વનો તજાવ્યો છે, સર્વના તિરસ્કારનું કેન્દ્ર બનાવ્યો છે અને છેવટ તું જ મારો સગો નહિ થતાં મને જ ખાવા ધસી આવે છે, એ જ બતાવી આપે છે કે હું નહિ પણ તું જ તિરસ્કારને પાત્ર છે, અને તત્ક્ષણ તેને તિલાંજલી આપી પશ્ચાત્તાપપૂર્વક અનેકધા આયુષ્યનો સદ્‌વ્યય કરે છે. આ ગુપ્ત પ્રકટ ભેદો માત્ર પરદૃષ્ટિથી ઉદ્‌ભવ્યા છે, તે સેવનારાને તો પ્રકટ જ છે. ચોર પોતાને શાહુકાર સમજીને ચોરી કરવા જતો નથી, ચોરીને શાહુકારી પણ સમજતો નથી, ચોરીનો માલ પણ શાહુકારીનો માલ માનતો નથી. જ્યાંસુધી બીજાને તે અપ્રકટ છે ત્યાંસુધી એમ માની તે હરખાતો હોય તો ભલે, પણ પોતે તો ચોર જ છે અને ચોરીને તો ચોરી જ છે એમ સમજે છે. નિવૃત્તિ તે કર્મમાંથી સાધી શકતો નથી પણ ચોરી શાહુકારીની મિમાંસા તો સુંદર રીતે કરી જાણે છે. આથી જ કેટલીક વખત શાસ્ત્રાદિમાં પોતાના દોષકથનને અનુમોદવામાં આવેલ છે કે સર્વથા જો કોઇ દોષનિવૃત્તિ સાધી શકતો ન હોય, પુનઃ પુનઃ તેમ કરવા લલચાતો હોય, નિર્બળતા મૂકી શકતો ન હોય તો તેવા રૂપે તેણે પ્રકટ થવું અને તુરત ચોર રૂપે તે પ્રકટ થતા કર્મના ઉદય જે આત્મધનની ચોરી કરી રહ્યા છે તેનો ઉદ્યમ બંધ

થવા માંડશે અને ચોર એ છાપ લેતાં પણ એક દહાડો તે શાહુકાર બનશે; પણ દુનિયાનો અહિંયા જ દુરાગ્રહ છે. અશુભ આદરવું છે, છાપ લાગવા નથી દેવી, બળાત્કારે દુનિયાની પાસે શાહુકાર થવું છે. આવો વિરોધ જ વિરોધી કારણોને આગળ કરી નાગાને લુગડાં પહેરાવે છે અને તે ઘડીએ હરખાઇ, ચુંબાઇ, વીલે કે હસતે મોઢે તે ઉદયના સાધક બનવું પડે છે. નથી સમજતો માટે સમજાવીએ છીએ એ રહસ્ય આવાં વિરોધી કારણો જ્યાં તેવા ઉદયના સાધક દેખાય ત્યાં સમજવાનું છે. વિરોધી કારણો તદર્થે મેળવવાની સમજણ લેવાની નથી. સમજણ તો ચાલતી પ્રણાલીનો વિરોધ જ વિરોધી કારણોને સામાં ઉભાં કરી તે અર્થ સાધે છે તે લેવાની છે. આથી બીજી રીતે સમજાય તો મહા અનર્થ થાય.

વ્યસનાદિ તમામ આત્મશક્તિના ઉદયનાં વિરોધી છે પણ તે તેના વ્યસનીને તો ઉલટા તે ઉદયમાં આણતાં એમ અનુભવાય છે. કેટલાકને બીડી પીવાનું વ્યસન હોય છે. યદ્યપિ તે બુદ્ધિમાન હશે, તોપણ જો તેની તલબ તેને થઇ હશે તો ગજવામાંથી બીડી કાઢી પીશે ત્યારે જ બુદ્ધિમત્તાનું કામ કરી શકશે. કારીગરો વિગેરેને જે જે વ્યસનોનો લગવાડ હશે તે તેની તલબ પૂરી કર્યા વિના કાર્ય ઉપર એકાગ્રચિત્ત કરી તેઓ બેસી શકશે નહિ. ઝવેરીઓમાં કેટલાકમાં ભાંગના લોટા ચડાવે ત્યારે જ હીરા વિગેરે રત્નોપરત્નનું મૂલ્ય, પાણી વિગેરેની યથાર્થ આંકણી બની શકે છે. આથી એમ સમજવાનું નથી કે તેવી શક્તિને માટે સહુએ વ્યસનો શીખવાની જરૂર છે, અને વ્યસનો જ તે ઉદયના સાધક છે. સમજવાનું એ છે કે જે તલબને વ્યસનીઓ, જોઈતું વ્યસન અર્પી શક્તિનો તે કાળે ઉદય અનુભવે છે, તે તલબને વશ નહિ બનતાં સ્વતંત્ર સ્વશકિતનો ઉપયોગ કરી ઉદય અનુભવવો.

અકસ્માત એ પણ વિરોધી જ છે. એ પણ આત્મશક્તિના ઉદયનો સાધક બને છે. દુઃખ ઇત્યાદિના આકસ્મિક સંજોગોમાં, તે સહવા પૂરતા ધૈર્યને રાખવા માટે પણ નહિ કેળવાયલા એવા મનુષ્ય કોઇ વાર અણધાર્યા ધૈર્યવાળા બની આત્મશક્તિનો ઉદય અનુભવે છે. આથી પણ એમ સમજવાનું નથી કે અકસ્માત આવશે ત્યારે જ તે સાધી શકીશું, માટે તેને આવવા દો.

કર્મ પોતે પણ આત્મશક્તિનું વિરોધી છે છતાં કેટલીક વાર એથી પણ આત્મશક્તિનો ઉદય અનુભવાય છે. જેમકે પુણ્ય પ્રકૃતિનો ઉદય કેટલીક વાર સત્સંજોગોની પ્રાપ્તિ કરાવે છે અને તેથી આત્મશક્તિનો ઉદય થાય છે; તેટલા પરત્વે કર્મ પણ આત્મશક્તિના ઉદય પરત્વે કારણભૂત છે.

આ બધાં વિરોધી કારણો સમજાવ્યાં. હવે તે શક્તિના ઉદયમાં બાધક તે જ સાધક બને છે તે સમજાવીએ. આ વિષયમાં બાધક શબ્દ વ્યવહાર લોકોની દૃષ્ટિએ છે. જેને તેનો બાધ છે તે જ જો સર્વથા તે પ્રતિબંધ સમજતો હોય તો કરે જ શું કરવા? કદી મોહ તેમ સમજવા દેવામાં કારણભૂત હોઇ શકે પણ જ્યાંસુધી તેનો તેને બાધ છે ત્યાંસુધી આપણી દૃષ્ટિયી તે વિષયમાં તેનો મોહ ખોળી કાઢવાની આપણને શું જરૂર છે?

આ સંબંધની હકીકત ઉદાહરણ સિવાય સમજાવવી કઠણ છે. સુરદાસનું ઉદાહરણ લઇએ. આ સુરદાસ અકબરની કચેરીના પ્રસિદ્ધ સંગીતવેત્તા રામદાસનો, અતિ લાલિત પુત્ર હતો. પિતાનો દેહાવસાન થયો, તે વખતની સુરદાસની ઉમર બાલિશ રમતગમતને લાયક લગભગ હતી. સુખી કુટુંબનો પુત્ર, મોંઘાઇથી ઉછરેલો, તેને પિતા જેવાની પ્રબલ શાસનભીતિ દૂર થતાં, માતા કે જે હમેશાં બાલકને શાસનમાં-

અંકુશમાં રાખવાના કાર્યમાં દુર્બળ મનાય છે, તેવા માતાના દુર્બળ અંકુશમાં કુસંગાદિના રસ્તે ચડી ઉન્મત્ત થતો ચાલ્યો. વિત્તપાત્રોમાં શાસનનિપુણ વ્યક્તિનો અસદ્ભાવ હોય છે તો દોષો જલ્દી પેસતા જાય છે, તેમ એક પછી એક બાળપુત્ર એ બિલ્વમંગળ અથવા સુરદાસમાં દોષો નિવસવા લાગ્યા. માતા ઘણીએ વારે પણ તેના રંક શાસનને કાંઇ ગાંઠે ? તે વેશ્યાગામી થયો. ચિંતામણી નામની એક વેશ્યામાં વિષયાસકત બન્યો, નિર્લજ્જશિરોમણિ બની રહ્યો. કુટુંબી, સગાં, ન્યાત, જાત, સર્વેની લાજ અને કુલાચાર માત્રને વિસારી, એ વેશ્યા અને તેની મહોબતમાં એ લંપટ સર્વ અને સર્વસ્વ જોવા લાગ્યો. પોતાના કુળનિયમાનુસાર એક દહાડો આંગણે પિતાનું શ્રાદ્ધ છે, માતાએ પ્રબલ આગ્રહથી સગાં કુટુંબીઓને ઘરે ભોજનને માટે આમંત્રણ કરેલું છે. પણ તે કશામાં તેનો જીવ નથી. તેની લંપટતા વેશ્યા તરફ તેને દોરી લઇ જવા તિવ્ર બળ કરી રહી છે. પિતાનું શ્રાદ્ધ કર્યું ન કર્યું, સગાં કુટુંબીઓને જમાડયાં ન જમાડયાં અને તુરત વેશ્યાના મંદિરનો રસ્તો માપ્યો. માતા આ જાણી બહુ જ ખિન્ન બની, પણ શું કરે ? લાચાર. ભાદ્રપદના દિવસો છે. કૃષ્ણ-વિણા નદી જળથી ભરપુર છે. વેશ્યાનું ગૃહ સામે તીર છે. નૌકાવાળાને નદી ઉતારવા ઘણું કહ્યું, પણ રાત્રીનો સમય અને નદીમાં પ્રબળ જળપૂરને લીધે તેમ કરવા કોઇ નૌકાવાળો સંમત થયો નહિ. આખરે નિરાશ બની તેણે નદીમાં પડતું મુકયું. તેને આ સમય પોતાના જીવન મૃત્યુની મિમાંસા કરવાનો નહિ હતો. કોઇ પણ રીતે પ્રિયતમાને જઇ મળવું એ જ વિચારે તેના વિચાર માત્રને રોકી લીધો હતો. અતિ વિષયાસકતોની આવી દશા સહુને સમજવામાં જ હોઇ શકે. નદીના પૂરમાં તે તણાતો અથડાતો, આમ તેમ ગોથાં ખાવા લાગ્યો. જીવનને મૃત્યુના મુખમાં જવાની વેળા પણ આવી ચુકી. સુભાગ્યે એક કાષ્ટ તણાતું તેના

હાથમાં આવ્યું. તેના અવલંબને તે નદી ઉતરી કીનારે પહોંચ્યો. લાકડું દૂર ફેંકી દીધું. વસ્ત્ર બદલવાને પણ પાસે નથી કે પહેરી શીત-ત્રાણ કરે, પણ તેને એ પણ ક્યાં ભાન છે? જુએ તો મંદીર ઉપર ચડવાનો જળના ફરી વળવાથી ક્યાંએ મોખ સૂઝે નહિ. આવી સંકટ-પરંપરા સહી અત્રે આવ્યો અને આંટો શું વિફળ જશે? આ વિચારે એનું માથું ભમાવી મુકયું. પણ આ સમય વધારે લંબાયો નહિ. અગાસીની બારીના કઠોડે કાંઈક દોરડા જેવું બાંધેલું નિહાળ્યું, પોતાને ઉપર જઇ શકવા માટે પોતાની ચતુર પ્રિયતમાએ કેવી ચતુરાઈ યોજી છે એમ હરખાવા લાગ્યો; તુરત તેને પકડી ઉપર ચડ્યો. દીપક બળે છે, પ્રિયા ભરનિદ્રામાં સૂતી છે. કાંઈક શાંતિ, કાંઈક પરિશ્રમ, કાંઇક ઉજાગરો, કાંઈક ટાઢ, કાંઇક ઉલ્લાસ, કાંઈક આવેગ, એમ વૃત્તિપરંપરાના અનુભવના પૂરમાં હવે તે તણાવા લાગ્યો. ઉત્સાહે છાતી ધબકવા લાગી. તે દોડ્યો અને વેશ્યાને સ્નેહાલિંગન કર્યું. વેશ્યા નિદ્રામાંથી જાગી ઉઠી જુએ છે તો પાસે સુરદાસ ઉભો છે! તે બહુ વિસ્મય પામી. એ વેશ્યાને પણ આ ઘડીએ લંપટતા એ મહાન દોષ છે એમ જ્ઞાન થવા લાગ્યું. તે વિચારમાં-વિસ્મયમાં પડી કે, આ ભયંકર વૃષ્ટિના તોફાનમાં નદીનું બેપૂર જળ તરી આ અત્રેસૂધી કેમ સલામત આવી શક્યો?! પુનઃ વિચાર બદલાયા. કામુકોનું જ્ઞાન ક્ષણિક જ હોય છે. આ તો વેશ્યા હતી, કામની પિશાચચેષ્ટાના આનંદમાં સમજણ માત્રનો નિર્વાહ કરી લીધો. આ વિધિ વ્હાણું વ્હાયું. સૂર્યનો ઉદય થયો. વેશ્યા ગત રાત્રીનું તોફાન, નદીનું પુર વગેરે લીલાપ્રાદુર્ભાવ નિહાળવા બારીએ જઈ ઉભી; સુરદાસ સાથે છે. જોતાં જોતાં મકાનની એક બાજુમાં મુડદું પડેલું વેશ્યાના જોવામાં આવ્યું અને તે બોલીઃ જો વ્હાલા! પેલું કોઇ મનુષ્યનું મુડદું પડેલું છે. તણાતું તણાતું નદીના પુરમાંથી આવતાં ઓવાળે આ બાજુ કાઢી નાખ્યું હશે. સુરદાસ જરા

વિસ્મય પામી બોલ્યો: વલ્લભા! એને તો તેં મોકલેલું નૌકા સમજી હું નદી તરી અહીં રાત્રે આવ્યો છું. વેશ્યા આ લંપટના મોઢા સામું સાશ્ચર્ય નિહાળી રહી; પુનઃ જુએ છે તો બારીના કઠોડા ઉપર સર્પ વીંટળાયલો લટકે છે! વેશ્યા બીકથી આભી બની બોલી, જો જો વ્હાલા ભયંકર સર્પ!! સારૂં થયું કે જોવામાં આવ્યો. સુરદાસને તેનું ભાન ઠેકાણે આણવા આવા સંકેત રૂપે જાણે કુદરત જ આ સઘળું કરી રહી હોય તેવો ભાસ થવા લાગ્યો, અને તે કાંઇક વિચારમ્લાન વદને બોલ્યો: એ સર્પને તો દોરડું સમજી આ તારા આવાસ ઉપર હું રાતના ચડી આવ્યો છું, અને તે મૌન રહ્યો. ક્ષણેક વેશ્યા અને તેના વચ્ચે ગાઢ મૌન છવાઇ રહ્યું. તે લંપટ વેશ્યાના મનોભાવ ઉકેલતો હોય તેમ વેશ્યાના ઇંગિત અને આકૃતિ આખું નિહાળી રહ્યો છે. વેશ્યા આ કામાંધનું મરણ સાહસ પર્યંતનું આચરણ અને તે કેવા ક્ષણિક લાભ માટે એની આત્મગત-મનમાં મિમાંસા કરી રહી છે. ઉભયમાં શાંતિ પથરાઇ રહી છે. આખરે વેશ્યાએ તેનો ભંગ કર્યો અને બોલી: બિલ્વમંગલ! આ તારી કેટલી બધી કામાંધતા! કેટલું બધું મરણ સાહસ! મુડદાને નાવ, સાપને રજ્જુ સમજનાર કામાંધ! આંખો ખોલી જો કે તે નાવ નથી પણ મુડદું છે. દોરી નથી પણ સાપ છે. આ મુડદાથી આ નદી તરી આવતાં પ્રબળ પૂરના લોઢે તને ચિરઃ જળશય્યામાં સુવાડચો હોત, અને કાળીઆ વિષધરના દંશે તારા પ્રાણને જૂદા લોકમાં પહોંચાડચો હોત, તો તે વખત આ તારી ચિંતામણીથી તારૂં શું રક્ષણ થઈ શકવાનું હતું? તારા અમૂલ્ય જીવનને મરણના સાહસ પર્યંત મૂકવામાં ઉત્તમમાં ઉત્તમ તેં માની લીધેલું ફળ આ ચિંતામણી તારી સમીપે ઉભી છે. તું જો એ ફળ કેવું છે? સ્વાદમાં મીઠું પણ પરિણામે કડુ છે. વળી તે શેનું બન્યું તે જો. તે મળમૂત્ર, રક્તમાંસાદિ ગર્હિત વસ્તુઓનું

અસ્થિ અને ચર્મથી વેષ્ટિત માત્ર જોવામાં જ સુંદર છે. આંખમાં પીયા છે, નાકમાં લીંટ છે, મુખમાં લાળ-કફ છે, રોમકુપમાં પરસેવો છે. એમાં સુંદર શું છે કે તેના ઉપર આટલો બધો તને મોહ છે ? જા બાંધવ ચાલ્યો જા, તારા જીવનના અવિનશ્વર એવા ઉત્તમ ફળની પ્રાપ્તિના ઉદ્યમમાં જોડા. ચિંતામણી તારો ગુરૂ છે. તને હવે તેવા શુભ માર્ગે જવાની તે ભલામણ કરે છે. આ ચિંતામણી પોતે પણ આજથી એવા કોઇ ઉત્તમ ફળની પ્રાપ્તિમાં ઉદ્યત થશે. ઝાંઝવાના નીરની પાછળ દોડી હવે અધિક ખ્વાર નહિ થા. જા સત્વર ચાલ્યો જા. મોહ ઠગારો ક્ષણ પણ ભરોસો કરવાલાયક નથી. અત્યારે તારા મન ઉપર જ્ઞાનનું સામ્રાજ્ય છે તે પાછો પડાવી લેશે. હવે તો ચાલ્યો જ જા. સુરદાસ સમજ્યો. જ્ઞાનમાં-ભાનમાં આવ્યો. ચિંતામણીનો તેને પોતાને આવી સમજણ આપવા માટે આભાર માન્યો અને ત્યાંથી જ ઇષ્ટ શરણાનુગ્રહને દેહ, મન, બુદ્ધિ સમર્પી ચાલતો થયો.

તુલસીદાસનું પણ તેમ જ છે. તે પ્રબલ આસક્ત હતા, યદ્યપિ પોતાની સ્ત્રીમાં હતા, તે એટલેસુધી કે પત્નીને પીયર પણ જવા દેવામાં વિયોગના દુઃખનો અનુભવ થાય તેટલો અલ્પ વિયોગ પણ તેમને કષ્ટપ્રદ દેખાતો હતો. સ્ત્રી જાતિ છે. માતાપિતાના ઘેર જવાનું મન પણ થાય, જવાની પતિની આજ્ઞા માગે પણ તુલસીદાસ આજ્ઞા આપે નહિ. સ્ત્રીના સહોદરો વિગેરે તેડવા આવે, પણ તમામ વખત તુલસીદાસ તેમને ના પાડી પાછા વાળતા હતા. એક દહાડો તુલસીદાસ સ્નાન કરવા ગયા છે. સુસંયોગે સ્ત્રીને તેનો ભાઇ તેડવા આવી ચડ્યો. સ્ત્રીના ભાઇએ જાણ્યું કે બનેવી ઘરમાં નથી. નીકળી જવાનો આ બહુ સારો લાગ છે. જો બનેવી આવી લાગશે તો રજા નહિ આપે. ભાઇએ બહેનને કહ્યું : ત્વરા કરો અને આગળ થાઓ. બનેવી આવી પહોંચ્યા તો કામ કથળી જવાનું. બ્હેન સતી છે, પતિભક્ત છે. આમ

કરવું તેને ઠીક લાગ્યું નહિ. એક બાજુ મહિયર જવાની ઇચ્છા, માતાપિતા સહોદરોનો સ્નેહ, બીજી બાજુ સતી ધર્મ : બન્નેનું પ્રબળ યુદ્ધ થવા લાગ્યું. નિશ્ચય થયો કે પિતામાતાના ઘેર જવામાં ભર્તાનું ઉલ્લંઘન થતું જોવામાં આવતું નથી. નહિ જાઉં તો માતા, પિતા, ભાઇઓ, જે વખતોવખત મારા માટે આટલું કષ્ટ વેઠે છે તેમને માઠું લાગશે, પતિ કદી રીસે તો બળશે પણ એવો કાંઈ પ્રબળ અપરાધ આમાં હું જોતી નથી. તુરત મનાવી લેવાશે એમ વિચારીને ભાઈની સાથે થઇ. મહીયર આવી, માતા પિતા સર્વેને મળી હેઠે બેઠી. પોતે આવી તો છે પણ મનમાં ભીતિ છે, શાંતિ થતી નથી, તેના મનમાં એ જ ચિંતા રમી રહી છે કે રખે પતિ મને અત્રે આવેલી જાણી સસુરાલનો માર્ગ લે અને પિતા માતાની સર્વેના દેખતાં આબરૂ લેશે. મેં આ પ્રસુસ્નેહ વશ બની બહુ અનુચિત કર્યું છે. તુલસીદાસ ન્હાઇ ઘેર આવ્યા, જાણ્યું કે સ્ત્રી પીયર ગઈ છે. મારા કહ્યા વિના આમ છળથી? બસ એવે જ હાલે સાસરાના ગામનો રસ્તો લીધો. સાસરે આવ્યા અને પત્નીને આગળ કરવા કહ્યું. સ્ત્રી સતી છે, પતિ આજ્ઞા શિરસાવંદ્ય છે, પણ સ્વામીની આવી વ્યવહાર વિરૂદ્ધ છેક જ નિર્લજ્જતા અને માતા પિતાના અપમાનથી માઠું લાગી આવ્યું. સ્વામી ઉપર નહિ પણ સ્વામીની બુદ્ધિ ઉપર ક્રોધ ચડયો. તે બહાર આવી અને બોલીઃ ચાલો હું આ રહી, આ આગળ થઈ. માતા પિતા કે જેમણે જન્મ આપ્યો તેમને મળવા જવા દેવાની પણ તમને પ્રતિકૂળતા, એટલો અલ્પ કાળ પણ આપનાથી વિયોગ ન સહી શકાય ત્યારે જનની જનકથી જન્મેલી કન્યાને પરણી જ લાવવી નહોતી, કોઇ સ્વય નિર્માણ કરી લેવી હતી. તે ક્યાંય જાત પણ નહીં આવત પણ નહીં. આતે શી લંપટતા અને આ શું નિર્લજ્જપણું? સાસરાના ઘરે, આવા હાલે, આવી સ્થિતિએ, આવી બુદ્ધિએ

આવી ઉભા રહી, પ્રભુ! આપની કીર્તિ શામાટે ગુમાવો છો? અંધનાં પ્રજ્ઞાચક્ષુ ઉઘડી ગયાં, બુદ્ધિની અવળાઈ જોવામાં આવી. સ્ત્રીનો ઉપદેશ પ્રબળ થઇ પડયો. ત્યાંથી જ રસ્તો માપ્યો. આજે એ જ તુલસીદાસ રામાયણ જેવું લલિત કાવ્ય નિર્માણ કરનાર ગુસાંઇ તુલસીદાસજી કહેવાય છે. બાધક તે જ સાધક બનવાની બાબતમાં બે દાખલા બહુ પૂરતા છે. સમજણ આમાંથી એ જ લેવાની કે સાધકને જ સાધક સમજી બાધકને ઓળખી મુક્ત થવું. બંધાવું નહિ, તે દ્વારા સિદ્ધિના લોભમાં ફસાવું નહિ.

હવે સંસ્કારનો નાશ અને સંસ્કારાંતરનો ઉદય આ શક્તિના ઉદયને અનેકધા બતાવે છે. દાખલા તરીકે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ્ઞાનનો ઉદય કરશે પણ મોહનીય કર્મનો ઉદય હોય તો જ્ઞાનને તે તે સ્વરૂપમાં ઘસડાવું પડશે. જ્ઞાન જ્ઞાનનું કામ કરશે પણ મોહનીય કર્મજન્ય ઇચ્છાનુકૂળ થઇ કરી શકશે. આથી જ્ઞાન કેટલાક વિદ્વાનોમાં અનેકધા ઉદય પામે છે. સંસ્કારનો નાશ અને સંસ્કારાંતરનો ઉદય આપણે એને જ કહીએ. કોઇનામાં એ શક્તિ કવિત્વરૂપે, કોઇમાં માનવ સ્વભાવના જ્ઞાનરૂપે, કોઇમાં શોધક બુદ્ધિરૂપે આમ વિવિધ રૂપે પરિણમે છે તે અમુક સંસ્કારનો નાશ અને અમુક સંસ્કારના ઉદયથી જ.

કાલિદાસ સુંદરતા–શૃંગારનો કવિ હતો. તેને જે સૌંદર્ય જે શૃંગારના અલંકારો જડી આવતા તે બીજા કવિને ભાગ્યે જ જડી આવશે. શેક્સપિયર મનુષ્યસ્વભાવનો કવિ હતો. તેણે જે કાંઇ લખ્યું છે, તે સ્વાભાવિક–જાણે મનુષ્યોના હૃદયને ઉકેલીને–વાંચીને જ લખ્યું હોય નહિ શું, એમ અનુભવ થાય છે. આ કળા ભાગ્યે જ બીજો કવિ બતાવી શકે. એડીસનમાં શોધક બુદ્ધિરૂપે એ શક્તિ છે. તેણે જે જે શોધો કરી છે, તેવું આપણે કે જેમાં એ શક્તિ પરિ-

ણમી નથી તેનાથી ભાગ્યે જ બની આવશે. આ પ્રમાણે કોઈ હાજર જવાબી બુદ્ધિરૂપે (લવા અને બાદશાહના કિસ્સાઓમાં લવાનાં હાજરજવાબીનાં અનેક દૃષ્ટાંતો છે) કોઇમાં યુક્તિકુશળતા રૂપે, કોઇમાં કાંઇ અને કોઈમાં કાંઇ રૂપે જે શક્તિઓ ખીલી રહી છે તેમાં અમુક સંસ્કારનો નાશ, સંસ્કારાંતરનો ઉદય જ કારણ છે.

ઉપરાંત અવસ્થા, વિનય અને ક્રિયા પણ એ શક્તિના ઉદયના અમુક અંશે સાધક દેખાય છે. અવસ્થાનું જ્ઞાન અવસ્થાએ પ્રાપ્ત થાય છે એ કથન પ્રસિદ્ધ જ છે. આ કથનના સત્યમાં **વિપર્યાસ** સૂઝે છે, અને 'સાઠે બુદ્ધિ નાઠી' એવું બોલાય છે, તે માત્ર વયની અલ્પતાજન્ય અલ્પ બુદ્ધિનું પરિણામ છે. ઉછરતાની અલ્પ બુદ્ધિને, અલ્પ વિચારોને, વૃદ્ધોના પરિપક્વ વિચારો અનુકૂળ થઇ પડતા નથી એ જ માત્ર આમ માનવામાં કારણભૂત છે. અનુભવ–જ્ઞાન પોતે જ વૃદ્ધ છે. વૃદ્ધાવસ્થા પરિપક્વાવસ્થા છે. તે અવસ્થામાં જ તેવું જ્ઞાન ફળે તે સરહસ્ય સમજાય છે. તરૂણમાં પણ જ્ઞાનની–અનુભવની પરિપક્વતા હોય તોપણ અમે તો તેને વૃદ્ધ જ માનીશું, જ્ઞાનવૃદ્ધ જ ગણી તેને વંદનીય કહીશું. આમ છતાં પણ વયોવૃદ્ધને વિશેષ માનવાનું સાહસ થઈ આવે છે. શાણી કુદરત જ એમ સમજાવતી હોય તેમ દેખાય છે. બાળકથી તુરત જ પિતા, વડિલ, પૂજ્ય બની બેસાતું નથી. કુદરતે પોતે જ એ ક્રમ સ્વીકાર્યો તો આપણે તદ્વિરૂદ્ધ પ્રમાણ આપનાર કોણ માત્ર ?! ગમે તેમ હો, અવસ્થાની પરિપક્વતા પૂજનીય છે. અંતે એ વાત વ્યવહારથી સાનુભવ ફળે છે, તો પછી અવસ્થા એ શક્તિના ઉદયની સાધક માનવી એ જ કર્તવ્ય વિશિષ્ટ છે.

વિનય આ શક્તિનો અવશ્ય વિનિમય કરે છે. શાસ્ત્રોમાં, વ્યવહારમાં, શિષ્ટોના કથનમાં **વિનયાદિ** ઉપર બહુ ભાર મૂકીને બોલ-

વામાં આવ્યું છે તે ઉપર વિચાર કરી જોતાં આ જ અનુભવ ફળે છે. અવિનીત યદ્યપિ બુદ્ધિમાન છતાં આ શક્તિનો ઉદય અનુભવતો નથી. જ્યારે એક વિનયશીલ, ભલે અલ્પબુદ્ધિમાન હોય પણ આ શક્તિના ઉદયની કૃપા મેળવે છે. કૃપા, તુષ્ટિ એ બધાંને વિનય સર્વદા ખેંચનારો છે. " **मूकं करोति वाचालं पंगूल्लंघयते गिरिं, यत्कृपातमहं वंदे**" આમ જે કેટલાક વદે છે તેનો શું અર્થ છે ? વિનય જ તે ફળને આપે છે. ગુરૂ, માતાપિતા પાસેથી શિષ્ય પુત્રે વિનયરૂપ સેવાના આશિર્વાદ વિના વિદ્યા, કે પુંજી કાંઈ જ ન મેળવ્યું હોય તોપણ તે આશિર્વાદ જ તેની વિદ્યા અને પુંજી છે. અનંત શાસ્ત્ર ભણી આવનાર, તથા અસંખ્ય દ્રવ્યનો વારસો મેળવનાર સ્વચ્છંદી શિષ્ય અને પુત્ર કરતાં જરૂર વિનયશીલની પ્રભા વધશે. ટુંકામાં વિનય જે આ શક્તિના ઉદયમાં અર્થ સાધે છે તે અર્થ વિદ્યા કે વારસો સાધી શકતો નથી.

ક્રિયા—આ ક્રિયા કરતાં કરતાં પણ આ શક્તિનો ઉદય થતો જાય છે. મનુષ્ય ક્રિયામાંથી ખામી નિહાળતો સુધારતો આગળ વધતો ચાલે છે. એક ચિત્રકાર ચિત્ર કાઢે છે, સામું જોતો જાય છે, ખામીઓ ધ્યાનમાં લેતો જાય છે, પીંછીથી રંગ વિગેરે પૂરી દૂર કરતો જાય છે, ચિત્રને અભિનવ શોભા અર્પે છે. આ વિધિ એકથી અન્ય, અન્યથી અપર આમ ચિત્રસૃષ્ટિ સ્વશક્તિના ઉદયાનુકૂળ નિર્માણ કરતો વધે છે. આ વિધિ શોધકો શોધ કરતાં કરતાં, ગાયક ગાતાં ગાતાં, એન્જીનીયર પ્લાન ઘડતાં ઘડતાં, શિલ્પકાર શિલ્પ કામ કરતાં કરતાં, એક નિપુણમાં નિપુણ શોધક, એક નિપુણમાં નિપુણ ગાયક, એક નિપુણમાં નિપુણ એન્જીનીયર અને શિલ્પકાર બની શકે છે.

નિયત સમય થવા આવ્યો છે તેથી એકાદ પોઇન્ટ ઉપર આ શક્તિના ઉદયની ભવિતવ્યતા બતાવીશ. સ્વપરમાં દુર્બળતાની મિમાંસા

આ શક્તિને ઉદયમાં આણે છે. આ મિમાંસા સમષ્ટિની દુર્બળતામાંથી કોઇ વ્યક્તિમાં સમષ્ટિ બળની ભાવનારૂપે પરિણત બની વ્યક્ત થાય છે, દેખાય છે. હું જ સમષ્ટિ છું, મારી જ એ દુર્બળતા છે, મારે જ તે દૂર કરવી જોઇએ એમ તે વ્યક્તિ સમજતાં શીખે છે. દિન રાત્ર એ કારણો દૂર ન થાય ત્યાં પર્યંત આત્મભોગે પણ શાંતિ અનુભવતી નથી. જ્યાં જ્યાં આવી કોઇ ભાવના સાથે બહાર નીકળી આવેલી વ્યક્તિ તમે જોશો, ત્યાં આ સ્વપરમાં દુર્બળતાની મિમાંસા કરવાનો અભ્યાસ તમને તેના કારણરૂપ જણાશે. શ્રીયુત દાદાભાઇ, ગોખલે, પીરોજશા, મોહનલાલ ગાંધી વિગેરે જે આપણી સમષ્ટિનાં વાજીંત્રો થઇ પડયાં છે તે આ ઉત્તમ ભાવનાયુક્ત મિમાંસા કરવાના અભ્યાસથી જ. અમને આ દુઃખ છે, અમને આ અડચણ છે, અમારો હિંદુસ્તાન આની જરૂરીયાત ધરાવે છે એમ તેમના અવાજના પડઘા શાણી સરકાર ઝીલે છે તે શા કારણથી? તેમની પોતામાં સમષ્ટિની આદર્શરૂપ ભાવનાથી. પોતાના એકમાં આખા રાષ્ટ્રને માનવાનું સમષ્ટિભાવનાનું તેઓમાં બળ છે તેથી **સમષ્ટિ** પણ તેથી જ તે તે વ્યક્તિમાં પોતાપણું, સમષ્ટિપણું સમજી તથા પ્રકારનો વિશ્વાસ મૂકે છે. વસ્તુગત્યા જોવા જઇએ તો જે દુઃખને માટે, જે અડચણોને માટે, તેવી વ્યક્તિઓ અવાજ કરે છે તેમાંનું તેમની જાતને માટે માત્ર અંશતઃ, અને અમારો હિંદુસ્તાન કહી તેઓ બોલે છે તે હિંદુસ્તાનમાં તો પ્રાયઃ ત્રીશ કરોડ જેટલી વ્યક્તિઓ વસે છે. આ બધો સ્વપરમાં દુર્બળતાની મિમાંસા કરવાના પરિણામે ઉદયમાં અનુભવેલ આત્મશક્તિનો પરિણામ છે.

આપણા જીવનઇતિહાસમાં અને વૃદ્ધોના કથનથી સાનુભવ આ વાત ફળે છે કે જે પુરૂષો હિંદના કોહીનુરરૂપે ચળકતા થયા છે અને થાય છે તે પ્રાયઃ ગરીબ કુટુંબમાંથી અનુભવાય છે, કારણ કે તેઓ દુર્બળતાની મિમાંસા કરી તેને ખસેડવા અને સબળ બનવા આત્મ-

શક્તિના ઉદયમાં યત્નશીલ બને છે અને તે મેળવે છે. જેઓ પ્રાપ્તવ્ય પ્રાપ્ત વિવેક વિકલ બની પ્રાપ્ત સર્વમાં સંતોષ નહિ પણ પ્રમાદ–આલસ્ય સેવે છે તેઓ સ્વપર દુર્ભાગતા નિહાળી શકતા નથી અને પોતે જે પગથીએ સ્થિત છે, ત્યાં જ રહી પોતાનું જીવન પૂર્ણ કરે છે. સમય થઇ જવાથી આજનો વિષય આટલાથી અટકાવવામાં આવે છે, સાથે જ શ્રોતાઓને સ્મરણમાં તાજું કરાવવામાં આવે છે કે આ કથન કર્મ સહયોગી મલિન–વિકૃત આત્મશક્તિના ઉદય પરત્વે સમજવાનું છે. તે જ શક્તિ ક્રમશઃ ખીલતાં–ઉદય પામતાં કઈ પરાકાષ્ટાએ પહોંચે છે અને વચમાં કેટલા પ્રયત્નો તે માર્ગ તરફ ગતિ કરતાં સ્વીકારવા પડે છે તે હવે પછી વિચારીશું.

(ત્રીજો દિવસ)

મુનિવરો તથા શ્રોતાઓ,

આત્મશક્તિનો ઉદય, આ વિષય ત્રણ ચાર વખતથી લંબાયા કરે છે. શંકા રહે છે કે આજે પણ તે પૂર્ણ થશે કિંવા નહિ. પૂર્ણો અને અપૂર્ણોની દિશા પૃથક્ પૃથક્ છે. પૂર્ણો એક શબ્દમાં, એક વ્યાખ્યામાં, કિંવા સામાન્ય કથનમાં સહજ નિષ્કર્ષ કાઢી બતાવે છે, કેમકે તેઓના શબ્દો ઉપર તેમનો અનુભવ રેડાય છે; આપણને જરા સમજવા, સમજાવવા આયાસ લેવો પડે છે. આપણે આવી બાબતના અનુભવના હજી વિદ્યાર્થીઓ છીએ, તે અનુભવનું જ્ઞાન હજી આપણને દૂર છે. તમે સૌ હંસવત્, નીરક્ષીરવિવેક ન્યાયે, પ્રતિપાદ્ય વિષયમાં થતી ક્ષતિને દૂર કરી તત્ત્વને સ્વીકારવાનું લક્ષમાં રાખશો; કાલીઘેલી ચર્ચામાંથી પણ આપણે એક ઉત્તમ વિષયના જ્ઞાનની સમીપે જવાનું કરીએ છીએ. સાથે જ ભલામણ કરવામાં આવે છે કે, પ્રતિ-

પાદ્ય વિષય માત્રમાં બે બાજુઓ રહે છે, જેને આપણે બ્લેક સાઇડ અને વ્હાઇટ સાઇડ, એટલે કે કાળી અને ધોળી બાજુના નામથી ઓળખીએ છીએ. પ્રતિપાદ્ય વિષયમાં પસંદગી, હમેશાં ઉજ્વલ ધોળી બાજુ તરફ હોય છે, અને પ્રમુખતાએ તેનું જ પ્રતિપાદન થાય છે, તથાપિ તે પ્રતિપાદનમાં ગૌણરૂપે પણ ઉલટી બાજુ તુલના માટે મદદગાર હોઈ શકે છે. અંધકારનું જ્ઞાન પણ પ્રકાશના જ્ઞાનને માટે થવું આવશ્યક છે. કેટલાકોથી કેટલીક વાર આદર્શના પ્રતિપાદનમાં ઉલટી દિશાનું પ્રકથન અનુપાદેય માનવામાં આવે છે, ભીતિથી કે રખેને શુભ હેતુનું ફળ અશુભ નીપજે. વખતે ઉલટી જ દિશા ગ્રહણ કરી લેવાય. આ માત્ર ભીતિ છે. સમજવું જોઇએ કે, જે સંગ્રહાય છે તે જ સર્વત્ર આવિર્ભૂત થાય છે. મને પોતે ઉભય બાજુઓને પોતામાં સંગ્રહી રાખી છે. આપણે જ્યારે જ્યારે અનુકૂળના લાભ બતાવવા પ્રતિકૂળનું મનમાં સંગોપન કરીએ કે, મન પ્રતિકૂળને પોતામાં ફળાવી લે છે, તે સમજતાં શીખે છે કે આ શૈલીએ પોતાના અમુક પ્રદેશ ઉપર આઘાત થાય છે; અને તુરત તેનું પક્ષપાતી બને છે. એક વસ્તુનો કોઇ છેડો પોતાની મૂઠીમાં દાબી રાખી, અમુક ભાગ કોઇને બતાવીએ તો જોનાર તે જુએ છે, તે માત્ર જુએ છે; તેની જિજ્ઞાસા, તેના મનોવ્યાપાર, તે વસ્તુનો અવશેષ ભાગ, કે જેને આપણે નહિ બતાવવા ગુપ્ત રાખેલ છે, અને જેની મળીને તે આખી વસ્તુ બની છે, તે જ જોવામાં રોકાયેલ હોય છે. અન્ય ભાગ સાથે આખી વસ્તુને અવલોકવામાં જ મનની સર્વદા પ્રવૃત્તિ છે. આપણે તે ન બતાવીએ તો, પોતાની શક્તિથી તે ધટાવી લે છે, અવલોકી લે છે અને જેનું પ્રદર્શન આપણે પ્રકટ મૂકેલું હોય છે તેની ઉપેક્ષા કરે છે. મનને આપણે ગુપ્ત રાખીને શું શીખવાડયું ? જે ગુપ્ત રાખવા માગ્યું હતું તે જ કે બીજું કાંઇ ? જો મનનો આદર્શ જ, પ્રતિપાદ્ય જ, પ્રકટ જ, અવ-

લોકવાનો સ્વભાવ હોય તો, જે ઉલટું અપ્રતિપાદ્ય, અપ્રકટ રાખ્યું હતું તે તેના ધ્યાનમાં ક્યાંથી આવ્યું? તે તેના પોતાનામાં જ છે. અવયવખંડિત સત્યને તે કદી જોવા માગતું નથી. ઉલટાની તુલના વિનાનું સત્ય અવયવખંડિત છે, અને તેથી સુવિચાર કે તેનું ગ્રહણ કરી આખી વસ્તુ એક વાર તો રજુ કરી દેવી જોઇએ, પછી ભલે ઉલટાને ગૌણ રાખી આદર્શનું પ્રતિપાદન થાય. મન ઉલટાની અનાદર્શતા, આદર્શના પ્રતિપાદનમાંથી અવલોકી, શોખી શકશે. એકદેશીય માત્ર આદર્શપ્રવૃત્તિથી હેતુસિદ્ધિ સમજાતી નથી. તે રૂઢી નથી, રૂઢીનું મનને બંધન છે, તે રૂઢીની શૃંખલામાંથી આરૂઢ સત્ય ઉપજાવી આપવું જોઇએ. આથી સામાન્યતઃ કાળી બાજુ બતાવવામાં આવે તો તે શ્રોતાઓએ ક્ષંતવ્ય સમજવી. આ કાળી બાજુ બતાવવાનો ઉદ્દેશ અમુક ધર્મ, સંપ્રદાય, કે સમાજોના વ્યક્તિબંધારણ ઉપર આઘાત કરવાનો નથી, અમુક શ્રદ્ધાબદ્ધતાથી, કેટલાંક રૌઢિક વલણોથી, માત્ર દેખાદેખી રૂપ પ્રવૃત્તિ સર્વ કોઇમાં ગતાનુગતિક દૃષ્ટિએ ચાલી રહેલી છે. હેતુ અને ફળસિદ્ધિ કાંઈ સમજાતી નથી. આ સઘળી પ્રવૃત્તિ પારમાર્થિક દૃષ્ટિએ આત્મશક્તિના ઉદયને કરનારી નથી તે બતાવતાં કાળી બાજુ બતાવવી પડે તો તે હેતુપુરઃસર છે, એમ માનશો. અમુક સત્યની પરાકાષ્ટા માની લેવાય છે તેથી વધીને આગળ કાંઇ સત્ય હોય તેમાં કદાગ્રહોને લઇને માન્યતા સ્વીકારાતી નથી, એવાં કારણોને લઇને તે કાળી બાજુ કહેવાય છે. સર્વ કોઈ પોતપોતાના શુભ હેતુને લઇને ઉજ્વલ છે. નિર્હેતુક કેટલાક આગ્રહો અથવા પ્રવૃત્તિને અમે કાળી બાજુ કહીએ છીએ. ઉત્તરોત્તર સત્યની તે દિશા બંધકર્ત્રી છે અને જે વિધિ સંગ્રહાવી રખાવ્યો હોય છે, તેના પણ હેતુ કે ફળથી અજ્ઞાત રાખે તેવી છે. કહેવાનું એ કે હેતુની સમજણરહિત પ્રવૃત્તિ માત્રને, અમે કાળી બાજુ કહીએ છીએ, અને તે બતા-

વતાં કોઇ ધર્મ, સંપ્રદાય, સમાજ કે અનુષ્ઠાનને માટે બોલાય તે, અમુક આવા ખોટા આગ્રહ તથા અજ્ઞાનને માટે બોલાય છે, એમ માની લેશો. ખોટું કેટલીક વાર સાચું મનાઇ જાય છે, અને તેથી યથાર્થ સત્ય શોધવાની પ્રવૃત્તિ આગળ થતી અટકી જાય છે. એક રૂપિયાની હંમેશની જરૂરીઆતવાળાને એક રૂપિયો કમાયો કે શાંતિ છે, તેના મનમાં એવો તેને આનંદ છે કે આજના ખર્ચને માટે રૂપિયો ખિસ્સામાં પડી ચુકયો છે, પણ જ્યારે તેનો ખુરદો લેવા તે રૂપિયો પારેખને બતાવવામાં આવે, ત્યારે તેના સમજવામાં આવે છે કે, રૂપિયો ચલણનો છે કિંવા ખોટો છે; કથીરનો કે બનાવટી, કિંવા જૂદી ટંકશાળનો છે. ત્યારે જ તે સમજી શકે છે કે રૂપિયો ખોટો છે અને બીજા સાચા રૂપિયાને માટે પ્રવૃત્તિ કરવી આવશ્યક છે, તેમ જ હંમેશની જરૂરીઆતવાળી ધાર્મિક, સાંપ્રદાયિક, કિંવા સામાજિક રૂઢીએ ચાલી આવતી, ધર્મક્રિયાઓમાં મનાઇ ગયેલ સત્યની અમુક મર્યાદા બાંધી લેવાય છે, ત્યાં પર્યંત યથાર્થ સત્ય તરફ કોઇ દહાડો પ્રવૃત્તિ બનશે નહિ અને જો એ સંબંધમાં એમ સમજાશે કે, આપણા અમુક ધર્માનુષ્ઠાન, ધાર્મિક પ્રવૃત્તિઓ હેતુ અને સમજણના જ્ઞાન વિનાની યદ્વાતદ્વા છે, સત્ય તો આમ હોવું જોઇએ, કરવામાં આવતી પ્રવૃત્તિમાં માત્ર ગતાનુગતિક બુદ્ધિ છે, તો સત્ય તરફ પ્રવૃત્તિ કરવાની આપણી સ્વતઃ જ ઇચ્છા થશે; અને આપણી પ્રવૃત્તિ યથાર્થ હેતુ અને સમજણ તરફ વળશે; તેથી જેટલા અંશે તેવું જે કાંઇ જે જેમાં હોય તે અસત્ય કિંવા અયથાર્થ છે, તે બતાવવું અસ્થાને નહિ માની શકાય.

આટલું બોલી મૂળ વિષય ઉપર આવતાં, કહેવું પડે છે કે પ્રથમ વિકૃત આત્મશક્તિ ઉપર બોલાઇ ગયેલ છે, તે જ શક્તિ ક્રમોત્તર નિર્મળ કેમ થાય, તે હવે વિચારીએ. આપણે વર વિનાની જાન જોડયા જેવું,

આજપર્યંત કર્યું છે તે વર કયો અને કોણ તે આપણે કહ્યા, બતાવ્યા કે ઓળખ્યા વિના ગાણાં ગાયા કીધાં છે. આત્મશક્તિનો ઉદય, આત્મશક્તિનો ઉદય, આમ ગાયાં કીધું છે પણ તે આત્મા કોણ? શી વસ્તુ! તેની શક્તિ તે શું તે બાબત કાંઇ જ કહેવાયું નથી. તો પ્રથમ તે વિચારીએ.

આત્મા તે શું, તે બાબત, તેના અનુભવ નિકટવર્તીઓને, નિરંતર આત્માના પ્રદેશમાંજ અવગાહન કરનારાઓને પણ, યથાતથ્ય કહેવાને ઘાટ મળી શકયો નથી. કેમકે અનુભવનું કથન વાણીથી પર છે તો હું કે જેને તે દિશા હજી દૂર છે, તે આવા ગહન વિષયને તમારા સમીપે કહેવા ઉભો થયો છું, તે એક બાલ્ય સાહસ છે એમ મને લાગે છે. તોપણ તે બાબત જાણવાની જે કાંઇ મને જિજ્ઞાસા છે, અને તેના માટે જે કાંઇ શિષ્ટોના કથનથી મેં જાણ્યું છે, તેના જ પરાવર્તનરૂપે કિંવા એક તે વિષયના વિદ્યાર્થી તરીકેની પરીક્ષા આપવા રૂપે, હું યથાશ્રુત, યથાપઠિત, યથાનિદિધ્યાસિત મતિએ, કહી સંભળાવીશ; તે કથનમાં કાંઇ પણ યથાતથ્ય હોય તો તે શિષ્ટોનું છે, કાંઇ અપૂર્ણતા હોય તો તે મારી પોતાની છે એમ સમજશો.

આત્મા એ એવો વિવાદનો વિષય છે કે, તેના સંબંધમાં જૂદી જૂદી માન્યતાવાળા સર્વને, તેનો એક વ્યાખ્યારૂપ અમુક નિર્ણય બાંધી આપવો, બહુ જ અશકય બાબત છે. જ્ઞાની મહાત્માઓ કે ઋષિમહર્ષિઓ પણ તેમ કરી શકયા નથી તો મારૂં તો શાનું ગજું? તોપણ મહાત્મા અનંદઘનજી મહારાજે બહુ મુસ્કેલી અને ઘડભાંગને અંતે, વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિથી આત્માના સંબંધમાં કાંઇક નિર્ણય આપ્યો છે, તેથી આત્મા શું તે બાબત તેમના કથનથીજ હું સમજાવીશ. તેઓ મહાનુભાવ કહે છે કે—

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ—
રૂપી કહું તો કછુ નહિ પ્યારે, બંદે ઐસે અરૂપ,
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે ના સિદ્ધ અનૂપ—નિશાની.

કહે છે કે આત્મા ! તારી ઓળખાણની નિશાની હું શું બતાવું ? તું અગમ અગોચરરૂપ છે. રૂપી કહું તો રૂપ કાંઇ છે નહિ, તું અરૂપ છે. ઉભયને સમુચ્ચયે એટલે કે રૂપારૂપી જો કહું તો અનૂપ એવા સિદ્ધ તેવા નથી.

ત્યારે—સિદ્ધ સનાતન જો કહું રે, બંધ ન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દશા પ્યારે, પુન્ય પાપ અવતાર—નિશાની.

તું સિદ્ધ સનાતન છે, એમ જો કહું તો, બંધ અને મોક્ષ તારા વિષે સંભવતો નથી, તું નિર્બંધ અને નિર્મોક્ષ થવા જાય છે. બંધ મોક્ષ તુંમાં ઘટે છે તેમ કહું તો, સંસારી દશા તને ઘટતી નથી; કેમકે અવતાર તો પુન્યપાપના છે-તારા નથી. નિશાની કેવી બતાવું ? વળી કહે છે કે—

શુદ્ધ સનાતન જો કહું તો, ઉપજે વણસે કોણ;
ઉપજે વણસે જો કહું પ્યારે, નિત્ય અબાધિત ગૌણ—નિશાની.

શુદ્ધ સનાતન જો કહું તો, ઉપજે વણસે છે તે કોણ થશે ! ઉપજે વણસે છે એમ કહું તો, નિત્ય અબાધિત એવાં જે તારાં વિશેપણો છે તે ગૌણ થાય છે, તને કઇ નિશાની આપી સુલક્ષિત કરવો ?

પુનઃ—સર્વાંગી સબ નય ધણી, માને સબ પરમાન;
નયવાદિ પલ્લો ગ્રહી પ્યારે, કરે લડાઈ ઠામ—નિશાની.

આમ સર્વ અંગથી, સમગ્ર નય અને સર્વ પ્રમાણવાદીઓ તને, સાપેક્ષ પૂર્વોકત નિશ્ચય વ્યવહાર દષ્ટિએ સમજીને નિરૂપે છે, પણ અમુક નયવાદી સ્વનયનો પલ્લો ગ્રહણ કરી, તને તેમ સિદ્ધ કરી આપવા લડાઇઓ કરે છે.

ત્યાં કહે છે કે—

અગમ અગોચર વસ્તુ હે રે, જાણવું યેહિ ઇલાજ;
કહન સુનનકોં કછુ નહિ પ્યારે, આનંદઘન મહારાજ—નિશાની.

એવી નિશાની તો આનંદઘનજી મહારાજ કહે છે કે, તું અગમ અગોચર છે એમ કહી આપી શકાય. માત્ર તને અનુભવમાં જાણવો, એ જ તેનો વાસ્તવિક ઉપાય છે; કહેવાને કે સાંભળવાને માટે તો તારા માટે એવી કોઇ પણ નિશાની ઉપલબ્ધ થતી નથી, કેમકે હે મહારાજ! તું આનંદઘન છે. આવા માહાત્મા જ્યારે, આત્માના સંબંધમાં આમ કહી ગયા છે, ત્યારે હવે તે બાબતમાં આથી અધિક હું શું કહી શકું તેમ છું? આત્મા તે શું એના પરિચયમાં એ મહાત્માના કથનને યથાર્થ મંજુર રાખવું એ જ આપણા માટે પૂરતું છે. અમૂર્ત વસ્તુને તેના ગુણ કે શકિતવિશેષથી જ ઓળખાય છે. બીજું કાંઇ જ તેનું સાધન હોઇ શકતું નથી. તેથી આત્મા તે શું તેની વ્યાખ્યા આટલાથી જ સમજી આગળ નહિ કરતાં આત્માની શકિત શું તે આપણે વિચારીએ. આત્માની શક્તિ અનંત છે તોપણ મુખ્ય તેની ચાર શક્તિઓ છે. જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, ચારિત્રશક્તિ, અને વીર્યશક્તિ. આ ચારે શક્તિઓ કોઇમાં વ્યક્ત, કોઈમાં અવ્યક્તરૂપે, તો દરેકમાં હોય છે. વ્યક્તથી, અવ્યકતને ઉદયમાં આણી શકાય છે, એટલે કે ઉદયમાં મૂકી કે ઓળખી શકાય છે; ઉદય અનુદય અપેક્ષાએ બોલાય છે. દર્શનશક્તિ–સામાન્ય જ્ઞાન, તેને જૂદા સ્વરૂપે ન બતાવતાં, જ્ઞાનશક્તિમાં તેનો સમાવેશ કરી લેઇશું. આ શક્તિઓના ઉદયને માટે, કર્મયોગ અને જ્ઞાનયોગ એ મુખ્ય છે. આપણું આજનું બોલવું કર્મયોગ પરત્વે છે તેથી કર્મયોગાનુકૂળ જ્ઞાનપરત્વે વિસ્તરશઃ તો જ્ઞાનયોગમાં કહેવાનું રાખી, પ્રથમ કાંઇક બોલવું પડશે. કર્મયોગ પરત્વે જેટલું જ્ઞાન આવશ્યક હોય, તેટલું તો પ્રથમ મેળવવું જ જોઇએ,

કારણકે તદ્દન જ્ઞાનવિહીનોને તો કર્મયોગ હોઇ શકતો જ નથી. કર્મયોગને અનુકૂળ જ્ઞાનશક્તિને ઉદયમાં લાવનારાં આઠ કારણો છે, અને તે પ્રેમ, જીજ્ઞાસા, સુશ્રૂષા, શ્રવણ, બોધ, મિમાંસા, પરિશુદ્ધિ અને પ્રવૃત્તિ છે. આ સઘળામાં પ્રેમ પ્રથમ છે. પ્રેમપૂર્વક તે માટે પ્રવૃત્તિ થવી જોઇએ. શ્રદ્ધા, યેકિન, ઇમાન આ બધા શબ્દો પ્રેમવાચક છે, અને સઘળાના અનુષ્ટાનનો પાયો પ્રેમ છે. જ્યારે અમુક કર્મમાં પ્રેમપૂર્વક આદર થાય, અમુકમાં પ્રેમાદર ઉત્પન્ન થાય, ત્યારે જીજ્ઞાસા વધે, જીજ્ઞાસાથી સુશ્રૂષા સાંભળવાની ઇચ્છા ઉત્પન્ન થાય, પછી શ્રવણ થાય અને પશ્ચાત્ બોધ થાય, કેમકે જે સાંભળવું છે તે પ્રેમપૂર્વક સાંભળવું છે. પછી તેના ઉપર મિમાંસા–મનન થાય, એથી પરિશુદ્ધિ, મનની શુદ્ધિ બને, એથી પ્રવૃત્તિ થાય.

આ ઉપરથી તાત્ત્વિક જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે, શ્રવણ વાંચનની કેટલી અગત્ય છે, તે સમજાયા વિના રહ્યું નહિ હોય. દિલગીરી સાથે કહેવું પડે છે કે પ્રેમ સહિત જીજ્ઞાસા અને તથા પ્રકારના બોધ મેળવવાને માટે ઘણી જ મંદતા દેખાય છે. વાંચન આપણામાંથી ઘટી ગયું છે એમ નહિ કહી શકાય, પણ જે વંચાય છે તે અજ્ઞાનપૂર્વક અને ઘણા ભાગે સઘળું સકામ, ઐહિક, વ્યવહારોપયોગી વંચાય છે, ન્યુસપેપરો, નોવેલો કે નાટકોના વાંચનથી, અમુક કક્ષાએ વ્યાવહારિક જ્ઞાન મળે, તે શિવાય અન્ય અધિક લાભ કાંઇ દેખાતો નથી. પૌરાણિક કથાનક ઇતિવૃત્તો અમુકને અમુક આશામાં બાંધી કેટલીકવાર કેટલાકોને સકામ પ્રવૃત્તિ કરાવે છે, અમુકના ઇતિવૃત્તમાંથી અમુક કર્માનુષ્ઠાનથી, અમુક વ્રતાચરણાદિથી, કોઇ અમુક દેવગતિને પામ્યો હતો, કોઇ ચક્રવર્તી રાજા થયો હતો. આપણે પણ તેવું આચરીએ, આવી આશામાં મનુષ્યને પાડી, સકામ પ્રવૃત્તિ કરાવે છે. આથી અનુષ્ઠાનોપયોગી જ્ઞાનશક્તિનો ઉદય ખીલવો જોઇએ, તે ખીલતો નથી

અને પ્રત્યુત અજ્ઞાનની વૃદ્ધિ થાય છે. નાટકો, નોવેલો, છાપાઓ કે પૌરાણિક ઇતિવૃત્તો, વાચકને વાંચવામાં રસભર જણાય છે અને જ્ઞાનને કિંચિત્ ફળાવે છે, પણ જ્ઞાનની વાસ્તવિક દિશા તાત્ત્વિક છે, અને તે વાંચન વિના ફળતી નથી. જોકે પુરાણાદિ વાંચનથી પણ ધર્માનુષ્ઠાન રૂચિ વધે છે, પણ તાત્ત્વિક જ્ઞાનના અભાવે, માત્ર સકામ પ્રવૃત્તિ થતાં, તે અનુષ્ઠાનના યથાર્થ હેતુની સાધક ઘણીવાર તે પ્રવૃત્તિ થઇ શકતી નથી. તાત્ત્વિક ગ્રંથો તેવા ઇતિવૃત્તના નાયકોએ મેળવવાનું શું મેળવ્યું, અથવા નહિ મેળવ્યું તે સમજાવે છે, એટલે કે લોકોત્તર જ્ઞાન તાત્ત્વિક ગ્રંથો આપે છે. કોઈ વેદધર્માનુયાયી બાળકના હાથમાં ભગવદ્-ગીતા આજ આપણે ભાગ્યે જ નિહાળીશું, કોઈ જૈન બાળકના હાથમાં નવતત્ત્વાદિ, તાત્ત્વિક ગ્રંથો, આપણે ભાગ્યે જ અવલોકીશું. પછી જ્ઞાન કહો કે તત્ત્વ કહો તેની ઉપલબ્ધિ ક્યાંથી બને? સામાન્યથી વિશેષમાં દોરી જવાનું કામ તાત્ત્વિક ગ્રંથોનું છે. તેમાં અભિનિવેશને બદલે રાત્રિ દિવસ છાપા, નોવેલો અને નાટકો કિંવા પુરાણાદિના વાંચનથી વર્તમાન ખબર, રસનિર્ભર ઇતિવૃત્તોના આનંદથી અધિક શું પ્રાપ્તિફળવાની? પૌરાણિક ભાવના ક્રિયારૂચિ જાળવવા, ક્રિયાલોપ થતો અટકાવવાના માટે છે, તેવા વાંચનની અપેક્ષા તેટલાપુરતી આવશ્યક છે, પણ જ્ઞાન કે જે ક્રિયાને અનુગત રહી, મોક્ષ સુધીને માટે ઉપકારક છે, તેના ઉદયસાધક તત્ત્વગ્રંથોના વાંથન કે મનન વિના જ્ઞાનશક્તિનો ઉદય બની શકવાનો નહિ.

હવે જ્ઞાનશક્તિના ઉદય સાધક શ્રવણ વાંચનને પરિણામે થયેલા બોધથી, મનને માટે ટેવાયલું સુપરિશુદ્ધ બનતાં, પ્રવૃત્તિમાં રસ નિહાળે છે. અહીં ઇચ્છાયોગ આવી ઉભો રહે છે. અમુક ઉચ્ચ દિશાના શ્રવણ વાંચનથી તેની સંગતિમાં લોભ–ઇચ્છા સ્ફુરે છે, પણ વીર્યશક્તિના અભાવે પ્રવૃત્તિ બનતી નથી. માત્ર જ્ઞાનની તરફ પ્રવૃત્તિ કરવાની અ-

ભિલાષા, માત્ર અભિલાષા ઇચ્છામાં આવી રહે છે. વીર્યશક્તિ ઉપસહાયક નહિ હોવાથી માત્ર ઇચ્છામાં પ્રવૃત્તિની ધુન રહે છે. જ્યારે કેટલાએકો મંદ વીર્યશક્તિના ઉદયથી પ્રવૃત્તિપરાયણ બને છે, તેને શાસ્ત્રયોગ કહેવાય છે, પણ તે પૂર્ણ વિશુદ્ધ યથાર્થ વીર્યશક્તિના અભાવે નહિ હોવાથી, સાતિચારવાળી છે. આમાં જેટલે અંશે સાતિચાર છે, તેટલે અંશે વીર્યશક્તિની ખામી સમજવી; પણ તે ગ્રાહ્ય છે કેમકે ક્રમે ક્રમે તે પ્રવૃત્તિથી શુદ્ધ ચારિત્રશક્તિનો ઉદય મેળવી શકાય છે.

પ્રથમતઃ ચારિત્રશક્તિ પ્રાપ્ત કરવાને માટે, સત્સંગની મુખ્ય અગત્ય છે. સત્પુરૂષોના સમાગમથી જ જ્ઞાનશક્તિ, ચારિત્રશક્તિ અને વીર્યશક્તિનો ઉદય સહજ બની શકે છે. તેઓના નિષ્કામ પવિત્ર બોધથી જ્ઞાનશક્તિનો ઉદય ફળે છે. તેમનાં પરમ ઉદાર પવિત્ર ચરિત્રો, તેમના ઉચ્ચ વર્તનનું આપણામાં પ્રતિબિંબ પડતાં, સહજ તે મુજબ વર્તન થતાં, ચારિત્રશક્તિનો ઉદય બને છે. મહાત્માઓના નિવાસ નિકટે આજન્મ વિરોધી પ્રાણીઓ પણ, મિત્રનું ચારિત્ર બાંધી રહે છે, તે સહુના સમજવામાં જ છે. સત્પુરૂષોની, ગમે તેવા સંકટોને સહવામાં માનસિક વૃત્તિઓને સુદૃઢ રાખવાની, વિરક્તદશામાં રહી ઇંદ્રિયોના પ્રિયાપ્રિય વિષયથી દૂર રહેવાની, અનેક અભિગ્રહ અને દુઃસાધ્ય નિયમોના પાલનથી, તેમની તથા પ્રકારની વીર્યશક્તિનો તેમના સહવાસને યોગે આપણામાં, વિદ્યુત્પાત થાય છે; એટલે આપણી વીર્યશક્તિનું બંધારણ સુદૃઢ થતું જાય છે. સામાન્યતઃ એવો નિયમ છે કે, કાંઇ પણ દુર્ઘટ કાર્ય કોઇએ કર્યું હોય તો, તે નિહાળી હું પણ માણસ છું, શામાટે તેવું કરી ન શકું, એવો ઉકરાંટો સ્ફુરે છે; અને એથી તે શક્તિ દબાયલી છતાં પ્રાદુર્ભૂત થાય છે. આમ સત્પુરૂષોની સંગતિ જ એ ત્રણે શક્તિનો ઉદય સાધી આપનારી થઈ શકે છે. દાન, શીલ, તપ, અને ભાવ, આ અનુક્રમ સત્સંગનું જ માહાત્મ્ય સૂચવે

છે, તેમાં પણ દાનને પ્રથમાવશ્યક કહેવાયું છે, તે સહેતુ છે; કેમકે દાન આપવાથી સત્પુરૂષોના સહવાસમાં આવી શકાય છે, તેથી શીલ તપ આપણને ફળે છે અને તેથી ભાવ વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે. પોતાના એકથી જ આ ત્રણે શક્તિનો ઉદય સાધી આપનાર સત્સંગનો મહિમા અગાધ છે, અનંત છે. સદ્ગુરૂદેવ પણ આ શક્તિઓના ઉદયનાં સાધનોમાં સર્વથાવશ્યક છે. ગમે તેટલો સમજુ માણસ પણ, સદ્ગુરૂ વિના યથાર્થ તત્ત્વની દિશાને પામી શકતો નથી. કુંચી માત્ર ગુરૂગમ્ય છે અને તે કુંચી વિના તાળાં ખોલવાનું કાર્ય સુવિદિત છતાં બની શકશે નહિ. જ્ઞાનની ચાવી ગુરૂ જ આપી શકશે, કહ્યું પણ છે કે,—

विना गुरुभ्यो गुणनीरधिभ्यो,
जानाति धर्मं न विचक्षणोपि;
आकर्णदीर्घोज्ज्वललोचनोपि,
दीपं विना पश्यति नांधकारे.

તાત્પર્ય કે આકર્ણદીર્ઘ નેત્રવાળો પણ, દીવાની મદદ વિના નિબિડ અંધકારમાં નિહાળી શકશે નહિ. દીપકની અપેક્ષા તેને પડવાની જ. દીવાની મદદથી નિહાળનાર પણ તે પુરૂષ અને તેનાં નેત્રો જ છે, પણ દીપકના અભાવે જેમ તે જોઇ શકતો નથી, અંધકાર પોતાના ઉદરમાં શું સંગ્રહી રહ્યો છે તે જાણી શકતો નથી, પોતાની પ્રપસ્યન દૃષ્ટિને પણ જે પોતાની સમીપવર્તી છે, એવી વસ્તુના જ્ઞાનથી અંધકાર જેમ દુર રાખે છે, તેમ જ વિચક્ષણ પણ, ગુણના અગાધ સમુદ્ર ગુરૂને ગમ્ય જ્ઞાનની કુંચી પ્રાપ્ત થયા વિના, ધર્મને યથાર્થ જાણી શકતો નથી.

પાદલિપ્તપુર પાલીતાણા, એ નામ પાદલિપ્તાચાર્યના નામ ઉપરથી પડયું છે, એવી કિંવદંતી છે. તેઓ આકાશમાં ઉડવાનો લેપ બનાવી,

પગમાં ચોપડી ગગનમાં યથેચ્છ ઉડતા હતા. તેમનો એક શિષ્ય બહુ વિચક્ષણ હતો. તે ગુરૂ જ્યારે સૂઇ જાય, ત્યારે તેમના પગને સુંઘીને તે લેપમાં પડતી વનસ્પતિઓને સુગંધથી ઓળખી લેવા લાગ્યો. તેને ગુરૂગમ્ય વિદ્યા, એમ જ ભણી જવી હતી. તે વિચક્ષણ હતો. તે લેપમાં પડતી વનસ્પતિ માત્રનો નિશ્ચય, ગુરૂચરણને સુંઘી સુંઘી કરી લઇ પછી જાતે લેપ બનાવી પગમાં ચોપડી ઉડવા લાગ્યો, પણ કુકડો જેમ હાથ બે હાથ ઉડી પડી જાય, તેમ પડી જવા લાગ્યો. ગગનમાં આગળ જઈ શકયો નહિ. પોતાની ખામી દૂર કરવા નિત્ય તર્કવિતર્કો ચલાવી અજમાયશ કરી જોતાં, તે શિષ્યને એક દહાડો પાદલિપ્તાચાર્ય જોઇ ગયા. પૂછતાં જાણ્યું કે, તે લેપ એ જ છે, એ જ વનસ્પતિનો બનેલો છે કે, જેના આધારે ગુરૂ પોતે ગગનમાં ઉડે છે. પણ તેમાં ચોખાના ધોણની ખામી છે. ગુરૂગમ્ય આટલું જ જાણવાનું રહે છે. ગુરૂની અનાવશ્યકતા સમજનારે વિચારવું જોઇએ કે, જે કાયદો કળ્યા પછી કોડીનો સમજાય છે, તે વગર કળ્યે કેટલા પર્યટનમાં મનને નાખે છે, અને તે છતાં પણ વસ્તુસ્થિતિ અજ્ઞાત જ રહે છે. આગળ રામાદિ પ્રભૃતિઓ અરણ્યોમાં ગુરૂકુળવાસ કરી, વિદ્યાધ્યયન કરતા હતા તે આ ગુરૂગમ્ય જાણવાને જ અર્થે. તે ગુરૂઓ પણ કોઇ આધુનિક વિદ્યાગુરૂના કરતાં અલૌકિક શકિતવાળા હતા. હાલના માસ્તરના બિરૂદને શોભાવતા, ઘાંચી, મોચી કે ધોબી નહિ હતા, પણ મહાન ઋષિમહર્ષિઓ હતા.

યમનિયમાદિનું પાલન, તે તરફની રૂચિ સત્પુરૂષોના સમાગમથી જ થઇ શકે છે. ચારિત્રશક્તિના ઉદયની શરૂઆત માટે યમનિયમોનું પાલન યથાવશ્યક છે. નિયમ, નિત્યાવશ્યક પૂજા, પ્રતિક્રમણ, ગાયત્રી, જપ, પ્રાણાયામાદિ છે. તે સઘળાં સહેતુ, અને આત્મશક્તિનો ઉદય કરવાને માટે પૂર્વ પુરૂષોએ નિર્માણ કર્યાં છે. આવા નિયમો યાવજ્જીવન પાળતાં છતાં, પણ આત્મશક્તિ પ્રાપ્ત ન થઇ તો, માત્ર વ્યર્થ

કાળક્ષેપ તથા કાયક્લેશાર્થે જ છે, કિંવા ગત્યંતરમાં ઐહિક સુખાર્થે છે, જે વસ્તુતઃ અનુપાદેય છે. આત્મશક્તિના ઉદયમાં ત્યારે યમનિયમો વિફળ જતા લાગે છે, એમ કોઇ શંકા અત્રે કરશે તો કહેવાનું કે, જો યથાવત્ અને અદોષ ન પાળી શકાય તો વિફળપ્રાય જ છે.

યમો પાંચ છે, અને તે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. આ યમોના યથાર્થ પાલનથી મનઃસંયમ થાય છે. એવો એક નિયમ છે કે જ્યારે બીજા તરફથી, મમતા અપ્રિય તરફ આપણો અણગમો હોય તો તે, નહિ મળવા પ્રથમ જે અપ્રિય બીજાને છે, તેને આપણે ઓળખી તજી દેવું જોઇએ. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ આ પાંચે બાબતો સર્વને પોતાને માટે અણગમતી છે. જો અણગમતી એ બાબતો છે, તો સહજ જ તેનો અભાવ છે, તેમાં વળી ત્યાગના વિધાનરૂપ, યમોનું સંવિધાન એ વળી કેવી પ્રવૃત્તિ ? આમ સહજ પ્રશ્ન થશે. ત્યાં એટલું જ કહેવાનું કે દુર્બોધ્ય મનનો પોતાના વિષયમાં, અન્યથી તે પળાવવાનો આગ્રહ, અને સ્વવિષયમાં તેના માટે સંમતિ પ્રમાણ સઘળા અર્પે, તેવો કોઇ વિલક્ષણ સ્વભાવ છે. આપણે સૌ કોઇ સમજીએ છીએ કે, કોઇ બીજાઓ આપણી કે આપણા આશ્રિત જીવોની હિંસા ન કરે તેમ ઇચ્છીએ છીએ ત્યારે આપણી તેવી પ્રવૃત્તિ અન્ય તરફ રહેવામાં દુર્બળતા દેખાય છે. આપણા પદાર્થોની બીજા ચોરી ન કરે તેમ ઇચ્છીએ છીએ, પણ બીજાના પદાર્થોની ચોરીમાં આપણે પ્રવૃત્તિ કરીએ છીએ. જુઠું આપણા સાથે કોઇ બોલે નહિ તેવો આગ્રહ આપણો રહે છે, પણ આપણે પ્રાયે હરેક સાથે ડગલે અને પગલે અસત્ય બોલીએ છીએ. સ્વદારને સુતા કે ભગિનીવત્ ભાવથી બીજા નિહાળે, તેમાં આપણે ખુશી રહીએ છીએ, પણ બીજાની દારાને નિહાળી આપણે સુતા કે ભગિનીનો ભાવ મૂકી દઇએ છીએ. આમ બધી એકદેશીય પ્રવૃત્તિ

રહે છે, તેથી પરિણામ એ આવે છે કે જગત્ પ્રાયે યમોના પાલનથી વિમુખ દેખાય છે. સ્વવિષયમાં બીજાઓની યમ બહિષ્કાર પ્રવૃત્તિને માટે આપણે જેવા શાસક રહીએ છીએ, તેવા જ અન્યના વિષયમાં તેવી અનિષ્ટ પ્રવૃત્તિને માટે અન્યોથી કે, પોતાથી શાસિત રહેવું જોઇએ. આટલી જ ખામી સુધારવાની આવશ્યકતા છે, નહિતો તમે હિંસક, બીજા હિંસક; તમે ચોર, બીજા ચોર; તમે જુઠા, બીજા જુઠા; તમે ઇન્દ્રિયસ્વેચ્છાચારી, બીજા પણ સ્વેચ્છાગામી; આમ પ્રવૃત્તિ રહેવાની જ. તમોને હું યમનું સંવિધાન સમજાવી ગયો અને તમે સિદ્ધ થઈ ચુક્યા તેવું સમજશો નહિ, તે પ્રમાણે પાળો અને તો જ તે યથાર્થ સિદ્ધ બનશે.

આમ યમનિયમોના યથાર્થ પાલનથી, અનાદિથી રહેલી, ઇંદ્રિયજન્ય વાસનાઓ નષ્ટ થાય છે, અને વિરક્તપણું પ્રાપ્ત થાય છે. જેટલા અંશે વિરાગનો ઉદય, તેટલા અંશે ચારિત્રશક્તિનો ઉદય સમજી લેવો. વૈરાગ્યવંતોને સંસારના ઇષ્ટાનિષ્ટ સંયોગ વિયોગજન્ય હર્ષ કે વિષાદ પીડતા નથી. એ પણ સમજવાનું કે ચારિત્રશક્તિના ઉદયની સાથે તેટલા અંશે જ્ઞાનશક્તિનો ઉદય અને જેટલા દરજ્જે, વિષયો પ્રત્યે દોડતી ઇન્દ્રિયોપર કાબુ અને નિડરતા, તેટલા જ અંશે વીર્યશક્તિનો ઉદય પણ થાય છે. આમ ત્રણે શાકતના અમુક અંશના ઉદયથી ષડ્રિપુઓ મન પર અસર કરી શકતા નથી. પારમાર્થિક દૃષ્ટિથી, સંયોગ વિયોગજન્ય સુખદુઃખની અસર પણ તેવાઓને થતી નથી.

વૈરાગ્યનું ઉદાહરણ સાંભળો:–

એક શ્રેષ્ઠિનો પુત્ર ગુરૂ મહારાજ પાસે બેસી, જ્ઞાનચર્ચા સાંભળતો હતો, તેવામાં અકસ્માત્ તેને કાંઈ થઈ આવવાથી, તુરત પડી જઈ મરણ પામ્યો. આ સમાચાર, તેના માતાપિતાને મળતાં, તે રડતાં કૂટતાં, ત્યાં આવ્યાં. પુત્રનું મુડદું પડ્યું છે. તેનો જીવ મરીને

દેવ થયો છે. તે દેવે માતાપિતાને રડતાં જોઇ, પાસે આવી પૂછ્યું કે તમે કેમ રડો છો ? તેઓએ કહ્યું, ભાઇ તું જોતો નથી ? પુનઃ દેવે પૂછ્યું, હું કાંઈ સમજતો નથી કે, તમે શાને માટે રડો છો. માતાપિતાએ કહ્યું કે તું કોઇ મોટો મૂર્ખ દેખાય છે. અરેરે ! જો તો ખરો કે એકનો એક પુત્ર અમારા ઘડપણને ચુંથી નાંખી ચાલતો થયો–મરી ગયો; ભાઇ ! તેને માટે અમે રડીએ છીએ. દેવે કહ્યું: તેમાંથી શું ચાલ્યું ગયું છે ? જો તેના શરીરને માટે રડતાં હો તો, તે આ રહ્યું. જો તેના જીવને માટે તમે રડતાં હો, તો તે હું પોતે જ પુત્રનો જીવ છું. માતાપિતા બોલ્યાં તે કેમ માની શકાય ? કાંઇ અમારા આ પુત્રના શરીરમાં તે જઇ બોલી શકે ? તે દેવ બોલ્યો બોલાવું, બાપા અને મા કહેવરાવું, પછી તો સંતોષ થશે ના ! પુનઃ તે બોલ્યાંઃ તેથી એ શું થયું, તે શરીરમાં એ જીવ કાયમ રહી શકે ? દેવરૂપે પુત્રનો જીવ બોલ્યો, તમને પુત્રશરીર કે, પુત્ર ઉપર સ્નેહ નથી. તમારો સ્વાર્થ તમને વહાલો છે. તે પુત્ર બેઠો થાય, તમને માબાપ કહે, તમારી સેવા સુશ્રુષા કરે, એવા સ્વાર્થને માટે તમે રડો છો–અશ્રુપાત કરો છો. પુત્ર કે પુત્રના જીવને માટે તમે રડતાં જ નથી. વૈરાગ્ય રાખો. કોણ કોનાં માતાપિતા છે ? કોણ કોનો પુત્ર સહોદર કે અન્ય સગાં છે ? સઘળી જ કર્મ સગાઇ છે. તે કર્મોને રડવાથી કાંઇ જ લાભ નથી.

આવા અનેક ક્ષોભ વિક્ષોભયુક્ત, મનની ચંચળતા ટાળવાનું યમ નિયમોથી બની શકે છે. આવા ક્ષોભોથી મન જ્યારે મુક્ત બને છે, ત્યારે સહજ તે શક્તિના પ્રદેશમાં મનુષ્યને લઈ જાય છે. મનના કેટલા પ્રકાર છે, તે અત્રે જણાવવું આવસ્યક છે. આથી એ જાણવું સુલભ થઇ શકે તેમ છે, કે આ બળની પ્રાપ્ત્યર્થે, કયું મન હેય છે, કયું ઉપાદેય છે.

મન પાંચ પ્રકારનું છેઃ ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ. આમાં પ્રથમનાં ત્રણ હેય છે, છેવટનાં બન્ને ઉપાદેય છે.

ક્ષિપ્ત મન તે, કર્મ નિરપેક્ષ, બાહ્ય નિમિત્તોથી સુખદુઃખ માનનારૂં મન. મૂઢ મન તે એ કે, ક્રોધ, માન, માયા, લોભાદિના વશવર્તીપણાથી, હિતાહિતમાં દુર્લક્ષ સેવનારૂં, અને વિરૂદ્ધ કૃત્યમાં પ્રવૃતિશીલ. લાગણીઓનો સમાવેશ આને વિષે છે. આવા પ્રકારને ટેકની દઢતાની સીમા કહી મનોબળ કહેવામાં આવતું હોય તો, દુર્યોધને પોતાની મૂઢતાને પકડી રહી, પાંડવોને એક ગામડું પણ નિર્વાહને માટે નહિ આપતાં, આખા કુળનો નાશ કરાવ્યો તે શું દઢતા કે ટેક કહેવાય ? રાવણે સીતાને હરી, પોતાની તેમ જ સંતતિ અને સર્વસ્વની હાનિ કરી, તે પણ શું ટેક અને મનોબળ કહેવાય ? યુધિષ્ઠિરે પણ, સભામાં દ્રૌપદીનાં ચીર હરણ કરતી વખતે જે ધૈર્ય સેવ્યું છે તે, મહાભારતાદિમાં મનોબળના કાર્યરૂપે ઓળખાય છે. અમે તેને મનોબળ કહેતાં અચકાઇએ છીએ. અમે તેને મૂઢ મન જ કહીએ છીએ. ભીમાર્જુન પ્રભૃતિએ પણ યુધિષ્ઠિરને તે કાળે, તેવા જ અભિપ્રાયનું કહ્યું છે. યુધિષ્ઠિરનું મન જ, દુર્યોધનના મૂર્ખ અને ક્રોધસાહસથી, વિક્ષોભ પામી ગયું કે દબાઈ ગયું સમજાય છે. એ ક્રૂર જાણે તેના આ અપ્રકૃત્યની સામે, પ્રવૃત્તિ કરતાં અતઃ કે અતઃપર કેવા અનર્થને જન્મ આપશે, એ વિચારમાં તે શૂન્ય થઈ ગયા સમજાય છે. તેમ ન હોય તો, એ અધર્મીના ઉપસર્ગોથી ડરી જઇ, અધર્મ પરિત્રાણ કરવાનું તેમણે પસંદ કીધું જ ન હોત. તે કાંઇક લાગણીઓથી, કાંઇક સંજોગોથી, કાંઈ આઘાત પ્રત્યાઘાતોથી, આમ અનેક રીતે મન ક્યારેક બળનું રૂપ દેખાડે છે. પણ છેલ્લે પેલે અને વચમાં તે નિર્બળ જ છે, એમ સમજવું.

લડાયક અશ્વો વિગેરે તોપોના ગોળાથી ચમકતા નથી; શૂર-

વીરો શસ્ત્રોના આઘાતથી પાછા હઠતા નથી, આ સઘળાને મનોબળ કહેવા કરતાં, તથા પ્રકારની ટેવ અથવા વીરતાની લાગણી કાં નહિ કહી શકાય? વિક્ષિપ્ત મન તે એ કે, દુઃખનાં કારણોને દૂર કરી સુખનાં સાધનોમાં પ્રવૃત્તિશીલ છે. સકામ પ્રવૃત્તિ માત્ર વિક્ષિપ્ત મનનો પરિણામ છે. સુખનાં સાધનો તરફ, આ ભવ કે ભવાંતરના માટે, સકામ પ્રવૃત્તિ કરવી, તે તેનું કાર્ય છે. પંચાગ્નિ તપન, યજન, પૂજન વિગેરે સઘળાં આમાં સમાય છે. ઐહિક સુખાર્થે જ પ્રાયે વિક્ષિપ્ત મનની પ્રવૃત્તિ છે. યજન પૂજનાદિથી, પંચાગ્નિ તપનથી, શુભ ગતિ, સુસ્થિતિ પ્રાપ્ત કરવી એવા હેતુઓ પ્રાયે તે પ્રવૃત્તિમાં કારણરૂપ હોય છે.

ગુણવંતને દેખી ગુણાનુરાગ ઉત્પન્ન થવાથી, મન એકાગ્રતા પ્રાપ્ત કરે છે. તે ગુણાનુરાગ, ગુણી પુરૂષોની સંગત, તેમના જેવા બનવાની ઇચ્છા, અને તેવી પ્રવૃત્તિ કરાવે છે, તેમાં એકાગ્ર કરે છે. જ્યારે આપણે આ પાંચ પ્રકારના મનમાંથી, ચોથા એકાગ્ર મનની સ્થિતિ પ્રાપ્ત કરીશું, ત્યારે જ આત્મશક્તિનો ઉદય થશે. જે પૂર્વોક્ત યમનિયમાદિ, સત્સંગ વિગેરે બતાવવામાં આવ્યાં છે, તે ત્રણ પ્રકારની મનની ચંચળતા દૂર કરી, આત્મશક્તિનો ઉદય, પ્રાપ્ત કરવાને માટે જ છે. નિરૂદ્ધ મન માટે હવે પછી બોલીશું. હજી તો કર્મયોગ ચાલે છે. સમય થઈ જવાથી, આજ તે પૂર્ણ થઈ શકશે નહિ; તેથી આટલેથી વિરમાય છે.

(ચોથો દિવસ)

આજે પણ 'આત્મશક્તિનો ઉદય' ચાલુ વિષય પરત્વે જ હું શ્રોતાઓ સન્મુખ બોલીશ. આ ચોથી વખતનો પ્રસંગ તમારા સન્મુખ મેં લીધો છે. વિષય વિશાળ હોવાથી જરાક લંબાયો છે, જેથી

સંબંધ ક્ષતિ, વખતે શ્રોતાજનોને થતી હશે; પણ જે જે દિવસે જેટલું બોલાય છે તેટલું તેટલા પરત્વે પણ મનન ક્રિયામાં મુકાય તો તે પણ હિતાવહ છે. દરેક ધર્મ, દરેક સંપ્રદાય, અને દરેક મનુષ્યની કર્તવ્યસીમા જો હોય, તો તે આત્મશક્તિનો ઉદય છે, જે પ્રાપ્ત કરવા, અથવા તે તરફ ગતિ કરવા, અને તદનુકૂળ જ્ઞાન સંપાદન કરવામાં જીવનસમાપ્તિ થતાંસુધી પાર પામી શકાય તેમ નથી, તો પછી તેના વિષયમાં ચાર પાંચ વખત સુધી આપણે માત્ર કલાક દોઢ કલાક જેટલો કાળ શ્રવણને માટે લઇએ, તો તે અધિક નહિ જ ગણાય. મહાન્ પુરૂષોની અપૂર્વ શક્તિ વિલક્ષણ હોય છે કે જેથી તેઓ ટુંકામાં ઘણું સમજાવી શકે છે અને સમજી શકે છે. આપણે પ્રથમ કોટિના મનુષ્યોની ગણનામાં આવી શકીએ તેવા છીએ, તેથી આવા વિષયોને માટે કાળ વિલંબની આવશ્યકતા સ્વીકારવી પડે છે. હરિભદ્ર અને પતંજલિ તેમજ બીજા મહર્ષિઓએ આત્મશક્તિના ઉદય માટે મહાન્ ગ્રંથો રચ્યા છે, તેનું વાંચન, શ્રવણ અને મનન માટે ઘણો કાળ જોઇએ, તે કાળના બચાવરૂપે તેમાંથીજ એક અંશરૂપ આ કથન છે. ગત વખતે કર્મયોગના સંબંધમાં બોલતાં, સત્સંગ અને તેમનાથી શ્રવણ, યમનિયમાદિનું પ્રતિપાલન અને વૈરાગ્યની પ્રાપ્તિ, મનની ચંચળતાનો નાશ થઇ શકે છે, એમ કહેવામાં આવ્યું હતું. તેમાં ક્ષિપ્ત મન, મૂઢ મન, અને વિક્ષિપ્ત મનનો ત્યાગ કરી એકાગ્ર મનવાળા બનવાની જરૂર છે, એમ બતાવવામાં આવ્યું હતું. એકાગ્ર મન કેમ થઇ શકે, ત્યાંથી શરૂઆત આજે હું તમારી આગળ કરીશ.

આપણે અનુભવથી અને ક્રિયાથી સમજી શકયા છીએ કે શરીરને મજબૂત બનાવવા માટે કસરત એટલે વ્યાયામ–પરિશ્રમની જરૂર હોય છે. જેમ જેમ તેનું સેવન કરવામાં આવે છે તેમ તેમ શારીરિક મજબૂતાઇ વધતી જાય છે, જેને માટે રામમૂર્તિ જેવા અ-

પૂર્વે શકિત ધરાવનારા નરો પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપે, તમારી દૃષ્ટિ આગળ રજુ છે. વચનશકિત કે જેને વાગ્બળ કહેવામાં આવે છે, તે પણ પરિશ્રમથી–સતત્ વ્યાયામથી વધી શકે છે. કેટલાએક ગાયકો તેવી ક્રિયા કરવાના અભ્યાસીઓ બને છે. અભ્યાસ પ્રાન્તે તેઓ ઉચ્ચ સ્વરમાં આલાપ કરતાં અને શ્વાસોચ્છ્વાસને સંયમમાં રાખતાં પણ હાલ જોઈ શકીએ છીએ. આ બે વાતથી તમારી આટલી તો ખાત્રી થઇ હશે કે, શારીરિક, વાચિક શકિત વધારવામાં પરિશ્રમ, એ એક અભિનવ નમુનો છે. તેમ મનોબળ વધારવા મનની એકાગ્રતા મનોબળથી જ થઇ શકે છે. હાલમાં કેટલાએક લોકો સામાન્ય દૃષ્ટિથી જેને મનોબળ કહે છે, તેને હું લાગણીઓ કહીશ, જેનો ઈશારો હું ગયા વખતમાં કરી ગયો છું. અહીં મનોબળનો અર્થ આપણે એ ફળાવવાનો છે કે, જે મન ઉપર ઇન્દ્રિયોની અને ઇન્દ્રિયોના વિકારોની અસર ન થઈ શકે, ઇષ્ટાનિષ્ટ સંજોગોની હાજરીમાં તત્ ભિન્ન રહી શકે. આવું મનોબળ તિતિક્ષા વિના મેળવી શકાતું નથી. તિતિક્ષા શબ્દ જ "સહન કરવાની ટેવ" એ અર્થ સૂચવે છે. સહન કરવું એ એક જાતનો પરિશ્રમ (કસરત) છે, જે વિના માનસિક બળ મેળવવા ભાગ્યશાળી થઇ શકીએ નહિ. સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં આપણુને એવા વિકટ અને વિષમ સંજોગોની વચમાંથી ગમન કરવું પડે છે કે જે આપણા મન ઉપર ઉંડી અસર કર્યા વિના રહે નહિ, છતાં, જો તિતિક્ષા ખડ્ગ આપણી પાસે હોય, તો તે વિષય વિકારોને શાન્તિથી, ધૈર્યથી, સહન કરતાં, હણતાં સંસાર પથમાંથી આગળ વિચરી શકીએ. સત્પુરૂષોના સહવાસથી મેળવેલી જ્ઞાનશક્તિ અહીં ઉપયોગમાં લગાડવી પડે છે એટલે ત્યાં પ્રારબ્ધ કર્મ બીજા શબ્દોમાં કહીએ તો ઉદયમાં આવેલાં કર્મોનું અસ્તિત્વ સ્વીકારી કર્મવાદી બનવું પડે છે. પોતાના અથવા સામાના તથા પ્રકારનાં કર્મોથી આપણને

વિષમ સંજોગોની વચમાં ઘસડાવું પડે છે, અને તે વખતે અનેક વિચારો અનુભવવા પડે તો, તે શાન્તિથી અનુભવતાં આપણે તિતિક્ષાની કોટીમાં આવી શકીએ છીએ. મહાન્ નરોનાં અને તીર્થંકરોનાં જીવનચરિત્રોથી જાણ્યું છે અને સાંભળ્યું છે, કે તેવા પુરૂષોએ અનેક ઉપસર્ગ અને પરિષહ સહન કરી તિતિક્ષાને સેવી છે. જૈનોમાં વીર પરમાત્માનો દાખલો સુપ્રસિદ્ધ છે, કે જેમના પગ ઉપર ખીર રાંધવામાં આવી હતી, જેના કાનમાં ખીલા ઠોકવામાં આવ્યા હતા, તોપણ તેમણે તે બધું શાન્તિથી સહન કર્યું હતું, અને આવી તિતિક્ષાથી જ તેઓ ઉચ્ચતર છેવટની વક્ષ્યમાન પૂર્ણ આત્મશક્તિને મેળવી શક્યા હતા. આપણને પગલે પગલે તેની જરૂર છે. કુસંપ, કંકાસો, વિદ્રોહ બલ્કે પોતાના સામીપવર્તીઓ સાથે પણ અણબનાવ, અનેકને આપણે અપ્રિય, તેમ જ અનેક આપણને અપ્રિય, જે કાંઈ બને છે, થાય છે, તે બધું તિતિક્ષાના અભાવે છે. જ્યાંસુધી તે પ્રાપ્ત નથી કરી ત્યાંસુધી ગમે તે યમ નિયમાદિનું પ્રતિપાલન કરવામાં આવે, ક્રિયમાણો કરવામાં આવે, તપશ્ચર્યા સેવવામાં આવે, પણ તિતિક્ષા વિના તે બધું ઐહિક અથવા તો પૌદ્‌ગલિક, ક્ષણિક, સુખ ફળાવતો હોય, પણ આત્મશક્તિનો ઉદય તેવી પ્રવૃત્તિથી કદાપિ સંભવતો નથી, તેથી પુનઃ કહું છું કે તિતિક્ષા સેવવાની પહેલી આવશ્યકતા છે. તિતિક્ષાવાન જ પ્રત્યાહાર કરી શકે છે. પ્રત્યાહાર એ ઇન્દ્રિયોના સ્વતંત્ર વિષયોને સમજણપૂર્વક ખેંચી સ્વવશ કરે છે. ઇન્દ્રિયો વશ કરવી, એટલે ઇન્દ્રિયોના વિષયથી ઇન્દ્રિયોને પાછી ખેંચી લેવી, તે જ પ્રત્યાહારનો ફલિતાર્થ છે. કેટલાએકો હઠયોગથી ઇન્દ્રિયજીતનો વેશ કાઢવા જાય છે, પણ તે કદાપિ ખરા ઇન્દ્રિયજીત બની શકતા નથી. આવતી ઉલટીને ઔષધ પ્રયોગથી દબાવવા પ્રયત્નશીલ બનતાં તરત તેમાં ફાવવાનું બનશે, પણ પરિણામે કાંતો ઉલટી થશે, અથવા તો તે

વિકાર શરીરમાં અન્નવિક્રિયાને પેદા કરશે. સમજણ વિના હઠયોગથી બનનારા ઇન્દ્રિયજીતો માટે પણ આ જ દશા સમજવાની છે. તેથી ઇન્દ્રિયો વશ કરવી એટલે તિતિક્ષાથી મનોબળ મેળવી, તે મનોબળદ્વારા મનની એકાગ્રતાવડે ઇન્દ્રિયોને તેવા વિષયોથી ઉદાસીન બનાવવી. મતલબ આંતરંગ વૈરાગ્યથી વિરક્ત બની ઇન્દ્રિયજીત બનવું તેનું નામ જ ખરો પ્રત્યાહાર છે, અને તેવા પ્રત્યાહારકો આત્મશક્તિના ઉદયને મેળવવા શક્તિમાન્ થાય છે. આના ઉપર તમને હું એક દૃષ્ટાંત આપીશ.

એક સમયે એક રાજાએ પોતાના ગામમાં એવો ઢંઢેરો ફેરવ્યો કે આવતી કાલે સવારના પોતાના બાગમાં, કે જેના મધ્ય ભાગમાં એક તંબૂ ખડો કરેલો છે, તેની અંદર તે પોતે બરાબર નવ વાગે આવશે, અને તે વખતે જે માણસ પહેલો તેમને મળશે તેને તે પોતાનું આખું રાજપાટ સોંપશે. આવો ઢંઢેરો જ્યારે ગામમાં પીટાયો ત્યારે રાજ્ય લેવાનું મન કયા મનુષ્યનું ન થાય? દરેક લોકો રાજ્ય લેવાની હોંશને લઇને જુદી જુદી તૈયારીઓ કરવા લાગ્યા અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે, “મને રાજ્ય મળશે તો હું તને મદદ કરીશ, અને તને રાજ્ય મળે તો તું મને મદદ કરજે.” આ પ્રમાણે વળતે દિવસે સવારના રાજ્યલોભથી કેટલાએક સવારના સાત બજે બરાબર બહાર નીકળ્યા. જ્યારે બહાર નીકળ્યા ત્યારે રસ્તામાં નાટકશાળા આવી, ત્યાં જુદા જુદા રાગોના આલાપ કાને પડવાથી, નીકળેલા સમુદાયમાંથી કેટલાએકોનું મન તે પ્રત્યે લલચાયું. નાટકની અંદર જે કોઇ જોવા જાય, તેને મફત દેખાડવાનો ઠરાવ હોવાથી સંગીત શોખીનોએ ઘડીઆળમાં જોયું; તો બરાબર સાત બજેલ, જેથી વિચાર કર્યો કે હજી તો રાજાને મળવાને બરાબર બે કલાકની વાર છે તો ચાલો જરાક સંગીતની પણ મોજમજા કરી લઇએ. આ પ્રમાણે વિ-

ચાર કરી નાટકશાળા તરફ વળ્યા. જ્યારે તેઓમાંના કેટલાકોએ એમ વિચાર કર્યો કે, રાજ્ય મળશે તો નાટક હજારો જોઈ શકાશે, બલ્કે કરાવી પણ શકાશે. માટે હાલ તો રાજાને જ પહેલાં મળવા જવાનો નિશ્ચય ફેરવવો નહિ, તેથી તેઓ આગળ વધ્યા. આગળ ચાલતાં રસ્તામાં નટ લોકો પગે શીંગડાં બાંધી બે વાંસના ઘોડા ઉપર ટેકાવેલા એક લાંબા વાંસડા ઉપર હાથમાં તલવાર લઈ તે વાંસડા ઉપર ચાલતા હતા, તથા બીજી જાતની અંગ કસરત કરતા હતા તે જોવાને, હજી રાજાને મળવાનો સમય છે એમ ધારી, કેટલાકો જોવાને ઉભા રહ્યા. વળી તેઓમાંના કેટલાકો તે જોવાનું દુરસ્ત નહિ ધારતાં આગળ વધ્યા. આગળ વધતાં રસ્તામાં અનેક જાતના સુગંધી પદાર્થો, જેવા કે ગુલાબ, ચમેલી, મોગરો, તેવાં જાત જાતનાં સુગંધી પુષ્પો તથા સેન્ટ અત્તર વગેરે સુગંધી પદાર્થોની દુકાનો આવી, અને તે સુગંધી પદાર્થોનો ઉપયોગ પણ મફત કરવાનો હોઇને, કેટલાકો ત્યાં રોકાઇ પોતાના શરીરે અત્તર વગેરે ભુંસવા લાગ્યા, કેટલાકો તો અત્તરની શીશીઓ જ ખીસામાં મુકવા લાગ્યા. આ પ્રમાણે હજી રાજાને મળવાને સમય છે તેમ ધારી કેટલાકોની વૃત્તિ આવા સુગંધી રસ તરફ દોરવાઈ ગઇ. તેઓમાંના કેટલાકો પણ રાજાને પ્રથમ મળવાની અભિલાષાથી તે સુગંધી પદાર્થો તરફ નહિ લલચાતાં આગળ વધ્યા. આગળ વધતાં જાતની જાતની મીઠાઇઓની દુકાનો આવી. જુદા જુદા દેશમાં બનતી મીઠાઇઓ કે જે આંખે જોએલી પણ નહિ તેમ કાને સાંભળેલી પણ નહિ, તો તેનો ઉપયોગ તો ક્યાંથી જ કર્યો હોય, તેવી મીઠાઇના થાળો જોવામાં આવ્યા. વળી તે મીઠાઇઓનો ઉપયોગ પણ મફત કરવાનો હતો, એટલે તેનો સ્વાદ કોણ ન લે? વળી એવો નિયમ છે કે કંઈ સારે કામે જતા હોઇએ ત્યારે અન્નનો તિરસ્કાર ન કરવો એમ માની, તથા કહ્યું છે કે **शतं विहाय भुक्तव्यं,**

એ વાક્યને માનનારા ત્યાં ખાવાની પ્રવૃત્તિમાં રોકાઇ ગયા. તેઓમાંના કેટલાકો તે ખાવાની પણ દરકાર કર્યા વિના માત્ર પ્રથમ રાજાને મળવાની આકાંક્ષાએ આગળ વધ્યા. આગળ વધ્યા તો રસ્તામાં જુદા જુદા દેશોની પાઘડીઓ, શાલો, કોટો, પાટલુનો વગેરે અનેક જાતનાં વસ્ત્રોની દુકાનો આવી. આ વસ્ત્રોનો પણ ઉપયોગ વિનામૂલ્યે હોવાથી કેટલાકો ત્યાં રોકાઈ પોતાને માથે કોઈ દક્ષિણી, તો કોઇ સોરઠી, તો કોઈ પંજાબી, એવી જાત જાતની પાઘડીઓ મુકવા લાગ્યા અને અરિસામાં જોવા લાગ્યા કે આ સારી હશે કે, આ સારી લાગે છે, કોઇ સાલો ઓઢવામાં ગુંથાયા, એ પ્રમાણે કપડાંનો ઉપયોગ કરવામાં રોકાઈ ગયા.

ઉપર પ્રમાણે નાટકશાળામાં સંગીત શોખીનો, નટ આગળ પ્રેક્ષકો, સુગંધી પદાર્થોની દુકાન આગળ સુગંધીના રસિકો, મીઠાઈની દુકાન આગળ મીઠાઈના સ્વાદીયાઓ, તથા વસ્ત્રની દુકાન આગળ વસ્ત્રોનો ઉપયોગ કરનારાઓ, પોતપોતાની જુદી જુદી પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે, અને હજી રાજાને મળવાને ઘડીઆળમાં નહિ જોતાં સમય છે, એવી માન્યતાવાળાઓને નગારાંનો ધ્વનિ કાને પડયો. આ અવાજ કાને પડતાં જ, જે જે પ્રવૃત્તિઓમાં તેઓ રોકાયેલા હતા, તે પ્રવૃત્તિ ભૂલી જઈ એક બીજાને પૂછવા લાગ્યા, કે કેટલો સમય થયો, તો ઘડીઆળમાં જુએ છે તો કોઇની ઘડીયાળમાં સાડાનવ તો કોઈની ઘડીઆળમાં દશ, આ પ્રમાણે સમય થએલો, અને કોણ રાજા થયો તેનો તપાસ કરતાં માત્ર એક યોગી કે જે પંચેન્દ્રિયના વિષય તરફ ન લલચાતાં વિરક્ત યોગદિશાનો સેવક હોવાથી, સવેળા રાજાને મળી રાજ્યભોક્તા થયો. આ દૃષ્ટાંતથી તાત્પર્ય સમજવાનું એ છે કે શરીર એક બગીચો છે, તેની અંદર આત્મા રાજા બિરાજે છે, તે રાજાને મળવાથી પોતાનું રાજ્ય (આત્મરાજ્ય) આપવાનો ઢંઢેરો જ્ઞાની પુરૂષોનાં

વચનદ્વારા, શાસ્ત્રદ્વારા ઉપદેશકો મારફત વાંચવામાં આવે છે કે, જેઓ પ્રમાદ તજી કોઈ પણ બાહ્ય વિષયમાં ન લલચાતાં, આત્મ સન્મુખ ગતિ કરી આત્મસ્વરૂપને ઓળખશે–મળશે, તેને આત્મરાજ્ય સહેલાઈથી મળી શકશે. આ શ્રવણ કરતાં ઘણાકો આત્મ સન્મુખ પ્રવૃત્તિ કરવા આતુર બન્યા છે, બને છે, અને બનશે. પણ દીલગીરીનો વિષય એ છે કે જેમ જેમ રાજ્ય મેળવવા આતુર બનેલા નાગરિકોએ નગર બાહેર નીકળી જુદા જુદા ઇન્દ્રિયના વિષયથી આકર્ષાઈ–લલચાઈ તેના તેના રસસ્વાદમાં લીન બની, પ્રમાદમાં કાળક્ષેપ કરી, રાજ્યપ્રાપ્તિનો લાભ ગુમાવ્યો, તેમ કેટલાકો સંપ્રદાયના લાલચુ, કેટલાએક શિષ્યોના લોભી, કેટલાએકો માનાકાંક્ષી તેમ જ કેટલાએકો તારકભાવ અને ગુરૂતા ભુલી જઈ, ઇન્દ્રિયલાલચુ બની, મહાન જંજાળ વ્હોરી, આત્મ સન્મુખ ગતિનો રોધ કરી, આત્મવિમુખ બની બેઠેલા જોઇએ છીએ. આપણે પણ તે જ પક્ષમાં અંતર્ભૂત થઇએ છીએ, તો જ્યાંસુધી ઇન્દ્રિયજીત બન્યા નથી, એટલે કે પ્રત્યાહાર સિદ્ધિ કરી નથી, ત્યાં-સુધી આત્મશક્તિના ઉદયનો લાભ થવાનો નથી. તેથી ફરી કહું છું કે, પ્રત્યાહાર સિદ્ધ કરવાની જરૂર છે, કે જેથી આત્મશક્તિના ઉદ-યનો લાભ તો મેળવવા શક્તિમાન થઇએ. પ્રત્યાહાર પછી વૃત્તિનિ-રોધ થઈ શકે છે.

योगश्चित्तवृत्तिनिरोधः એ મહર્ષિ પતંજલિપ્રણિત સૂત્ર છે. તે મહાત્મા ચિત્તવૃત્તિનિરોધને યોગ કહે છે. અહીં સર્વથા ચિત્તવૃત્તિ-નિરોધ લેવાનો નથી. તેમ કરવાથી શૂન્યતા પ્રાપ્ત થાય છે, તેથી અપ્રશસ્ત, પૌદ્‌ગલિક વૃત્તિનિરોધ લેવાનો છે એટલે કર્મ સંબંધને લઇને અંતઃકરણમાં કેટલીક વૃત્તિઓનો ઉદ્‌ભવ–પ્રાદુર્ભાવ સમજાય અને ન સમજાય તેવી રીતે થયાં કરે છે. જે વૃત્તિઓ પ્રાપ્ત કરેલ મનની એકાગ્રતાને ડોલાયમાન કરે છે, એટલું જ નહિ પણ કેટલીક

વાર આટલી સ્થિતિ સુધી પહોંચેલ આત્માનો અધઃપાત કરાવે છે. સ્થૂળ અને સૂક્ષ્મ વૃત્તિ લહેરીઓ અનેકધા અનેક સ્વરૂપે જળતરંગ ન્યાયે ઉત્પાદ નાશને પામ્યાં કરે છે, તેવી વૃત્તિઓને જ્ઞાનસહ મનોવ્યાપારથી સંયમવી, એટલે કે તેનો નિગ્રહ કરવો. એમ કરવાથી વિક્ષિપ્ત વૃત્તિઓ વ્યાવૃત્ત થઇ, શુદ્ધ વૃત્તિઓ આત્મલક્ષ્ય તરફ ઢળે છે, જેથી તેવા સંયમીઓ આત્મસ્વરૂપ નિરીક્ષણવ્યાપારપરાયણ બની પૂર્ણ સંયમી બને છે, અને ત્યાં બાહ્ય આત્મભાવ ટળી અંતરાત્મા પ્રકટે છે. જ્યાંસુધી શરીર અને કુટુંબાદિ ધન સંપત્તિ વગેરે ઉપર મમભાવ છે ત્યાંસુધી બાહ્યાત્માપણું કહેવાય. જૈનમાં શ્રેણિક રાજા વીર પરમાત્માનો પરમ ભક્ત હતો, અને ક્ષાયક સમ્યક્ત્વ જેણે પ્રાપ્ત કરેલ, પણ કોઇ પૂર્વ કર્મોદયથી તેના જ કોણિક નામના પુત્રે તેને એક પાંજરામાં કેદ કર્યો હતો, અને રોજ તેને ફટકાનો માર મારતો હતો. એક વખત માતાની સમજણથી પિતાનું પિતા તરીકે પુત્રને જ્ઞાન પ્રાપ્ત થયું, અને પશ્ચાત્તાપ સહ તે જ વખતે પિતાને પાંજરામાંથી છોડી લાવવાને એક કુઠાર ખભા ઉપર લઇ અવલંબી પાંજરા તરફ ધસ્યો. તે જોઇ શ્રેણિક રાજાના મનમાં તે જ પળે એવો વિચાર ઉપજ્યો કે તે જ કુહાડાથી મને મારી નાંખવામાં આવશે. આવા દારૂણ મોતે રીબાઇ રીબાઇને મરવું, તેના કરતાં આપઘાત કરીને મરી જવું તે વધારે સારૂં છે. એમ ધારીને પોતે તે જ વખતે જીભ કરડીને મરી ગયેલ છે. અહીં શ્રેણિક રાજા જેવા પવિત્રાત્માને પણ આત્મઘાત તરફ વૃત્તિ થઇ આવી, એટલે અંશે શરીર ઉપર મમભાવ હતો, જેથી તેટલે અંશે બાહ્યાત્માપણું તેવા પુરૂષોમાં માની શકાય. પણ સ્કંધક મુનિના શિષ્યોને ઘાણીમાં પીલી મારી નાંખ્યા તે વખતે તેમને કેવળજ્ઞાન થયેલ છે, પરંતુ સ્કંધક મુનિને પોતાના એક શિષ્ય ઉપર મમભાવ રહી જવાથી પોતે કેવળ-

જ્ઞાનથી બેનસીબ રહ્યા, તો ત્યાં તે જ સુચવી આપે છે કે તેમનું બાહ્યાત્માપણું ટળ્યું ન હતું, જ્યારે આ પુરૂષોને શરીર ઉપરથી મમભાવ ટળી ગયો હતો એટલે કે બાહ્યાત્માપણું ટળી ગયું હતું, તેથી શરીર અને આત્મા તેઓએ ભિન્ન માન્યાં હતાં; એવાં અનેક દૃષ્ટાંતો અત્રે રજુ કરી શકાય તેવાં છે; પણ સમયસંકોચને લઇને વૃત્તિનિરોધને અંતે અંતરાત્માપણું મેળવી શકાય છે, અને ત્યાં આત્મશક્તિ અમુક અંશે ઉચ્ચ સ્થિતિમાં ખીલી નીકળે છે, અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ તેવા પુરૂષોમાં યથાર્થ પ્રકટે છે.

મૈત્રી—મૈત્રી એ પ્રાણી માત્રને પોતાના મિત્ર તરીકે સમજવાનો સ્વભાવ છે, એ તેથી જ **आत्मवत् सर्वभूतानि यः पश्यति स पश्यति** એ મહાવાક્યના ઉપાસકો તેવા પુરૂષો બને છે.

પ્રમોદ—गुणाधिक्यं दृष्ट्वा यः प्रमोदति એટલે કે પોતાથી અધિક ગુણવાળા દેખી જે હર્ષ પામે-પ્રમોદ પામે, નહિકે ગુણાધિક્યને દેખી પોતાના હૃદયમાં ઇર્ષ્યાગ્નિ પ્રજ્વલિત કરે. આપણે તેવી ભાવનાના ગંધથી દૂર થઇએ, જેથી આપણા ઘણાઓમાં અધિક ગુણવાનોને દેખી ઇર્ષ્યા કરવાની ટેવ હોય છે, જેથી ઘણી વાર આપણે પોતે અધોગતિના ડરથી-ઇર્ષ્યાગ્નિથી આપણા આત્માની શક્તિને દહન કરીએ છીએ, એટલું જ નહિ પણ પોતાનું બગાડીને પારકાનું બગાડવાને તૈયાર થઇએ છીએ. આવી સ્થિતિ જ્યાંસુધી છે ત્યાંસુધી પ્રમોદ ભાવના એ શબ્દની સંભાવના કરવાને પણ આપણે લાયક નથી.

કારૂણ્ય—કારૂણ્ય ભાવના એટલે નિર્ગુણી અથવા દુર્ગણીને દેખી તેની ભવસ્થિતિ માટે દયા ચિંતવવી. આ દયા ભાવદયામાં આવી શકે છે. વીર પરમાત્માને માટે કહેવાય છે કે તેઓની એવી ભાવના હતી કે "સવિ જીવ કરૂં શાસન રસિ, એસી ભાવ દયા મન ઉલ્લસી." આ વાક્ય કેટલી બધી કૃપા અને મનની ઉદારતા જગતના પામર જીવોને માટે

સુચવે છે ? આ ભાવના ખરા ઉદાર હૃદયના મહાન નરોમાં હોઈ શકે, આપણે આપણા દુર્ગુણો તરફ દુર્લક્ષ્ય બની રહીએ છીએ અને પારકા દુર્ગુણોના દુર્ગંધી ટોપલાઓ શીરે વહી ફરીએ છીએ, તેવાઓએ આત્મશક્તિના ઉદય માટે ઇચ્છા કરવી તે પણ લજ્જાસ્પદ છે.

માધ્યસ્થ—માધ્યસ્થભાવથી સમભાવપણું પ્રાપ્ત થાય છે, એટલે સ્તુતિ કરનાર અથવા તો નિન્દા કરનાર ઉપર રાગ દ્વેષ પિશાચથી દુર રહી, મધ્યસ્થ દૃષ્ટિથી જોઇ શકે છે, તેથી તેવા મહાત્માઓ કે જેને **समलोष्टकांचनः, समतृणमणिः, समदुःखसुखः, वांसिचंदन समान दृष्टिः** પથ્થર અને સુવર્ણ સમાન છે, મણિ અને ઘાસ સરખાં છે, સુખ દુઃખ બન્ને એક સ્વરૂપે છે, ચંદન અને વાંસડો સમાન છે, એવા મધ્યસ્થ દૃષ્ટિવાળા મહાત્માઓ રાગદ્વેષ વિજેતાઓ બની શકે છે, તેથી માધ્યસ્થ ભાવના એ અતિ ઉત્તમ ભાવના ગણી શકાય.

આ ચાર ભાવના અંતરાત્મા પ્રાપ્ત થયેથી આવી શકે છે, એ આપણે પુનઃ યાદ રાખવાનું છે. અહીં આત્મશક્તિનો ઉદય એટલો બધો ઉચ્ચ થઇ જાય છે કે જેથી તેમની પ્રવૃત્તિ અમુક અંશે રાગદ્વેષ વિનાની રહે છે. જેથી તેઓ તત્ત્વરસિક બની જવાથી ઇન્દ્રિયોના વિકારી પદાર્થોમાંથી તાત્ત્વિક દૃષ્ટિએ તત્ત્વ નિહાળી, મુંઝાતા નથી, એટલે કે વિકારી પદાર્થો તેવા આત્માને અસર કરી શકતા નથી. દાખલા તરીકે એક મનુષ્ય દુગ્ધપાન કરે છે, બીજી તરફ એક ગાય ઓખર કરે છે, એ બન્નેને તેઓ સમાન પુદ્‌ગલ પરિણામને પામેલ એક જ પદાર્થનો આસ્વાદ લેનારા સમજે છે, કેમકે દુધનું પરિણામ વિષ્ટા છે અને વિષ્ટાનું પરિણામ દુધ છે, આવી સૂક્ષ્મ સમજણ જેનામાં હોય, તેઓને ઇન્દ્રિયોના વિષય વિકારો વિકૃતિ ક્યાંથી કરી શકે ? અહીંથી સામર્થ્ય યોગનો આરંભ થાય છે, અને જેથી તેવા જ્ઞાનીઓની પ્રવૃત્તિ તે જ સમવર, અને તેજ

ધર્મ મનાય છે. શાસ્ત્રોક્ત વિધિ નિષેધના નિયમો તેઓને લાગુ પડી શકતા નથી, કારણકે તેમનું વર્તન તત્ત્વચિંતનમય હોવાથી સ્વતઃ વિધિ પ્રતિષેધ રૂપે થઈ જાય છે. આટલી સ્થિતિ પ્રાપ્ત થયા પછી અહીંથી જ્ઞાનયોગની શરૂઆત થાય છે, જે હવે પછી પ્રસંગે હું તમોને સમજાવવા પ્રયત્ન સેવીશ. આજે સમય થઇ જવાથી હું આટલાથી વિરમું છું.

(પાંચમો દિવસ)

શ્રાતાઓ ! " આત્મશક્તિનો ઉદય " એ વિષય ઉપર બોલવા હું તમારા સન્મુખ પાંચમી વાર ઉભો થયો છું. વખતો વખત મારા તરફથી કહેવાઇ ગએલ છે કે આ વિષય જરા લંબાયો છે. આજે હું આ વિષયને પુરો કરવા ઇચ્છું છું. જોકે આપણે દરેક કર્મયોગ-ના અધિકારી છીએ અને બોલવાનું જ્ઞાનયોગ પરત્વે છે; ભલેને આ-પણે તે સ્થિતિમાં પ્રવેશ કર્યો નથી તોપણ પૂર્વ મહર્ષિઓના વચન-દ્વારા જે કંઇ સમજાયું છે તે કહેવાને અને સાંભળવાને એક રીતે આપણે અધિકાર ધરાવીએ છીએ એમ હું પુનઃ તમારી સ્મૃતિમાં લાવું છું, તે એટલા અંશે કે આપણને દરેકને એક વખત તે દિશા તરફ વહન કર્યા વિના છુટકો નથી. કર્મયોગ જે કંઈ આપણે સેવીએ છીએ તે પણ તેટલા માટે જ કે ક્રમશઃ કર્મયોગ ઉત્તરકાળ પ્રાપ્તવ્ય જ્ઞાનયોગમાં પ્રવેશ થાઓ. જો આ ઇચ્છા હૃદયાન્તરગત ન સ્ફુરતી હોય, તો કર્મયોગી રહી આગળ ન વધવાને આપણે સરજાએલા છીએ, એમ માનવું પડશે. તેમ જ કર્મયોગથી વિશેષ ફળપ્રાપ્તિ નથી એમ કારણ મળવાથી કર્મયોગને ઉતારી પાડનારા આપણે ગણાઇશું. એક સ્થાનમાં રહેલ મનુષ્ય ચઢીયાતા સ્થાનને નિહાળી, તે તરફ ગતિ કરવાને લલચાય, એ એક સાધારણ નિયમ છે તેથી જો જ્ઞાનયોગનું

માહાત્મ્ય, ને તે થકી પ્રાપ્તવ્ય ફળનું જ્ઞાન આપણને થશે તો તે યોગ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી શામાટે નહિ બની શકીએ ? આત્મશક્તિનો ઉદય એ વિષય જ આપણને બોધે છે કે જ્યાં પૂર્ણોદય માની શકાય ત્યાં વિરમવું જોઇએ, અને જ્યાંસુધી તે પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તે ઉદયને માટે આપણી ગતિ આગળ ને આગળ પ્રબળપણે કર્યા જ કરવી જોઇએ. આટલું કહી હું આજે જે કહેવા માગું છું તે તરફ તમારૂં લક્ષ ખેંચીશ.

જ્ઞાનયોગમાં પ્રવેશ થયેથી કર્મયોગ ગૌણ રહે છે. જ્યાંસુધી કર્મયોગની મુખ્યતા મનાતી ત્યાંસુધી જ્ઞાનયોગ ગૌણપણે કર્મયોગાન્તર રહ્યો હતો અને જ્યારે જ્ઞાનયોગની મુખ્યતા સ્વીકારાય છે ત્યારે ત્યાં કર્મયોગની ગૌણતા સ્વતઃ બની જ જાય છે. કેટલીક વાર વ્યવહાર દર્શીકોને કર્મયોગી અને જ્ઞાનયોગીની પ્રવૃત્તિમાં ભેદ પણ ન સમજાય તેમ બનવા સંભવ છે. કર્મયોગીઓમાં કેટલીક વાર આશાંકુરો રહેલા હોવાથી તેમની યૌગિક ક્રિયા સ્વાર્ગાદિક સુખને આપનારી થઈ પડે છે, જ્યારે જ્ઞાનયોગીઓનો આશય માત્ર આત્મશક્તિના ઉદય પરત્વે જ હોઇ તે જ ક્રિયા મોક્ષસુખસાધક બને છે. આ જ્ઞાનયોગની શરૂઆતની દિશા સમજવાની છે, નહિતો જ્ઞાનયોગીઓને બાહ્ય ક્રિયાની આવશ્યકતા વિશેષ રહેતી નથી. તેઓ સદા અપ્રમત્ત રહે છે, અને મન, વચન, કાયાના યોગોથી છેતરાતા નથી, બલ્કે તે, જ્ઞાનયોગવડે પોતાના સ્વાધીન રાખી શકે છે.

न ह्यप्रमत्तसाधूनां क्रियावश्यकादिक ।
नियताध्यान शुद्धत्वाद्यदन्यैरप्यदः स्मृतं ॥

ભાવાર્થ—તેઓનું ધ્યાન શુદ્ધ હોવાથી અપ્રમત્ત (પ્રમાદ રહિત) સાધુઓને આવશ્યકાદિક ક્રિયાની જરૂર નથી અને બીજાઓએ પણ તેમ જ સ્વીકારેલું છે.

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

ભાવાર્થ—જેની આત્મામાં જ રતિ (પ્રીતિ) છે તે જ માણસ આત્મતૃપ્ત હોઈ શકે છે અને આત્મામાં સંતુષ્ટ પણ તે જ હોય છે, તેવા મનુષ્યને બીજું કાર્ય હોતું નથી.

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥

ભાવાર્થ—તેવા આત્મનિષ્ઠને કાર્યથી અથવાતો અકાર્યથી કંઇ પણ પ્રયોજન હોતું નથી, તેમજ સર્વ પ્રાણીઓને વિષે આવા આવા આત્માનન્દીને કોઇ પણ અંગત સ્વાર્થ હોતો નથી.

अवकाशो निषिद्धोस्मिन्नरत्यानंदयोरपि ।
ध्यानावष्टंभतः क्वास्तु तत्क्रियाणां विकल्पनम् ॥

ભાવાર્થ—આને વિષે આનંદ નથી, આને વિષે પ્રીતિ નથી, એ નિષેધનો અવકાશ તેવા મહાન આત્માને રહેતો નથી. તેઓ સદા ધ્યાનાવલંબી હોવાથી તેઓને ક્રિયાના વિધિ નિષેધનો વિકલ્પ ક્યાંથી હોઇ શકે?

અત્ર સ્થાને કોઈ એવી શંકા કરશે કે આવા આત્મયોગીઓ શું સશરીરી હોવાથી શારીરિક ક્રિયા નહિ કરતા હોય કે? તો આવા શંકાશીલોએ સમજવું જોઇએ કેઃ—

देहनिर्वाहमात्रार्था यापि भिक्षाटनादिका ।
क्रिया सा ज्ञानिनोऽसंगान्नैवध्यानविघातिनी ॥

ભાવાર્થ—શરીરના નિર્વાહને માટે ભિક્ષા વગેરેની પ્રવૃત્તિ કરતાં છતાં તે જ્ઞાનીઓને તે તરફ અસંગભાવ હોવાથી તેવી ક્રિયાઓ ધ્યા-

નનો વિઘાત કરી શકતી નથી.

અહીં મહાત્મા શ્રી આનન્દઘનજીનું પદ આપણને મનન કરવા જેવું છેઃ—

એસેં પ્રભુ ચરણ ચિત્ત લાઓ મના—એસેં.
ઉદર ભરનકે કારણે, ગૌવાં વનમાં જાય,
ચારો ચરે ચીહું દિશિ ફરે, વાકી નજર બછરવા માંહે.
નટુઓ નાચે ચોકમાં, લોક કરે લખ શોર,
વાંસ ગૃહી વરતે ચઢે, વાકો ચિત્ત ન ચલે દુજી ઠોર.
સાત પાંચ સાહેલડી, હીલમીલ પાણી જાય,
તાલી દીએ ખડખડ હસે, વાકી નજર ગગરિયા માંહે.
જુગારી કે મનમેં જુગા, કામીકે મન કામ;
આનન્દઘન પ્રભુ યોં કહત હે, તુમ લીયે ભગવંતકા નામ.

જ્ઞાનીઓ–આત્મજ્ઞાની પુરૂષો આત્મરમણમાં રમતા હોવાથી અને તે જ તેમનું લક્ષ્યબિંદુ પ્રવૃત્તિપરાયણ દ્રશ્ય દ્રષ્ટિથી દેખાતાં પણ વસ્તુતઃ તેઓની આંતરંગિક વૃત્તિ સદા નિઃસંગ જ હોય છે, જે ઉપરનું પદ અનુભવગમ્ય દ્રષ્ટાંતોથી બતાવી આપે છે, તેમ જ અન્યત્ર પણ કોઇ મહાત્માએ કહ્યું છે કેઃ—

ज्ञानस्यैववा माहात्म्यं, वैराग्यस्यैव वा पुनः ।
यत्कोपि कर्मभिः कर्म भुंजानोपि न बध्यते ॥

ભાવાર્થ—જ્ઞાનનું અથવા કોઈ વૈરાગ્યનું માહાત્મ્ય જ હોય છે કે જેથી કેટલાએક કર્મવડે કર્મને ભોગવતાં પોતે કર્મથી બંધાતો નથી.

આ સુભાષિત મહાત્માઓનું કેવું વિલક્ષણ માહાત્મ્ય પ્રદર્શિત કરે છે ? જેઓનું અંતઃકરણ રાગદ્વેષરૂપ વિષમજ્વરથી રહિત થઈ ગએલું છે, તેવાઓને રાગદ્વેષજનક બાહ્ય પ્રવૃત્તિ હાનિકર્તા થઇ

શકતી નથી. ભલે તે અજ્ઞ–અલ્પજ્ઞ–મહાન્ યોગીઓનાં અંતઃકરણના અનભિજ્ઞ તેમનું બાહ્ય વર્તન નિહાળી, તેમના ત્યાગમાટે શંકાસેવન કરે, પણ તેથી તે શંકાસેવકો પોતાનું જ બગાડે છે, અને યોગીઓના યોગનું જ્ઞાન મેળવી શકતા નથી. કેટલાક તો પોતાની તથા પ્રકારની યોગ્યતા તપાસ્યા વિના અધિકાર ભૂલી જઇને યોગીઓની પ્રવૃત્તિનું સેવન કરવા જાય છે, અને તેથી ઉભયભ્રષ્ટ બની અધોગતિના પાત્ર થાય છે. તેથી "ગુરૂ કહે તે કરવું, પણ ગુરૂ કરે તે ન કરવું" એ કહેતી સકારણ પ્રચલિત થયેલી લાગે છે, અને તે સમજાય તેવી વાત છે, કેમકે પ્રવૃત્તિવિલક્ષણતા ન હોય તો ગુરૂ શિષ્યમાં ભેદ શો ? હાલમાં કેટલાક શિષ્યો તરત જ ગુરૂ બનવા જાય છે, અગર તો ગુરૂ જેટલું માન લેવા જાય છે; તેઓ પોતે પોતાની યોગ્યતા ખોઇ બેસે છે અને સર્વત્ર અપમાનને પાત્ર ઠરે છે. પેટ ભરવા માત્રમાં જો ગુરૂતાની કિંમત અંકાતી હોય તો, પેટ તો કુતરા બિલાડા પણ ભરે છે. માટે ગુરૂ તે ગુરૂ અને શિષ્ય તે શિષ્ય એ ભેદ અનાદરણીય નથી.

અત્ર એક કહેવાનું પ્રચલિત દૃષ્ટાંત તમારા સન્મુખ રજુ કરીશ, જેમાંથી માત્ર સાર શું છે તે જ તમારે ગ્રહણ કરવાનો છે.

એમ કહેવામાં આવે છે કે શંકરાચાર્ય પોતાના બે ચાર શિષ્યો સહ રહેતા હતા. તેમાં પોતે અનેક મિષ્ટાન્ન ભોજન કરતા હતા અને શિષ્યોને શુષ્ક નીરસ ભોજન કરાવતા હતા. આથી શિષ્યોએ દુઃખિત થઇ શંકરાચાર્યને કહ્યું કેઃ મહારાજ! અમો આવા નીરસ ભોજનથી કંટાળ્યા છીએ, આપ જે જમો છો તે ભોજન અમારા માટે શું કામ ન હોય ? આમ પંક્તિભેદ કરવો આપ જેવાને યોગ્ય નથી. શંકરાચાર્યે શિષ્યને બોધ ખાતર, શિષ્યોસહ બજારમાં ગયા, ત્યાં એક સુવર્ણકારની દુકાને તામ્રરસ ઉકળતો હતો તેમાંથી એક ચંબુ તામ્ર

રસ શંકરાચાર્યે પીધો; અને પછી શિષ્યોને કહ્યું કે થોડોક તમે પીઓ. શિષ્યો કહેવા લાગ્યાઃ મહારાજ, અમો તો મરી જઇએ. આ કેમ પીવાય ? ત્યારે શંકરાચાર્યે શિષ્યોને કહ્યું કે જેને રસ પીવાની, પચાવવાની શક્તિ છે તે જ મિષ્ટાન્ન ભોજન કરી શકે છે, કેમકે તેમને બન્ને સમાન છે. તમો આ રસના અધિકારી નથી તેમ તે ભોજનના અધિકારી નથી. આ ઉપરથી શિષ્યોને જ્ઞાન આવ્યું અને પોતાના અધિકારના જ્ઞાતા બન્યા. માટે સમર્થ યોગીઓની દશા સદા અલૌકિક હોય છે, કેમકે તે દશામાં જ્ઞાનયોગની મુખ્યતા હોય છે.

આટલી હકીકત તમારા લક્ષ ઉપર મૂક્યા પછી જ્ઞાનયોગની શરૂઆત ધારણાથી થાય છે, એમ આપણે અત્ર સ્થળે સ્વીકારીએ. ધારણાની વ્યાખ્યા "**विचारविक्षोभनाशः**" અથવા "**विचार वितर्कनाशः**" એટલે વિચારના વિક્ષોભનો નાશ અથવા વિચાર વિતર્કનો નાશ એ ધારણા કહી શકાય. કોઇ પણ પદાર્થનું જ્ઞાન થતાં પહેલાં મનમાં વિચાર વિનિશ્ચય ન હોવાથી અનેક વિકલ્પો અને વિતર્કોનો સમુત્થાન પુનઃ પુનઃ અનેકધા થાય છે, અને તેથી ઘણી વાર તેવા વિતર્કો અને વિકલ્પોમાં ગુંચવાઇ જઈ મનુષ્ય એક નિર્ણય ઉપર આવી શકતો નથી. આવી દિશાનો અનુભવ આપણને ઘણાઓને હોવો જોઇએ. દુનિયામાં વિચારશીલ પ્રાણી ઘણી વાર એક જીવનમાં અનેક રૂપ સ્વીકારે છે, અનેક ભૂલ કરનારા બને છે, એટલું જ નહિ પણ સંસર્ગદોષોમાં તણાઈ જઈ, કેટલાએકો પોતાની મૂળ સ્થિતિ ભૂલી જાય છે. સાથે સાથે કહેવું પડે છે કે કેટલાએકો તો જીંદગીના છેડાસુધી એકકર્તવ્યનિષ્ઠ બની શકતા નથી, ત્યારે કેટલાએકો એવાઓ પણ નિહાળી શકીએ છીએ કે, જેઓ અનેક દર્શનોમાં અટન કરતાં કોઇ સ્થળે પણ શાંતિ સેવતા માલૂમ પડતા નથી, તેથી ધર્મની શોધખોળમાં પોતાની જીંદગી સમાપ્ત કરે છે.

આ બધું વિચારવિક્ષોભ અને વિચારવિતર્કથી બને છે. અત્રે હું એમ કહેવા માગતો નથી કે માણસજાતીએ બુદ્ધિવ્યાપાર વિના રહેવું, પણ એટલું તો કહી શકીશ કે વિચારો તે ચોક્કસ નિર્ણયને માટે કરવા તે જ સાર્થક છે, અને તે નિર્ણય પૂર્વે વિતર્કોની હસ્તી હોઈ શકે છે. જ્યારે આપણે એક વસ્તુને યાથાતથ્ય સમજી શકીએ છીએ ત્યારે ત્યાં આપણી તત્સંબંધી વિચારમાળા પરિસમાપ્ત થાય છે અને તે સમજાએલું યાથાતથ્ય **इत्थमेव** "એમ જ છે" એમ વિચાર વિનિશ્ચય થયા અનંતરનું જ્ઞાન–સમજણ તેને આપણે ધારણા કહીશું, અને પ્રસ્તુત વિષયમાં આ જ વ્યાખ્યા સુષ્ઠુ માની શકાય. મહર્ષિઓ આત્મશક્તિના ઉદય તરફ બદ્ધકક્ષ થએલાઓના હૃદયમાં આવી ધારણા પ્રગટ થાય છે જેથી તેઓ સાંયોગિક, અનિત્ય, માયિક, કલ્પિત, અયથાર્થ, રાગદ્વેષ ઉત્પાદક પદાર્થોમાં સત્યતા નિહાળતા નથી. તેથી જે સત્ય હોય તેને માટે જ તેઓ તર્ક કરે છે–મનન કરે છે, અને તેને અંતે પદાર્થ વિનિશ્ચય કરી "આ જ સત્ય છે" એમ છેવટના નિર્ણય ઉપર આવી ટકે છે.

ધારણા સુધીમાં પણ વિકલ્પોનો ઉદ્‌ભવ હોઇ શકે છે. દાખલા તરીકે એક પરમાણુને પરમાણુ સ્વરૂપે યથાર્થ વેદી, તત્સંબંધી ચોક્કસ ધારણા નિર્ણીત થયા બાદ પરમાણુમાં રહેલ વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપે વિકલ્પોત્થાન રહે છે, જ્યારે એમાંથી પણ એક જ ધર્મ ઉપર, એક જ ગુણ ઉપર બદ્ધદષ્ટિ થઇ જાય છે ત્યાં વિચાર વિતર્કોનો સમુત્થાન વિરામ પામે છે, અને આવી ઉત્તમ દિશા પ્રાપ્ત થયેથી જ ધ્યાતા ધ્યાનનો અધિકારી બની શકે છે.

ધ્યાન—ધ્યાનમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રિપુટી ઉભી થાય છે. પ્રસંગોપાત અત્ર જણાવવાની આવશ્યકતા છે કે ધ્યેય વસ્તુનું ધ્યાન ધ્યાતા બે પ્રકારના ઉદ્દેશથી કરી શકે છે. એક તો માત્ર

વિચારમાં સૂક્ષ્મરૂપે રહેલી પણ ચંચળતાનો નાશ કરવા માટે, કેમકે સામાન્ય ન સમજી શકાય તેવી આંતરંગિક ચંચળતા કેટલીક વાર ધ્યાનીઓને વિભ્રમમાં નાંખી–અથવાતો પ્રલોભમાં લલચાવી ત્યાંથી અટકાવે છે અગર પતિત કરે છે, જે તથા પ્રકારના સંજોગોના સદ્ભાવે જ બની શકે છે. તેથી જ આપણે શાસ્ત્રોમાં ઘણી વાર કેટલાએક મહર્ષિઓને માટે વાંચ્યું છે અને સાંભળ્યું છે કે જેઓ વિજન સ્થળમાં ગહ્વર ગુહાઓમાં રહી ધ્યાન સેવનારા હોવા છતાં, સંજોગોના સદ્ભાવથી ધ્યાન પ્રચલિત બન્યા છે, તેથી તેવી ચંચળતાના નાશને માટે નિર્વિશેષણવાળું કોઇ પણ ધ્યેયને લક્ષી ધ્યાતા ધ્યાન કરી શકે છે, જેથી એકત્વ સિદ્ધ કરી શકાય છે. બીજી રીતે ધ્યેય સ્વધર્મી ગુણાધિક્ય હોય તેનું જ ધ્યાતાએ ધ્યાન કરવું જોઇએ. જે ધ્યેયથી ધ્યાતા ધ્યાનદ્વારા સમાન ધર્મતા નિહાળી ધ્યાતા ધ્યેય ધ્યાનની ઐક્યતા કરી ધ્યેયનો લય પોતામાં કરી ધ્યેયવત્ બની શકે છે. આંહી મહાન્ કવિનું એક વચન હું તમોને યાદ આપીશ.

અરિહંત પદ ધ્યાતાં થકાં, દ્રવ્ય ગુણપર્યાય,
ભેદ છેદ કરી આત્મા, અરિહંત રૂપી થાય.

ભાવાર્થ—અરિહંત એ પદનું ધ્યાન દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી, ધ્યાતાં, કરતાં આમ વિચારી શકે છે કે અરિહંત એ આત્મ દ્રવ્ય છે તો હું પણ આત્મ દ્રવ્ય છું, અરિહંતમાં જ્ઞાન દર્શન ચારિત્ર વગેરે ગુણો છે, તો તેવા ગુણો અમુક અંશે મારામાં હું નિહાળી શકું છું, અને જેટલા અંશે નથી જોઇ શકતો તેટલાના આડે કર્માવરણો રહેલાં છે. એ આવરણોને દુર કરી જો હું મને પોતાને નીહાળું તો જે અરિહંતમાં ગુણો છે તે જ મારામાં છે. જ્ઞાન દર્શન ચારિત્રના પર્યાયોનું પરાવર્તન અરિહંતમાં પણ થાય છે; દાખલા તરીકે સામાન્ય વિશેષ ધર્મવાળા દરેક જ્ઞેય પદાર્થો છે, જ્યારે સામાન્ય ધર્મનું જ્ઞાન

અરિહંતને હોય છે, તો તે સમયે તેઓ દર્શન ગુણને ઉપયોગમાં લગાડે છે. જ્યારે વિશેષ ધર્મનું જ્ઞાન હોય છે, ત્યારે જ્ઞાન, ઉપયોગનું વહન કરે છે. આમ સમયપરત્વે જ્ઞેયાશ્રિત પર્યાયોને લઇને અરિહંતમાં જ્ઞાનદર્શનના પર્યાય અવારનવાર ફર્યા કરે છે. એક સાદું દષ્ટાંત બીજું આપણે લઇએ કે, એક ઘટ છે, જે ઘટને ઘટરૂપે આપણે જાણી શકીએ છીએ, તે ઘટ ત્યાંથી કોઇ લઇ જાય અથવા તો તેનો કોઈ વિનાશ કરી નાંખે ત્યારે તે જ ઘટજ્ઞાન ઘટાભાવ રૂપે અથવા ઘટધ્વંસરૂપે ઠીકરાં રૂપે બદલાઇ જાય છે. આમ પર્યાય મારામાં પણ હું જોઇ શકું છું. દ્રવ્યથી ગુણથી પર્યાયથી અરિહંતમાં અને મારામાં હું કંઇ પણ ભેદ જોઇ શકતો નથી. જેવા અરિહંત તેવો હું જ છું. એમ ધ્યાતાને સ્વસ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયેથી, સેવ્ય સેવક, પૂજ્ય પૂજક, ધ્યાતા ધ્યેયની ભાવના ટળી, ભેદનો છેદ કરી, ધ્યાતા પોતે અરિહંત સ્વરૂપે બની શકે છે. આંહી આપણને એક દ્રષ્ટાંત આ હકીકત સમજવામાં અને સમજાવવામાં સાધનરૂપ થઇ પડશે.

બકરાંઓને ચારનાર એક રબારીના હાથમાં અકસ્માત્ જંગલમાંથી સિંહનું બચ્ચું હાથ લાગી આવ્યું, જે અતિ રમણીય–મનોહર લાગવાથી રબારીએ સ્વપુત્રવત્ ગૃહે લાવી પાલણ પોષણ કરવું શરૂ કર્યું. બાલસિંહ બકરાંઓના ટોળામાં બકરાંઓનાં બચ્ચાંઓ સાથે રમત કરવા લાગ્યો. કાળના વહન સાથે તે બાલસિંહ યુવાવસ્થાને પ્રાપ્ત થયો, છતાં પણ બકરાંઓના ટોળાંઓ સાથેનો સદાનો સહવાસ હોવાથી હું પણ એક બકરૂં છું એમ માની સ્વસ્વરૂપથી અજ્ઞાત રહી સ્વશક્તિનો પોતાનામાં નિરાવરણ સદ્ભાવ છતાં તેના ઉદરનું જ્ઞાન તે કાલીય પોતામાં ન હોવાથી તે સિંહ બકરાંઓ સાથે બકરૂં બની રહેવા લાગ્યો. એક દિવસ જંગલમાંથી કોઇ સિંહ આવી ચડયો, જેના સિંહનાદથી બકરાંઓમાં મોટો ગભરાટ પે

થયો, જે ગભરાટમાં ભાગ લેનાર બકરાંઓની સાથે રહેનાર સિંહ પણ તેવો જ બન્યો. અકસ્માત્ તેની દૃષ્ટિ આગન્તુક સિંહ ઉપર પડી. તે સિંહના દર્શનથી પોતાને પોતાના સ્વરૂપનું સામાન્ય ભાન પ્રાપ્ત થયું, અને હું કોણ છું, એ જાણવાને માટે તર્ક વિતર્કોને અવકાશ મળ્યો, જેથી વધારે વધારે ચીવટથી ક્ષણેક પોતા તરફ અને ક્ષણ આગન્તુક સિંહ તરફ નિહાળવા મંડયો. દર્શક સિંહને દ્રસ્ય સિંહના યથાર્થ દર્શનથી હું આના જેવો છું એવું જ્ઞાન પ્રાપ્ત થતાં, જે ટોળામાં હું છું તે માંહેલો હું નથી, તે મારાં નથી, એટલાસુધીમાં મારી મિથ્યા માન્યતાને મિથ્યા-રૂપે–ભ્રાન્તિરૂપે હવે હું સમજી શકયો છું, એમાં જે શક્તિ છે તે મારામાં છે. બકરાંઓએ મને ઓળખ્યો નથી, મેં બકરાંઓને ઓળખ્યાં નથી. આ અન્યો અન્યના અજ્ઞાનથી આટલો કાળ નિર્ગમન થયો. હવે હું સિંહ છું, મારામાં સિંહશક્તિ છે, જે શક્તિ પહેલાં પણ મારામાં હતી. માત્ર હું મારી શક્તિને જાણી શકતો નહોતો, તેથી આ ક્ષણે મારામાં સિંહશક્તિનો ઉદય થયો છે એમ જે માનવું એ માત્ર મનને સમજાવવા–ફોસલાવવા માટે ભલે હો, ખરી રીતે તો જે શક્તિ હતી તેનો ઉદય હતો જ, પણ તે તરફ લક્ષ ન હોવાથી તેનું જ્ઞાન મને ન હતું, હવે હું મારી શક્તિનો જ્ઞાતા થયો છું, તેથી જે આગન્તુક સિંહની દશા તે જ મારી દશા, તેનું કર્તવ્ય તે જ મારૂં કર્તવ્ય, તેનો ધર્મ તે જ મારો ધર્મ, તેનો ગુણ તે મારો ગુણ, તેનું શરીર તેજ મારૂં શરીર, એમ સ્વીકારી સમજી તરત જ બકરાંઓના ટોળામાંથી છુટો પડી જઈ ઇચ્છિત દિશાએ અરણ્યમાં પોતાનું સ્વ-તંત્ર ગમન સ્વીકાર્યું. તેમ આપણે સમજવું જોઇએ કે સમાનધર્મી જ્ઞેયને ધ્યેયથી બાળસિંહ–બકરાંના ટોળામાં રહેલા સિંહ માફકની સંસારી જીવ પોતાની આત્મશક્તિનો જે સદોદય જ છે તેને પોતે અજ્ઞાનથી સમજી શકતો ન હોવાથી, જ્યારે તથા પ્રકારના ધ્યેયને

ધ્યાતા બની ધ્યાન કક્ષામાં અંગીકાર કરે છે ત્યારે ધ્યાતા ધ્યેયની સમાનતા પોતામાં નિહાળી ધ્યેયવત્ બને છે. મતલબ કે આત્મશક્તિ જે આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, એ ચતુષ્ટયરૂપે અનન્તી છે, તે શક્તિનો જ્ઞાતા બની, એના ઉદયને નિહાળી, તદનુકૂળ આત્મારામાનંદ સ્વતંત્ર વિહારી બને છે.

આ સ્થળે જાણવું જોઇએ કે આ દિશાએ પહોંચ્યા પછી આત્મા પૂર્ણ સમાધિસ્થ બને છે. સમાધિની વ્યાખ્યા અત્રે આપણે એટલી જ સ્વીકારીશું કે આધિ એ મનોવ્યથા કહેવાય છે, જે વ્યથા રાગ દ્વેષને લઇને હોઇ શકે છે. અત્ર સ્થળે રાગ દ્વેષનો નાશ થઇ જવાથી સમભાવ પ્રાપ્ત થાય છે એટલે એક જાતની વીતરાગ દશા પ્રાપ્ત થાય છે, અને તે દિશા સેવનાર પવિત્રાત્મા સમાધિસ્થ આત્મા ગણી શકાય છે. તદનંતર તત્કાળ જેને આપણે કેવળ જ્ઞાન કહીએ છીએ, તે જ્ઞાન સંપૂર્ણ આત્મામાં પ્રકાશે છે, અને તેની સાથે જ બાકીની ત્રણ શક્તિ, જેને આપણે દર્શન, ચારિત્ર અને વીર્યના નામથી ઓળખી ગયા છીએ તે પણ પૂર્ણ સ્વરૂપે પ્રકાશે છે, એટલે આંહી શક્તિ ચતુષ્ટયનો પૂર્ણોદય થાય છે, જે ઉદયને આપણે ઉદયનું જ્ઞાન કહીશું. કેવળ જ્ઞાનને જુદા જુદા દર્શનોવાળાએ જુદા જુદા સ્વરૂપે સ્વીકારેલું છે, જેનું પ્રથક્કરણ કરવાને અત્રે હું આવશ્યકતા જોતો નથી. માત્ર શ્રોતાઓ સન્મુખ એટલું જ જણાવવા ઇચ્છું છું કે આપણને આપણી આત્મશક્તિનો ઉદય પ્રાપ્ત કરવો હોય તો તેને માટે ક્રમશઃ પાંચ વખતનાં ભાષણો દ્વારા તમારા આગળ યથામતિ જે ક્રમ બતાવવામાં આવ્યો છે, તે ક્રમને અવલંબી આપણી શક્તિના ઉદયને માટે આપણને પ્રયત્નશીલ બનવાની જરૂર છે. ગમે ત્યારે આપણને તે મોડું વહેલું કર્યા વિના છુટકો નથી, ત્યાંસુધી તે વિના બીજી રીતે આપણે શક્તિના ઉદયને મેળવવાની ઇચ્છા રાખવી, એ વાંઝણીથી પુત્ર જણાવા જેવું છે,

એટલું કહી ફરી હું મારા મુખ્ય મુદ્દા ઉપર આવું છું કે, કેવળ જ્ઞાન થયા પછી શરીર રહે છે, અને જેથી શારીરિક પ્રવૃત્તિ, શારીરિક ધર્મ કેવળજ્ઞાનીઓને વિધિ પ્રતિષેધ રૂપે કેટલાએક સ્વીકારવા પડે છે, એટલેકે સેવવા પડે છે. તદનંતર તેઓ યોગરૂંધન કરી, અયોગી બની મુક્ત થાય છે, જેને આપણે મોક્ષ કહીએ છીએ. જે મોક્ષાવસ્થા અક્ષર, અમર, અચળ, અજર, અવ્યાબાધ, અનન્ત સુખાત્મક હોય છે, જે સુખનું ભાન કરાવવા માટે આપણી પાસે કંઇ પણ સાધન નથી, એટલે કે આ સંસારમાં એવી એકે સુખની ઉપમા નથી, કે જે સુખની ઉપમા સાથે મોક્ષ સુખની ઉપમા આપી શકીએ. સાદી અને ટુંકી બુદ્ધિવાળા પુદ્‌ગલાનન્દી આત્મિક સુખના બીનઅનુભવીઓને સહજ પ્રશ્ન ઉઠશે કે જ્યાં ખાવું નથી, પીવું નથી, વસ્ત્ર નથી, અલંકાર નથી, ત્યાં શું સુખ હશે ? તેઓને મારે કહેવું જોઇએ કે તેઓ જે સુખને માની બેઠેલા છે, તે વસ્તુતઃ સુખ નથી, કેમકે જેને પ્રાપ્ત કરતાં દુઃખની પરંપરા વેઠવી પડે છે, જેનો નાશ થયેથી શોકસાગરમાં નિમગ્ન થવું પડે છે. વચલા કાળમાં ક્ષણિક માની લીધેલા, માગેલા અલંકારથી વિભૂષિત થવા જેવા સુખને સુખ માનવું, એ એક જાતની મોટામાં મોટી અજ્ઞાનતા છે, જે વિચાર કરવાથી સમજી શકાય તેમ છે. જેને જેની પ્રાપ્તિ છે, તેને પ્રાપ્ત કરતાં કેટલી અગવડતા વેઠવી પડે છે તેનું જ્ઞાન હોતું નથી, પણ જેની પાસે જે નથી તેવાઓને આપણે જો જઈ પૂછીશું કે આ વસ્તુને મેળવતાં કેટલું કષ્ટ સહન કરવું પડે છે તો તે જ તેનું યથાર્થ વર્ણન અનુભવસિદ્ધ બીજાઓને બતાવી શકશે. તેમ કેટલાએકો આ હકીકતને ન સમજી શકે તો તેવાઓએ સમજવાને માટે બીજાઓનો આશ્રય લેવા હું ભલામણ કરૂં છું. મોક્ષસુખ એવું અપૂર્વ સુખ છે કે જે સુખનું જ્ઞાન તે તરફ જેમની દૃષ્ટિ ઢળી છે તેઓ જ અનુભવથી સામાન્યતઃ સમજી શકે તેમ છે. અનુભવ-

ગમ્ય વિષય અનુભવથી જ સમજાય છે. વાણીનો ઉપયોગ ત્યાં નિરર્થક છે. આંહી મોક્ષસુખનું જ્ઞાન કરાવવા આપણી પાસે સાધન નથી, એ હું પહેલાં કહી ગયો છું તે જ વાત વધારે સ્પષ્ટ કરવા તમારા સન્મુખ એક દૃષ્ટાંત રજુ કરીશ.

કોઇ એક રાજા કેટલાએક માણસો સાથે જંગલમાં શીકાર અર્થે નીકળેલો હતો. શીકાર પોતાની દૃષ્ટિએ પડવાથી તે તરફ અશ્વને દોડાવ્યો, જેથી તે પોતાના સાથીઓથી ધીચ જંગલમાં છુટો પડી જઈ ઘણે દૂર નીકળી ગયો. શીકાર હાથ આવ્યો નહિ. સૂર્યના પરિતાપથી અને લાગેલા પરિશ્રમથી એટલી બધી તૃષા રાજાને પીડા કરવા લાગી કે જો તત્કાળ તેને કોઇએ જળ ન આણી આપ્યું હોત તો તેના પ્રાણ નીકળી જવા સંભવ હતો, પણ પુણ્યોદયવશાત્ એક ભીલ તેની નજરે પડયો અને તેણે સંજ્ઞાથી પાણી માગ્યું. ભીલે તરત સમજી જઈ થોડા દૂર રહેલા જળાશયમાંથી એક પડીયામાં પાણી લઇઆવી રાજાના પ્રાણ જતા બચાવ્યા. થોડા વખતમાં તેના સાથીઓ પણ આવી મળ્યા. રાજા પોતાના પ્રાણ બચાવનાર ભીલને ઉપકારનો બદલો વાળવા પોતાની સાથે લઇ, શહેરમાં આવ્યો, અને તે ભીલને એક મનોહર મેહેલમાં સુવ્યવસ્થાએ સારા નોકર ચાકરોની સંભાળ હેઠળ રાખ્યો, જે વિધવિધ વસ્ત્રાલંકારથી વિભૂષિત બનેલો, અને નવ નવ પ્રકારનાં ભોજનોનો આસ્વાદ લેતો પોતાનો કાળ આનંદથી નિર્ગમન કરવા મંડયો. જ્યારે ચોમાસું આવ્યું, આકાશમાં ગાજવીજ થવા લાગી અને જળકણ મિશ્રિત શિતળ વાયુ લોકોને આનંદ આપવા લાગ્યો તે વખતે તે ભીલને પોતાનું જંગલ, પહાડ, પહાડનાં શિખરો અને લીલી લીલોતરી અને ત્યાંની ક્રીડા યાદ આવી, જેથી તરત જ કોઇને પણ કહ્યા વિના રાત્રિમાં નાશી તે પોતાનાં સગાં અને કુટુંબીઓને જંગલમાં આવી મળ્યો. ઘણા વખતે વિલક્ષણ

વેશે આવી મળેલા ભીલને કૌટુંબિકો જુદી જુદી રીતે પૂછવા મંડયા કે, તું કયાં ગયો હતો ? કેવા ઘરમાં રહેતો હતો ? એ શહેર કેવું હતું ? તું શું ખાતો હતો ? અને તેનો સ્વાદ કેવો હતો ? વગેરે વગેરે પ્રશ્નોના ઉત્તરમાં જંગલમાં જંગલી ભીલોને સમજાવવા ખાતર કંઈ પણ સાધન ન હોવાથી તેને ઘણી મુંઝવણ આવી લાગી. છેવટ જેવી તેવી ઉપમાઓથી પોતાના કૌટુંબિકોના પ્રશ્નોનો ખુલાસો કર્યો. છેવટ ખોરાકના સંબંધમાં એમ કહેવું પડયું કે આપણી બોરડી કે જેનાં બોર મીઠાં છે એવી મીઠાઈ હુ શહેરમાં ખાતો હતો. ખરી રીતે તે તે ઉપમા સત્ય ન હતી. કયાં મીઠાઇનો સ્વાદ? અને કયાં બોરનો સ્વાદ ? પણ નિરૂપાયવશાત્ સમજાવવાના સાધનના અભાવે એને બીજો રસ્તો સૂજ્યો ન હતો. તેમ જ્ઞાની પુરૂષોએ મોક્ષસુખનું સ્વરૂપ જાણ્યું છે, છતાં આપણા જેવાઓને સમજાવવા કોઇ પણ પ્રકારનું સાધન ન હોવાથી, તેઓ એટલું જ કહી શકયા છે કે મોક્ષમાં અનંતા સુખ છે, જે સુખની ઉપમા આ સંસારમાં નથી.

હવે એટલું કહ્યા પછી આ વિષયને પરિસમાપ્ત કરતાં આપણે ઇચ્છીશું કે આપણી દરેકની એવી સુમતિ થાઓ કે જેથી ભ્રાન્તિ-જ્ઞાન (અજ્ઞાન) ટળી, યથાર્થ જ્ઞાનદૃષ્ટિ આપણામાં પેદા થાઓ, અને સંસારના કટુક વિપાકોથી આપણને ખરો કંટાળો આવો કે જેથી આપણું વલણ અને આપણી પ્રગતિ આત્મશક્તિના ઉદય તરફ વળો, એટલું કહી સાથે સાથે છેવટ હું જણાવું છું કે મારાથી બોલાયેલા વિષયમાં મેં જે ક્રમ અંગીકાર કર્યો છે અને જે વ્યાખ્યા કરી છે તે મહર્ષિઓનાં વચનોની પ્રસાદી છે. આપણા કેટલાએકોમાં કંઇક એવો આગ્રહ બંધાઈ ગએલો હોય છે કે શાસ્ત્રો અને શાસ્ત્રોના શબ્દો, ને તેમાં લખાએલી વ્યાખ્યા માત્ર સ્વીકારવી. જો કે પ્રથમ દર્શને જિજ્ઞાસુઓને માટે તે ઉપયોગી છે, પણ જ્યારે તેથી આપણે કંઇક સમજતાં

શીખીએ તો તે પછી શાસ્ત્ર સહાયથી ઉત્પન્ન થએલા વિચારો બીજા રૂપમાં, બીજી ઢબમાં, અથવા તો ચાલતી ભાષા શૈલીમાં મૂકી શકીએ તો તે શાસ્ત્રસંમત જ છે, એમ સમજુવર્ગે માનવું જોઇએ. જો આમ ન કરીએ તો પછી આપણે સદા જે શબ્દો શાસ્ત્રોમાંથી ગોખેલા છે તેને જ પકડી રાખી તેટલા જ પ્રદેશમાં ગતિ કરી શકીશું. આગળ વધવું તેમ કરવાથી બનશે નહિ, માટે બુદ્ધિમાનોએ મનન કરવું, વિચારવું, અને આગળ ને આગળ વધતા જ જવું. પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસીઓ પણ વધારે ઉત્તમ રીતે નૂતનશાસ્ત્રના કર્તા બન્યા છે, અને બને છે. આ નિયમ સર્વગ્રાહ્ય છે. આટલું બોલી "આત્મશક્તિનો ઉદય" એ વિષય યથામતિ આજે હું પૂર્ણ કરી વિરમું છું.

તા. ૨૧-૨-૧૩ શુક્રવાર.

સમાપ્ત

પુણ્ય પ્રભાવ.

૭ (ભાગ ૧-૨) આ ગ્રંથ કોઇ નવીન કલ્પના-રૂપે નથી પણ જાણીતી જૈન કથા "સમરાદિત્ય" નું જમાનાને અનુસરતું એક આકર્ષક અવતરણ છે. આ કથામાં વૈરાગ્ય અને કરૂણારસને એવો તો ફતેહમંદ રીતે પોપવામાં આવ્યો છે કે એની બરાબરીમાં આજ સુધીમાં કોઇ ગ્રંથને મુકી શકાયોજ નથી. દરેક ભાગની કિં. રૂ. ૧- ૦-૦

૮ પ્રદ્યુમ્ન ચરિત્ર-ભાગ ૧-૨ કિં. રૂ. ૧- ૧-૦

૯ પાંડવ પ્રબોધ-ભારત વર્ષમાં પ્રખ્યાતિ પામેલ પાંડવો અને કૌરવોના ચરિત્રનો આ ઉત્તમ ગ્રંથ આદિથી અંત સુધી વાંચવા ભલામણ કરીએ છીએ. ... ... કિં. રૂ. ૧- ૮-૦

૧૦ ત્રિપષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર ... ... કિં. રૂ. ૯- ૦-૦